
॥હરિઃૐ॥

# પ્રેમ



- પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃ ૐ ॥

## પૂજ્ય શ્રીમોટા

વિરચિત

# પ્રેમ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૧૨ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૩૪ + ૩૩૮ = ૩૭૨

❑ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે નડિયાદ આશ્રમના નિમિત્તે સંકળાયેલા અને શરૂઆતથી જ શ્રદ્ધા અને લાગણીની ભાવના થકી એકદિલ થઈને જીવનારા, જેઓ અંતઃસ્ફુરણાના બળે પૂજ્યશ્રીનાં દર્શને નડિયાદ પહોંચે ત્યારે સામેથી પૂજ્યશ્રી કહેતા, 'આવી ગયો ભઈલા, હું તારી જ રાહ જોતો હતો.' જેઓ પૂજ્યશ્રીનાં દર્શન પામી સતત રડ્યા જ કરતા, પૂજ્યશ્રીનાં ચરણોમાં હાથખર્ચીની રકમ પણ સમર્પિત કરી દેતા, અને પૂજ્યના શરીરની સેવા બાદ સીધા નોકરીએ જતા, પૂજ્યશ્રી જેનો ટિફિનનો ડબ્બો આશ્રમેથી ભરી આપતા, જેમના પૂજ્ય શ્રીમોટા સાથેના અનેરા સંબંધને ફક્ત મોટા પોતે જ જાણતા, એવા પૂજ્યશ્રીના પ્રેમી જીવ મંગલેશ્વર, જિ. ભરૂચ નિવાસી

**સદ્‌ગત ગુમાનસિંહ બહેચરસિંહ રાજ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી જયાબહેન ગુમાનસિંહ રાજને**

**'પ્રેમ'**ની આ બીજી આવૃત્તિનું પ્રકાશન પ્રેમભાવે સમર્પણ કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન — **ટ્રસ્ટીમંડળ,**
ભાદરવા વદ ચોથ, સં. ૨૦૬૮ — હરિઃૐ આશ્રમ, સુરત
તા. ૪-૧૦-૨૦૧૨

**શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યા** (સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ)ને

# સપ્રેમ સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

વિષ્ણુનું નામ ધાર્યું છે, પાળવા પોષવાતણો
-મંડાયો જે કૃપાયજ્ઞ પ્રેમે તે ચલવ્યા જજો. ૧

નિપુણ, કર્મમાં મસ્ત શા વ્યવહારદક્ષ છો !
મળેલાં કર્મમાં કેવા ઊંડા ઊતરતા તમો ! ૨

ઉત્તમોત્તમ તો કર્મ થવા તત્પર ખંતીલા,
શૂન્યમાંથી તમે કેવી ઈમારત ચણી મહા. ૩

દીપાવ્યું કર્મને જેણે વિશ્વે તેવા દીપી ઊઠ્યા,
કર્મથી જે ઘડાયા છે, જીવે તે માત્ર કર્મમાં. ૪

સુતરું, સુતરું સર્વ જીવન વહી ના જતું,
વચ્ચે પ્રવાહ રોકાતો, બને જીવન પાંગળું,

સફાળા ઊછળી ત્યાંથી પાછા શા પુરુષાર્થી છો !
થયા ખમીરવંતા શા ! ઊભા કેવા ટટાર છો ! ૫-૬

ભયંકર દશામાં શા આવી પડેલ જીવને !
ત્યાંયે હામ ન હાર્યા જે, ધન્ય તે નરને જગે ! ૭

તમે જીવનનાં ઉગ્ર તોફાનોમાં ભયંકર
-હાલી જતાં છતાં પાછા થયા ટટાર શા પથ ! ૮

પ્રોત્સાહિત કરી કેવી રૂડી સ્હાય દીધેલ છે –
બોથડ મુજ જેવાને તમે નવાજીને હૃદે. ૯

બદલો વાળવા જેવું મારી કને કશું ન છે,
તેથી ભાવથી અર્પું આ સમર્પણાંજલિ પદે. ૧૦

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૧-૫-૧૯૭૩

# પ્રેમના પ્રેમીનો પ્રણય

પૂજ્ય શ્રીમોટા પોતાના સાધનાકાળ દરમિયાન એકવાર સ્વ. કવિ સાગર પાસે ગયેલા. આ યુવાન સાધકે પ્રભુના પાવનકારી પંથ પર વિકાસ કરતાં હૃદયની એવી કક્ષા પ્રાપ્ત કરેલી કે જ્યાં પરમ પ્રેમની ઝલકનો આદર્શ અંકિત થયો હતો. પ્રેમ વિશેના પોતાના એવા આદર્શને વ્યક્ત કરતી વાણી ગઝલ સ્વરૂપે એમણે ટપકાવી રાખી હતી. કવિ સાગર એ ગઝલો વાંચી મુગ્ધ બનેલા. કવિ સાગરે એ સમયના આ યુવાન સાધકને કહ્યું, 'તારા પ્રેમની આ વાત સંસારના લોકો ઊલટી રીતે સમજીને ગોટાળો ઊભો કરશે. તું એને સામેના તળાવમાં પધરાવી દે.'

એક પળના પણ વિલંબ વિના પૂજ્ય શ્રીમોટાએ ગઝલોની એ પોટલીને પાણીમાં પધરાવી દીધી. પોતાની રચનાઓ પ્રત્યે આટલી કક્ષાએ સધાયેલું નિર્મમત્વ જોઈને કવિ સાગર એમને ભેટી પડેલા.

પૂજ્ય શ્રીમોટાની એ કાળની સૂફી-ભક્તિ-રસથી છલકાતી રચનાઓ, સંસારી લોકો ના સમજે માટે વિલીન થઈ ગઈ, અને હવે સંસારીઓને સમજવો અને અનુભવવો દોહ્યલો પ્રેમ અહીં માત્ર એના પ્રેમીના સંસારના જીવો પ્રત્યેના પ્રણયના એક પ્રતીકરૂપે અવતર્યો છે.

સંસારીઓ જે પ્રકારની લાગણીને, ઊર્મિને 'પ્રેમ'ના નામથી ઓળખે છે - કે ઓળખાવે છે - એ પ્રેમની વાત અહીં નથી, પણ હૃદયની ભીતરમાં છેક ઊંડે સર્વવ્યાપક રહેલા સ્નેહસાગર મોજાંની એક પછી એક વાગતી છાલકો છે. 'પ્રેમપંથ પાવકની જ્વાળા'માં પૂરેપૂરા ખપી જઈને, 'માંહી પડ્યા તે મહાસુખ' માણે છે એવા પ્રેમીના પ્રણયની, સ્નેહ-છાલકનો સંસારીઓ 'તીરે ઊભા તમાશો' જુએ તો ભક્ત કવિ પ્રીતમદાસ કહે છે તેમ 'તે કોડી' પણ પામતા નથી.

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના પાને પાને પરમ પ્રેમના અનુભવની ઝલક સૂચિત કરી છે. પ્રેમ એ પ્રેમ જ છે, એ સિવાયનું બીજું કંઈ પણ 'કશું નથી'. પ્રેમ પ્રભુનું બીજું નામ છે. પ્રેમ કરવાનું સંસારીનું ગજું નથી. પ્રભુ જ પ્રેમ કરવાને યોગ્ય છે. અથવા તો એ પ્રેમના પ્રેમી જ પ્રેમ કરી શકે. પૂજ્ય શ્રીમોટાએ 'પ્રેમ' વિશે ગઝલ સ્વરૂપમાં જે વાણી અવતારી છે, એ પ્રભુ-પ્રેમના કૃપાપ્રસાદનું જેટલું પરિણામ છે, એટલું જ સંસારી સ્વજનો પ્રત્યેના એ પ્રભુ-પ્રેમના પ્રેમીના પ્રણયનું કારણ પણ છે. નહિતર આવા છેક જ ભાવાત્મક અને અમૂર્ત પરમ અનુભવનું અપૂર્વ નિરૂપણ કેવી રીતે શક્ય બનત ?

પૂજ્ય શ્રીમોટાએ સકળ બ્રહ્માંડમાં રહેલાં આકર્ષણ અને ગતિના કારણરૂપે ए પ્રેમને ગણાવ્યો છે. એ પ્રેમને હૃદયમાં અનુભવવા માટે પ્રેમભર્યું આકર્ષણ થવું જોઈએ. 'પ્રેમપંથની પાવક જ્વાળા'ને ભાળીને પાછા ભાગી જતા સંસારીઓ આ માર્ગના સામર્થ્યને પામી ના શકે. પૂજ્ય શ્રીમોટાએ આરંભમાં ચેતવણીનો જે સૂર સંભળાવ્યો છે એમાં વાસ્તવિકતાનો સ્પષ્ટ નિર્દેશ છે. પ્રેમને અનુભવવાનો માર્ગ કોક 'વિરલા વીર' જ ગ્રહી શકે છે. એકધારા ખંત, ઉમંગ, ઉત્સાહભર્યા પારમાર્થિક પુરુષાર્થ વડે, સતત સમર્પણ, ફનાગીરી અને ખુવારીપૂર્ણ આહુતિ વડે, આ પ્રેમના માર્ગે વળી શકાય. 'અભેદ' અનુભવવાનું લક્ષ્ય ધારીને પ્રેમના માર્ગે જે ગતિ કરવાની છે, એમાં ક્યાંય પરિણામની કે પ્રાપ્તિની અપેક્ષા રાખવાની નથી, કેમ કે પ્રેમ અનાદિ છે, અનંત છે. પ્રેમના આવા અનંત સ્વરૂપના અને એની સર્વવ્યાપકતાના અનુભવ માટે હૃદયની કક્ષા સાધના દ્વારા ઊર્ધ્વતમ દિવ્ય બનતી જવી જોઈએ. પૂજ્ય શ્રીમોટાની વાણીમાં 'હૃદય' શબ્દ એ સ્થાનવાચક નથી, પણ અનુભવનો કક્ષાવાચક છે. આથી, એક જ પંક્તિમાં 'હૃદય' શબ્દ ત્રણ વખત

વપરાય તો એ હૃદય એક હોવા છતાં ત્રણેય સ્થાને 'હૃદય'ની તે તે અનુભવની કક્ષાની ભિન્નતા છે.

હૃદયની કક્ષા દિવ્ય બનાવવા માટેનો પુરુષાર્થ-પરમ પ્રેમને અનુભવવા કાજે-પૂરા પ્રેમથી થવો ઘટે. મમતા, લોલુપતા, આગ્રહ, માગણી કે અહંના બધા જ પ્રકારનાં વલણોના સમર્પણ દ્વારા ખુવાર થવાની ખુમારી, ઉમળકાભરી અને રસભરી બની રહે છે. એ રસાર્દ્રતા હૃદયની ગુણવત્તા બની રહે છે. હૃદય આ કક્ષાએ કેવો અપૂર્વ રસ અનુભવે છે, એનું નિરૂપણ રસછટાથી પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકના પાંચમા ખંડમાં કર્યું છે. પણ આ રસાનુભવ એ જ પ્રેમાનુભવ નથી. હજી તો હૃદયે એની કક્ષાએથી અનેક ગૌરીશિખરો પર યાત્રા કરવાની છે. અને બધાં જ શિખરો પરના અનુભવોને પ્રતિષ્ઠિત કરવાના છે. સંસારી લોકોની કલ્પનામાં પણ ના આવી શકે એવા ભીષણ અને ભયંકર, ઘોર અને ગહન અંધકારમાંથી એને પસાર થવાનું છે. સાવ જ શુષ્ક અને વેરાન પ્રદેશમાં પણ એણે યાત્રા કરવાની છે. પ્રભુપ્રેમને પામવાની કસોટીરૂપ આ અંધકાર, પ્રેમી બની રહેલા સાધકને પ્રેમને પાત્ર બનાવે છે. આવો અનુભવ પણ એ પરમ પ્રેમીનો પ્રેમ છે, એવી પ્રતીતિમાં (અલબત્ત, અનુભવ જ) ટકવું એ અજોડ મર્દાનગીભર્યું કાર્ય છે.

પ્રેમમાર્ગની આ યાત્રા પછી 'ઝાંખી'ની એક અનુભવાવસ્થા આવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં ભગવાનની ઝાંખીનું ઘણું જ માહાત્મ્ય છે, પણ એનું હાર્દ પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકના છઠ્ઠા ખંડ 'ઝાંખી'માંથી આ લખનારને સમજાયું છે. 'ઝાંખી' એ પૂર્ણ અનુભવ નથી પણ એ અવસ્થાના આરંભના એંધાણ છે. એક ક્ષણ માટે પોહ ફાટતો હોય એવો ઉજાસ કળાય છે. એ ઉજાસનું દર્શન સ્થૂળ નયનોનું જ માત્ર દર્શન નથી પણ આ સાધનાભ્યાસ દ્વારા મનાદિ કરણોને તથા રોમેરોમને સૂક્ષ્માતિસૂક્ષ્મ નયનો પ્રગટેલાં હોય છે.

'ઝાંખી'ના આવા અનુભવ પછી પ્રેમાનુભવ માટે તીવ્ર આકર્ષણ જાગે છે અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહં આદિ સર્વ કરણો પરમ પ્રેમના અખંડાનુભવ માટે દર્દભર્યો તલસાટ અનુભવે છે, અને એ કરણો હરિ પ્રત્યે જ ખેંચાયેલાં રહ્યા કરે છે. દિલ કેવા પ્રકારનું દર્દ અનુભવતું હશે !-એ આપણાં કોઈ પણ કરણના પ્રદેશનો વિષય નથી. પૂજ્ય શ્રીમોટાએ 'દિલ' અને દર્દ* વિષયક કેટલીક રચનાઓમાં એ કક્ષાના અનુભવનો અણસાર કરાવ્યો છે. 'ઝાંખી'ની ધારણાનું દિલમાં સાતત્ય પ્રગટતાં દર્દ ઉચ્ચતમ કક્ષાએ પહોંચે છે. 'ઝાંખી' એ તો હરિનું એક લટકું છે. એની સંપૂર્ણ પ્રતિષ્ઠા દિલમાં થયા પછી પ્રેમાનુભવનો પ્રથમ સ્પર્શ અનુભવાય છે. અનુભવની જીવનમાં પ્રતિષ્ઠા થતાં પ્રકૃતિનું પૂર્ણ અસ્તિત્વ હોવા છતાં, ભાવ અખંડાકાર થયેલો હોવાથી, પ્રકૃતિનું કશું જ બળ અનુભવાતું નથી. પ્રેમ-સ્પર્શને લીધે જીવન નવો અવતાર ધારણ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ મને એકવાર કહેલું કે અખંડાકાર ભાવાનુભવથીય આગળના પ્રદેશમાં હૃદયમાં પ્રેમાનુભવ થાય છે. એ પ્રેમ એ જ પ્રભુ છે.

પૂજ્ય શ્રીમોટાએ હૃદયના આ પ્રેમની સાધના કરી, હૃદયને એ પ્રેમને પાત્ર બનાવીને, હૃદયમાં પરમ પ્રેમની પ્રતિષ્ઠા કરી છે. 'પોતાની જાગેલી આવી પ્રેમસ્વરૂપ ચેતના દ્વારા' પૂજ્ય શ્રીમોટાએ હવે આ જગત સાથે કેવા પ્રકારનો અને કેવી રીતનો પ્રેમસંબંધ જોડ્યો છે, એ સંપૂર્ણપણે કળવો મુશ્કેલ છે. આમ છતાં છેલ્લા બે ખંડોમાં આ પ્રેમના પ્રેમીની પ્રણયક્રીડાનો આહ્‌લાદ આપણે માણી શકીએ એવી રીતે નિરૂપાયો છે.

---

* દિલના દર્દની અનિવાર્યતા અને એની સર્જનાત્મક કક્ષા વિશે 'જીવન તપ'માં (પૃ. ૨૪૫ થી ૨૮૩) પૂજ્ય શ્રીમોટાની વિશેષ રચનાઓ જિજ્ઞાસુ જોઈ શકે છે.

હૃદયના પ્રેમનો અનુભવ વાચાતીત અને શબ્દાતીત છે. એનો સ્પર્શ અહીં અક્ષર સ્વરૂપે અવતર્યો છે. એ દ્વારા પૂજ્ય શ્રીમોટાની પ્રેમકળાનો અંશ સ્પર્શ અનુભવી શકાય છે. પૂજ્ય શ્રીમોટા ઈશ્વરના સર્વ ગુણોનો-સાકાર તેમ જ નિરાકાર બંને સ્વરૂપે સાક્ષાત્કાર પામ્યા છે. અનુભવનો 'શબ્દ' એ નિરાકાર છે. એ માત્ર અમૂર્ત ભાવાત્મક છે. એનું અક્ષર સ્વરૂપ ભલે સંપૂર્ણપણે એ જ વ્યક્ત ન કરતું હોય, પણ એ નિરાકાર અમૂર્તભાવને અંશરૂપે પણ સાકાર તો કરે જ છે. પૂજ્ય શ્રીમોટાનું આ પ્રકારનું સાહિત્ય આ અર્થમાં પણ એમનો અક્ષરદેહ છે. પૂજ્ય શ્રીમોટાના 'અમૃત જીવન'નો આ પ્રસાદ આપણી સમક્ષ અક્ષર સ્વરૂપે છે, એ આપણને થતું એમનું સાક્ષરરૂપનું દર્શન છે અને એ શબ્દોમાં ગુંજતી પૂજ્ય શ્રીમોટાની વાણી હૃદયમાં સતત ઊછળતા પ્રેમસાગરનાં મોજાંનું રસ અને માધુર્યભર્યું સંગીત છે. આ લખનારને આ પુસ્તકનું માળખું તૈયાર કરતાં કરતાં ઘણે સ્થળે આવું અનુભવાયું છે.

પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકને એમાં પ્રયોજેલી ગઝલ સ્વરૂપને કારણે આજ લગી પ્રગટ થયેલાં 'જીવન અનુભવ ગીત'ની શ્રેણીનાં ઓગણીસ પુસ્તકોની હરોળમાં મૂકી ના શકાય, પરંતુ 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મઉપાસના', 'સ્વાર્થ' અને હવે પ્રગટનાર 'મોહ' વગેરે શાસ્ત્રીય પુસ્તકોની કક્ષાનું આ પુસ્તક છે. ઉપરોક્ત પુસ્તકો પૂજ્ય શ્રીમોટાએ અનુષ્ટુપ છંદમાં રચ્યાં છે. તો પછી 'પ્રેમ' વિશે આ રચનાઓ ગઝલ પ્રકારમાં શા માટે રજૂ કરી ? એવો પ્રશ્ન પણ થાય. સદ્‌ગત રામનારાયણ વિશ્વનાથ પાઠકના 'બૃહદ પિંગળ' ગ્રંથમાં કાવ્ય પ્રકાર 'ગઝલ' વિશે લખતાં તેઓશ્રીએ સદ્‌ગત સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ગઝલ વિશે લખેલું એક વાક્ય ઉતાર્યું છે, એ આ સંદર્ભમાં નોંધપાત્ર છે. 'ગઝલ' એ છંદનું નામ નથી. 'ગઝલ' એ કાવ્યનો

એક પ્રકાર છે. એ મૂળ અરબી શબ્દ છે. એનો અર્થ **પ્રેમયુક્ત ભાષામાં** અથવા **કાવ્યરૂપે બોલવું** એમ થાય છે.' પૂજ્ય શ્રીમોટા આ રચનાઓ દ્વારા પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલે છે. ગઝલના પ્રચલિત ઢાળમાં પૂજ્ય શ્રીમોટાની વાણી સહજ રીતે ઢળે છે. ગઝલના પ્રચલિત ગેય રૂપમાં લય જળવાય એવું આ રચનાઓનું માળખું છે. એના બાહ્ય માળખાનો લય જળવાઈ રહે એવી સ્થૂળતા જોવામાં વાચક અટકે તો એમાં પ્રયોજાયેલા શબ્દોના આંતરલયને માણવાનું એ અવશ્ય ચૂકે એવું પણ કેટલીક જગ્યાએ બન્યું છે. લયના સ્થૂળ માળખાને ભેદીને એના આંતરભાવના લયનો સ્પર્શ માણવાથી વસ્તુતત્ત્વને યથાર્થ રૂપે સમજી-માણી શકાશે. પૂજ્ય શ્રીમોટાનો હેતુ આ રચનાઓ દ્વારા કાવ્ય સિદ્ધ કરવાનો નથી. તેઓશ્રી આ રચનાઓને જોડકણાં કહે છે. એમાં જ રચનાસ્વરૂપનો સઘળો મર્મ આવી જાય છે. સુજ્ઞ વાચક વસ્તુને ત્યજીને વ્યાકરણમાં નહિ અટવાય એવી આશા રાખું છું.

પૂજ્ય શ્રીમોટાએ એમની આ રચનાઓને શીર્ષક આપી, શક્ય તેટલા યોગ્ય ક્રમમાં ગોઠવવાનું કાર્ય સોંપ્યું એમાં મારી લેશ પણ ક્ષમતા નથી, પરંતુ એ પ્રેમીના અકારણ પ્રેમને લીધે આ કામ થઈ શક્યું છે. વળી, આ પુસ્તક વિશે લખવાનું સૂચવ્યું એથી આ લખી શકાયું છે. હવે પછીનાં પાનાંઓમાં જે પ્રણયપ્રસાદ છે એને આવા અણઘડ શબ્દો દ્વારા અજીઠો કરવાના મારા અપરાધની ક્ષમા ચાહીને હું વિરમું છું.

તા. ૨૦-૯-૧૯૭૩ **રમેશ મ. ભટ્ટ**

• • •

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

હું રોજ પોસ્ટકાર્ડમાં કેટલાંકને એક એક જોડકણું લખું. આજ સુધી તે બધાં ૨૫૦૦ ઉપરાંતની સંખ્યામાં થાય, એટલે જેમને લખતો હોઉં તે છપાવી આપે, અને કેટલાંક તો તે પુસ્તક વેચી પણ આપે. આમ, તે બધી રકમ હરિઃૐ આશ્રમના ચોપડે જમા થઈ જાય. આમ, હું રોજ પોસ્ટકાર્ડમાં કેટલાંકને કાવ્ય લખતો હોઉં છું, તે ઘણાંખરાંને તો ખબર. મારાં કર્મોના સંગાથી, અનેક રીતે મને મદદ કરનાર, અને બીજી અનેક રીતે અનેક હકીકતમાં જે ખડે પગે ઊભા રહેનાર, એવા શ્રી ઇંદુભાઈ શૅરદલાલે મને એકવાર કહ્યું, 'મોટા ! તમો રોજ જયશ્રીને એક એક કાવ્ય લખો તો સારું, તેની ઘણી જ ઇચ્છા છે.'-**પ્રેમ**નું આ ઉદ્‌ભવસ્થાન. તે મુજબ રોજ જયશ્રીને એક એક કાવ્ય લખતો, અને તે ઘણી બધી સંખ્યામાં થયાં. તે કાગળોનાં જોડકણાંને ઉતારી આપવાનું કામ મારા સ્નેહી શ્રી પ્રતાપભાઈનાં દીકરી અચલાબહેને કરી આપ્યું.

આ બધાં જોડકણાં લખાતાં હતાં ત્યારે કોઈ હરિનો લાલ આ બધું છપાવવાને મળી રહેશે તેવી શ્રદ્ધા તો હતી જ, અને થયું પણ તેમ જ.

મારી સાથે સંબંધ રાખનારાં ભાઈબહેનો, મારા માટે લાગણી રાખનારાં જે બીજાં ભાઈબહેનો છે, તે બધાં આવાં છપાયેલાં પુસ્તકો વેચી આપવામાં મદદ કરે એવી મારી તેમને વિનંતી છે. ભાઈશ્રી ઇંદુભાઈ શૅરદલાલને ત્યાં મારાં આવાં છપાયેલાં પુસ્તકોએ કેટલી મોટી જગા રોકી છે, એ તો જાતે

જેણે જોયું હોય તેને સમજણ પડે. નડિયાદ આશ્રમમાં આટલાં બધાં પુસ્તકો રાખવાની કોઈ સગવડ નથી. આવી સગવડ સરળતાથી ઓચિંતી આપમેળે મળી છે, તેને હું ભગવાનના પ્રસાદરૂપે અનુભવું છું. ભાઈશ્રી ઇંદુ અને જયશ્રીનો ઉપકાર તો કેટલો માનું ? અને કેવી રીતે માનું ? પૂજ્ય બાને તો વીસરાય જ કેમ ? આવાં બધાં જે જીવો ભગવાનની કૃપાથી મળ્યાં છે, તે તે જીવોની મારા પરત્વેની શુભેચ્છાઓ, સહાનુભૂતિ, ઓથ, અને મને ખપમાં લાગવાની એમના દિલની તત્પરતા, તે બધાના બળ વડે કરીને મારા ભાંગેલા શરીરમાં પ્રાણ પ્રગટે છે, અને જિવાય છે પણ તેને જ કારણે.

અમદાવાદમાં જ્યારે હોઈએ છીએ ત્યારે ભાઈ ઇંદુ અને જયશ્રી તો સેવામાં હાજર જ, તેમનું બધું જ કામકાજ પડતું મૂકીને. તેવી જ રીતે નડિયાદમાં ભાઈ રાજુ અને તેમનાં પત્ની રેણુકાબહેન. રેણુકા તો સુરત આશ્રમમાં પણ મારા શરીરની સેવા માટે આવે છે. આ બધાં જીવોનો કઈ રીતે બદલો વાળી શકું ? મારામાં તો તેવી કોઈ શક્તિ નથી. બદલો વાળનારો તો હજાર હાથવાળો મારો ભગવાન જ છે.

મારું શરીર ઘણા રોગોથી પીડાયેલું રહે છે, તે ઘણાં બધાં જાણે છે. મુસાફરીથી હવે શરીરને થાક લાગે છે, જે પહેલાં લાગતો ન હતો. મુસાફરીમાં મોટરમાં ફરવાનું બને છે, પૂરતો આરામ પણ મળે છે, તેમ છતાં બહુ બધા રોગોનાં કારણે શરીરની સહેવાની શક્તિ મર્યાદાની બહાર પહોંચી ગયેલી છે. જે કાંઈ સહેવાનું હોય છે તે શારીરિક શક્તિથી નથી બનતું, એટલી વાત મારે મન નિશ્ચિત હકીકત છે. તેથી,

મળેલાં સ્વજનોને અને અન્ય જીવોને પ્રાર્થના છે, કે પરમાર્થનાં કર્મમાં મદદ કરે અને આ છપાયેલાં પુસ્તકોને વેચવાનું કામ, મારી સાથે સંકળાયેલાં દરેક જીવ ઉપાડી લે અને વેચી આપે. ભાઈ ઇંદુભાઈને ત્યાં ઘણી જગ્યા રોકાઈ ગઈ છે. નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારાઈ હતી, તેમ મળેલાં તમે બધાં આ કામ પાર ઉતારી દો એવી મારી તમને દિલની, દિલથી વારંવાર વિનંતી અને પ્રાર્થના છે.

આ બધાં જોડકણાં **'પ્રેમ'** ઉપરનાં છે. અત્યાર સુધી એના ઉપર મારાથી કશું લખાયું ન હતું. પ્રેમનાં તો ઘણાં પાસાં છે. ભક્ત હૃદયવાળા જીવને પ્રેમના ભાવ વડે કરીને જ જિવાતું હોય છે. એવાં પ્રેમનાં તો ઘણાં પાસાં. સામાન્ય માણસને સમજણ પડે એવાં જ પાસાં વિશે મેં લખ્યું છે. પ્રેમના રહસ્યનાં પાસાં વિશે લખવાનું જાણી જોઈને ટાળ્યું છે. પ્રેમમાં, પ્રેમની ભાવનામાં વિકાસ થવાને કાજે, ઝાંખી, સ્પર્શ અને દિલ ઉપર પણ ભગવાનની કૃપાથી લખાયું છે ખરું. ભક્તિમાં ઝાંખીનું રહસ્ય કોઈ અનોખા પ્રકારનું છે. ઝાંખીથી ભક્તહૃદયને, ભક્તિમાં એકરાગ અને શ્રીભગવાનના ભાવમાં અખંડપણું અનુભવવાને કાજે, શ્રીહરિની ઝાંખી, એ એક અનોખું, અણમોલ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ, અવર્ણનીય એવું એક ભાવાત્મક તે છતાં પ્રત્યક્ષ એવી ઝાંખીનું શ્રીહરિ કૃપાથી જે દર્શન થયું છે, તેનું મેં આ જોડકણાંમાં બધું સ્પષ્ટતાથી અને સરળતાથી વર્ણન કરેલું છે. ઝાંખી એ તો શ્રીભગવાનની કૃપાનો કોઈ અગોચર, અગમ્ય, ગૂઢમાં ગૂઢ અને પાછો સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવી એક શ્રીહરિ લીલાના દિવ્ય ભાવનો પ્રત્યક્ષ હકીકતયુક્ત અને ભક્તનાં

મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્, અને એ બધાંનીય ઉપર સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે હૃદય છે, એવાં બધાંય કરણોને ઝાંખીનું દર્શન તેમને તેમને પ્રકૃતિમાંથી ઊંચકીને શ્રીભગવાનની ભક્તિમાં અદ્ભુત, દિવ્ય રસમાં તેમને તેમને પલાળીને, તે તે કરણોને એવા તો રસમય બનાવી દે છે, અને ઉત્કટમાં ઉત્કટ ઉન્માદભર્યું, કોઈ અનોખા પ્રકારનું આકર્ષણ પેલા પલળતા જતા ભક્તના દિલમાં પ્રગટાવે છે. તે દિવ્ય આકર્ષણનો આનંદ, શરીરનાં રોમેરોમમાં, અણુએ અણુમાં, નસેનસમાં અને રગેરગમાં ઓતપ્રોત થઈને ફેલાઈ જતો હોય છે. જોકે ઝાંખી એ તો પ્રાણના સૂક્ષ્મ અને દિવ્ય પ્રદેશની હકીકત છે, પરંતુ આ ઝાંખી અને તેનું દર્શન એ તો પ્રાણનાં કરણને થતાં જતાં, ભક્તની ભૂમિકાને ક્યાંયે ઊર્ધ્વમાં લઈ જાય છે, અને તે પ્રાણનાં કરણની સાથે મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ પણ સંકળાયેલાં રહ્યા કરે છે. ગમે તેટલું લખીએ તોપણ ઝાંખીનાં દર્શનનું વર્ણન શબ્દાતીત અને ભાવાતીત પણ છે. તેમ છતાં તેની થોડી ઘણી સમજણ પડે અને પ્રભુકૃપાથી તે ભૂમિકામાં જે જે, જેવો જેવો અનુભવ થયો હતો, તેની આછી પાતળી હકીકત આ ઝાંખીનાં જોડકણાંમાં લખી છે. ઝાંખીનું હાર્દ અનોખું છે. ઝાંખીનું રહસ્ય ભક્તને દિલમાંની દિલની એક વાસ્તવિકતાવાળી હકીકત છે. સામાન્ય જીવને માટે તે ઝાંખી જરૂર રહસ્યવાળી છે. જે જીવને ભક્તિના પ્રદેશની કશી સમજણ કે ગતાગમ નથી, તેવાને ઝાંખી વિશે કશી સમજણ પડી ના શકે. એ તો એમ પણ કહે કે એ તો માનવીના મનના ખાલી તરંગો છે, અથવા તો તે એક નવરા પડેલા

માણસના મનની ઉડ્ડયનશીલ કલ્પનામાત્ર છે, પરંતુ આવા પ્રકારની ઉડ્ડયનશીલ કલ્પનામાત્રમાં પણ રમવું કોને ગમે છે?

'સ્પર્શ' અને 'દિલ' વિશે કંઈ હું લખતો નથી.

ઘણાં વર્ષો ઉપર મારા એક સ્વજનને **'પ્રેમ'** ઉપર એક પત્ર લખ્યો હતો. પ્રેમ પરત્વેની સમજણ પ્રગટાવવાને માટે તે આખોયે કાગળ આ 'લેખકના બે બોલ'માં મેં આવરી લીધો છે, અને તે નીચે મુજબ છે :-

'सर्वं खल्विदं ब्रह्म' એવું શ્રુતિવચન જેટલું સાચું છે તેટલું જ સાચું सर्वं खल्विदं प्रेम એ કથન છે. અંગ્રેજીમાં તો 'પ્રભુ એ જ પ્રેમ છે' એવી ઉક્તિ છે પણ ખરી. સ્થૂળમાં સ્થૂળથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રેમ પ્રવર્તી રહેલો છે. એને જ લીધે સૃષ્ટિનું ધારણ થાય છે, પોષણ થાય છે. એને જ લીધે માનવી અને પશુ તથા પ્રાણીમાત્રમાં જિજીવિષાની અદમ્ય પ્રેરણા રહેલી છે, કેમ કે જિજીવિષા ત્યારે જ હોય કે જ્યારે જીવવામાં રસ રહેલો હોય. એકલા સચેતન નહિ પણ અલ્પચેતન અથવા આપણે જેને જડ કહીએ છીએ તેવા પદાર્થો પણ પ્રેમબદ્ધ છે.આ કંઈ કોઈ તરંગી કવિનો કલ્પનાવિહાર નથી, પણ શુદ્ધ સત્ય હકીકત છે. પૃથ્વી અને બીજા ગ્રહો પરસ્પરના અને સૂર્યના આકર્ષણથી અને તારાઓ એકબીજાના આકર્ષણથી સ્વસ્થાન અને સ્વમાર્ગથી ચ્યુત નથી થતા અને તેથી સૃષ્ટિનો ક્રમ ચાલ્યા કરે છે. પૃથ્વી ઉપર પણ દરેક જડ પદાર્થને પૃથ્વીનું આકર્ષણ છે, તેથી જ તે પૃથ્વી ઉપર રહી શકે છે. આખું વિશ્વ કોઈ નિગૂઢ, અદૃષ્ટ સાંકળથી એકબીજા સાથે જોડાઈ રહ્યું છે. પછી તેને સાપેક્ષવાદનો નિયમ (Law of Relativity) કહો કે બીજું કોઈ નામ આપો. એ

નિયમ, નિયમ હોવાથી સૂક્ષ્મ છે, પણ તેથી જ તે એટલો શક્તિશાળી છે, કે સમસ્ત વિશ્વમાં તે વ્યાપ્ત છે. આ નિયમ પણ પ્રેમનું જ સ્વરૂપ છે, કેમ કે પ્રેમ એટલે એકબીજાને જોડનારી સૂક્ષ્મ સાંકળ નહિ તો બીજું શું છે ? આ પ્રેમ જ્યારે દેખીતી રીતે એવા પ્રાથમિક સ્વરૂપમાં પ્રગટે છે, કે તેમાં પ્રાણ ના હોય એમ આપણને લાગે ત્યારે આપણે એને જડ પદાર્થનું નામ આપીએ છીએ. એને સજીવ ભલે વૈજ્ઞાનિકો ના કહેતા હોય, પણ એ શક્તિનું સ્વરૂપ છે એમ તો તેઓ પણ કહે છે. કોઈ પણ જડ પદાર્થનું પૃથક્કરણ કરતાં કરતાં વૈજ્ઞાનિકો જ્યાં સુધી પરમાણુ- Atom સુધી પહોંચ્યા ત્યાં સુધી તો ઠીક હતું, પણ સૂર્યમાળામાં શ્રીકૃષ્ણરૂપી સૂર્ય અને આસપાસ ગ્રહોરૂપી ગોપ-ગોપીઓની જે સનાતન રાસક્રીડા થયા કરે છે, તેવી જ સનાતન રાસક્રીડા પેલા अणोरपि अणीयान् જેવા પરમાણુમાં પણ થાય છે,એવી જ્યારે શોધ થઈ ત્યારે તો પછી જડ પદાર્થનું જડપણું ના રહ્યું, અથવા રહ્યું ગણીએ તોપણ ત્યાં કંઈક એવું આકર્ષણનું તત્ત્વ માલૂમ પડ્યું કે જેને 'પ્રેમશક્તિ' એવું નામ તાત્ત્વિક રીતે તો આપી શકાય, પછી ભલે એ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્ર અનુસાર નામ ના અપાયું હોય.

સૃષ્ટિનું ધારણ અને પોષણ જેમ પ્રેમથી થાય છે, તેમ તેની ઉત્પત્તિ પણ પ્રેમથી જ થઈ છે. રસરાજ ભગવાનને લીલા કરવાની, રસ ભોગવવાની ઇચ્છા થઈ અને एकोऽहं बहुस्याम्ની વૃત્તિ ઉત્પન્ન થતાં જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ. અને સૃષ્ટિના ધારણ પોષણ દરમિયાન પણ સતત ઉત્પત્તિની જે ક્રિયાઓ થયા કરે છે તેનું કારણ પણ પ્રેમ કે રસ જ છે, એ હકીકતનો ઇન્કાર કોણ કરી શકશે ?

આમ, પ્રેમ વિશ્વવ્યાપી છે. જડ પદાર્થોમાં તે આકર્ષણના નિયમ તરીકે ઓળખાય છે, અને જીવંત પ્રાણીઓમાં તે વિષયવાસના, અને તેના ઉચ્ચતર સ્વરૂપમાં પ્રેમ તરીકે ઓળખાય છે.

માનવીમાં પશુત્વના અવશેષ અને પ્રભુત્વનાં બીજ છે, એ તો સર્વસ્વીકૃત સત્ય છે. માનવીમાત્ર, (માનવી શું, પ્રાણીમાત્ર-ચેતનમાત્ર) અંતે તો પ્રભુમય થવાનો છે, તેથી જો એણે પોતાના સહજ વિકાસની ગતિ ત્વરિત કરવી હોય અને તે દ્વારા કેટલાંય નિવાર્ય દુઃખો કે ચિંતા કે કર્મવિપાકમાંથી બચવું હોય કે તેને હળવાં કરી નાખવાં હોય તો અને આજકાલ જેનો સૂર પ્રધાનપણે વાગી રહ્યો છે, એવી માનવસેવા તેના સાચા અર્થમાં કરવી હોય તોપણ, તેણે આ વિરાટ તત્ત્વ-પ્રભુત્વ-પ્રેમને દિવ્ય અને દિવ્યતર બનાવવા પડશે.

એ પ્રેમ 'દિવ્યતર' ક્યારે બન્યો કહેવાય ? જ્યારે પ્રેમનાં બંને લક્ષણો-દ્વૈત અને અદ્વૈત-તેના પૂર્ણ સ્વરૂપમાં પ્રગટ થાય ત્યારે. કંઈ પણ 'બે'ના અસ્તિત્વ વિના, નથી સૃષ્ટિનું અસ્તિત્વ-કે નથી પ્રેમનું. અધમમાં અધમ સ્વાર્થી માનવી પણ પોતાના શરીરને કે મનને એટલું ચાહે છે, કે તેને સુખસગવડો મળે તે હેતુથી અનેક નીચ કૃત્યો કરે છે. આમ, શરીર, મન, સ્વભાવ વગેરે પ્રકૃતિનો આવિર્ભાવ અને 'હું' એ બેને તે જાણેઅજાણે જુદાં ગણે જ છે. सोऽहम् કે सर्वं खल्विदं ब्रह्म એ સત્ય સમજવા માટે કંઈ નહિ તો બુદ્ધિથી 'અહં' અને 'सः' નો કે 'सर्वं' ઇદં' અને 'બ્રહ્મ'નો ભેદ પાડ્યો એટલે પડ્યો. सोऽहम्નો અનુભવ તેને જ થાય છે, કે જેને સઃ ઉપર પ્રેમ ઊપજે છે.

પ્રેમ ત્યાં જ હોઈ શકે કે જ્યાં પ્રેમી હોય અને પ્રેમપાત્ર હોય. એટલે કંઈક બીજું પણ હોય. પણ પ્રેમ એ પ્રભુનું તત્ત્વ હોવાથી તેમાં ઊર્ધ્વગતિ સાહજિક છે. તેથી જ એ દ્વૈતમાં પણ અદ્વૈતનો આદર્શ તે પ્રતિ વેગવાળું કે ધીમું, ભાનપૂર્વક કે સ્વભાવવશ થઈને થતું પ્રયાણ અને અદ્વૈતમાં લય કે સંમિલન-એ બધું જ પ્રેમમાં નિગૂઢ રીતે કે આવિર્ભૂત સ્વરૂપમાં રહેલું છે. આમ, પ્રેમ એ જોડનાર-બાંધનાર-સાંકળ પણ છે અને મુક્તિ અપાવનાર સાધન પણ છે. ખરી રીતે સાચો પ્રેમ એવી સાંકળ છે, કે જે સાંકળ જ નથી પણ મુક્તિનું જ લક્ષણ છે, કે મુક્તિનું જ સ્વરૂપ છે. માનવી કોની સાથે ખૂબ 'છૂટ'થી વર્તી શકે છે ? જેની સાથે તે પ્રેમની સર્વશક્તિમાન સાંકળથી બંધાયો હોય તેની સાથે. પરમ ચૈતન્યતત્ત્વ સાથે બંધાયેલો દેહધારી એટલે જીવન્મુક્ત, એટલે જ જે પ્રેમ દ્વૈત વગર અશક્ય છે, તે જ દ્વૈત તેના જીવન્મુક્ત શુદ્ધતમ રૂપમાં અદ્વૈત જ છે.

પ્રેમની આ સાહજિક ઊર્ધ્વગતિને જેટલે અંશે માનવ ભાનપૂર્વક સ્વપ્રયત્નથી વેગ આપશે, તેટલે અંશે તેને લાભ થશે, કેમ કે સાચો પ્રેમ મેળવવામાં અને તેના પ્રયાસમાં તથા મેળવાતાં થતી મન, પ્રાણ, હૃદય, બુદ્ધિ વગેરેની ક્રિયા પ્રક્રિયામાં જ માનવી આપોઆપ વધારે ને વધારે શક્તિ કેળવતો અને મેળવતો જાય છે. પ્રેમ પ્રભુનું તત્ત્વ હોવાથી તે આપણને આપણી પ્રકૃતિના, જન્મોથી પડેલા સંસ્કારો ઉપર, આપણાં કર્મ અને પ્રારબ્ધ ઉપર, આપણી સરસાઈ અને આપણું નિયંત્રણ કરવા પ્રેર્યા કરતો હોય છે. પ્રેમ આપણને શુદ્ધ કરે છે, કેમ કે પ્રિયજનને ખાતર આપણી સર્વ મનીષાઓ અને

માન્યતાઓનો ત્યાગ તે માગી લે છે. પ્રેમ હોય ત્યાં 'હું' અને 'મારું' રહેતું નથી. જેટલે અંશે 'હું' અને 'મારું' હોય તેટલે અંશે પ્રિયજન ઉપર પ્રીતિ ઓછી જ હોય, કારણ પ્રેમ એટલે જ મારાપણું નહિ પણ પ્રિયજનપણુ. 'પ્રિયજનને ગમે તે જ મને ગમે.' એવી જ્યાં ભાવના અને તદનુસાર વર્તન નથી હોતાં અથવા ઓછાં હોય છે ત્યાં એ પ્રેમ કહેવાય જ કેવી રીતે ? ત્યાં તો કેવળ સ્વાર્થ જ ગણાય. પ્રિયજનને ગમતું જ કરવાની હોંશ જ્યારે હોય ત્યારે જ પ્રિયજન માટે સર્વસ્વનું સમર્પણ આનંદપૂર્વક થઈ શકે અને ત્યારે જ માનવી જેવા માટીના દેહવાળાથી પણ પરાક્રમ, દુઃખસહન વગેરે પ્રભુમય કે અતિમાનવ લક્ષણો પ્રાપ્ત કરી શકાય. બાળકની અનેક જાતની ત્રાસ કે ઘૃણા ઉપજાવનારી કરણીને માતા આનંદથી ભોગવી લે છે, તેનું કારણ પ્રેમ. સાચો પ્રેમ પ્રિયજન પાસેથી કશાની અપેક્ષા રાખતો નથી. પ્રિયજન પાસેથી પ્રેમની પણ અપેક્ષા રખાય તો તેટલે અંશે એ પ્રેમ કાચો છે. અલબત્ત, આવા કેવળ નિરપેક્ષ પ્રેમનું પરિણામ મોડું વહેલું સામા પક્ષ તરફથી પ્રેમમાં પરિણામ પામ્યા વિના રહેતું જ નથી. તેમ છતાં સાચો પ્રેમ તો એવા કોઈ પણ જાતનાં પરિણામની ઇચ્છા કે આશા રાખતો નથી.

ઉદાર માનસ એ તો પ્રેમનું પહેલું પગથિયું માત્ર છે. પરિસ્થિતિ અનુસાર સંબંધમાં આવતી અનેક પ્રકારના સ્વભાવવાળી વ્યક્તિઓને સહન કરી લેવી એ તો પ્રેમનો પ્રારંભ કહેવાય. અને ગેરસમજૂત, મર્મચ્છેદી વાક્યોના ઘા, અન્યાયી વર્તન, કેવળ તુમાખીભર્યો કે કેવળ નીરસ કે

ઉદાસીન અથવા વિરોધી વૃત્તિવાળો ભાવ, અનેક જાતના ખોટા આક્ષેપો, દુઃખ દેવા ફેંકાયેલાં લોહબાણથી પણ કઠણ ગણાતાં વાગ્બાણ-એ બધું જ મૂંગે મોઢે સહી લેવું એટલે માનસિક ઉદારતા, પણ માનસિક ઉદારતામાં પણ થોડું ઘણું દુઃખ અંતર્ગત રહેલું હોય છે. સાચા પ્રેમને તો એવું દુઃખ નથી. અનેક શારીરિક કે માનસિક અડચણો પ્રેમ એક રૂંવાડું પણ ફરકવા દીધા વિના શાંતિથી સ્વીકારી લે છે. એ કદી પોતે કરેલી કરણીને ગાઈ વગાડી જાણતો નથી.

પોતાના સર્વપણાની અને સ્વાર્પણની બાબતમાં પ્રેમ જેટલો મૌન રહે છે તેટલો જ નિરભિમાની રહે છે. અહંકાર-મદ અને પ્રેમ એ બે વચ્ચે કદી મેળ ખાઈ શકે નહિ. તે સાથે પ્રેમને અને મોહને પણ તેજ-તિમિર જેવો સંબંધ છે. જેટલે અંશે મોહ તેટલે અંશે પ્રેમનો અભાવ. મોહ આંધળો છે, પ્રેમ વિરાટ સ્વરૂપ ભગવાનનું લક્ષણ હોઈ અસંખ્ય આંખોવાળો છે. પોતાના પ્રિયજન પ્રત્યે તેના કલ્યાણના હેતુનો સતત ખ્યાલ રાખીને તે દેખીતી રીતે અત્યંત કઠણ થઈ શકે છે, કેમ કે પ્રેમ કંઈ વેવલાપણું કે કેવળ કુમળી કુમળી, પોચી પોચી, લાગણી નથી. પ્રેમ પ્રિયજન પ્રત્યેના વર્તનની બાબતમાં હંમેશ એક ખ્યાલ રાખે છે : પ્રિયજનનું કેવી રીતે શ્રેય થાય. એને પ્રિય લાગે એવું જ કરવું એ કાંઈ પ્રેમ નથી, એ તો કાં તો કાયરતા છે કે ખુશામત. આવા એકમાત્ર કલ્યાણ પ્રતિ દૃષ્ટિ રાખીને કરેલા વર્તનથી ઘણી વાર પેલું પ્રિયજન ઊંધું સમજે, ગુસ્સે થાય, દ્વેષ પણ રાખે. અહિત કરવા તત્પર થાય અને સાચેસાચ અહિત કરે પણ ખરું, તેમ છતાં પ્રેમ તો એની પ્રત્યે દેખીતી

રીતે ભલે કઠોર વર્તન કરે તોપણ અંદરથી તો પોતાનું હૈયું સદાય ભીંજાયેલું રાખશે. પ્રિયજનના આઘાતોનો પ્રત્યાઘાત હૃદયના ઊંડા પ્રેમભાવથી જ આપશે અને બધી વિટંબણા પ્રભુની પ્રસાદી તરીકે સ્વીકારી અને વધાવી લેશે, અને પોતાનું કલ્યાણ જ કરાવવા આઘાતો તેને મળે છે એમ જ સમજશે. આવી રીતે સહિષ્ણુતામાંથી વિકસતાં વિકસતાં દ્વેષનો બદલો પ્રેમમાં પરિણામ પામે છે અને પછી એવું પ્રેમમય વર્તન એકાદ બે વ્યક્તિ કે અમુક સમૂહ પ્રતિ નહિ પણ પ્રાણીમાત્ર પ્રતિ થતાં, પ્રેમ ભગવાન બની જાય છે.

આવો પ્રેમ પ્રાપ્ત કરવાની ઉત્સુકતા ધરાવનારને જગતના સર્વ કોઈ પ્રસંગો, પોતાના કર્મવશાત્ સંબંધમાં આવેલાં સર્વ કોઈ પ્રાણીઓ, પ્રેમનો પાઠ શિખવાડનાર થઈ પડે છે, પણ તે પોતાનું પ્રત્યેક વર્તન ભાનપૂર્વક, જ્ઞાનપૂર્વક, પોતાના આત્મશ્રેયનો હેતુ સતત લક્ષમાં રાખીને કરતો હોય તો. કેવળ પ્રકૃતિને વશ થઈને પ્રેમાળ વર્તન થતું હોય તો વિકાસ ઓછો થાય છે અને કેટલીક વાર પછડાવાનું પણ બને.

આનું પણ કારણ છે. સાચો પ્રેમ પૂરેપૂરો અનાસક્ત છે. આસક્તિ અને પ્રેમ વચ્ચેનું અતિ સૂક્ષ્મ અંતરપટ તો કેવળ સંતો જ પારખી શકે એવું કશું નથી. સાધારણ રીતે પ્રેમ તરીકે જે ઓળખાય છે, તે ઘણી વાર આસક્તિ હોય છે, કેમ કે પ્રેમ એ એકાએક ઉછાળો મારતો અને પછી શમી જતો આવેગ નથી, પણ એ તો શાંત, ગંભીર, ઊંડા જલનિધિ માફક સતત નિશ્ચલપણે વહેતો ભાવ છે. એમાં વિસ્તાર પણ છે અને ઊંડાણ પણ છે. એને સમુદ્ર કરતાં પણ વ્યોમની

ઉપમા વધારે યોગ્ય રીતે આપી શકાય, કેમ કે વ્યોમ સમસ્ત સૃષ્ટિમાં વ્યાપક છે, છતાં અલિપ્ત છે, અને સૃષ્ટિની પાર પણ જો કોઈ પ્રકૃતિનું તત્ત્વ રહેતું હોય તો તે આકાશતત્ત્વ છે. આસક્તિ માણસને પછાડે છે, પ્રેમ ઉઠાડે છે. એવો અનાસક્ત પ્રેમ કેળવવો અને મેળવવો એટલે જ સાધના. એને સાધનાનું એક મહત્ત્વનું અંગ ગણવામાં આવે તો તે પણ અલ્પોક્તિ છે. જેમ એ સાધના છે, તેમ એ સિદ્ધિ પણ છે. કુશળ વર્તન અનાસક્તિથી પ્રાપ્ત થતી કેવળ નિર્લેપ દૃષ્ટિ વગર અશક્ય છે અને પ્રેમ, પ્રેમપાત્રનું કલ્યાણ જ વાંછતો હોવાથી, કુશળ વર્તન તેને માટે અનિવાર્ય છે. યોગ્ય સમયે યોગ્ય હાર્દિક વલણ પણ એણે રાખવું જ જોઈએ. એવાં યોગ્ય વલણ અને વર્તનની ગમ હોવી, સૂઝ પડવી એ કંઈ પુસ્તક વાંચનથી કે સંતોનાં એક રૂઢિનિયમ તરીકે પાસાં સેવ્યાથી કદી પ્રાપ્ત થતી નથી. સંસારમાં કાર્યદક્ષ ગણાતી બુદ્ધિથી પણ એવી સૂઝ મળતી નથી. એ તો અંતરાયરૂપ પણ થઈ પડે, જો એ સંસારી કાર્યદક્ષતાની પ્રાપ્તિ કે ઉપયોગ પાછળ સાધનાની દૃષ્ટિ રાખ્યા કરી ના હોય તો. એ સૂઝ તો સતત, એકધારું કેવળ શુદ્ધ પ્રેમપ્રાપ્તિનું લક્ષ્ય રાખીને તદનુસાર વર્તન કરવાથી ધીમે ધીમે વધારે ને વધારે પડતી જાય છે. વળી, સૂઝ પડવી એ એક વાત છે અને તે જીવનમાં ઉતારવી, તેને સાકાર રૂપ આપવું તે બીજી વાત છે. આપણે ઘણાયે એવા પંડિતો જાણીએ છીએ કે જેઓ વેદવેદાંતમાં ખરેખર નિષ્ણાત હોય, વાત કરવા બેસે ત્યારે પૃથ્વી ઉપર પગ જ ના રહે, પણ એમનું જીવન વર્તન તો કંઈક બીજું જ બતાવતું હોય. મળેલી સૂઝને વર્તનમાં

ઉતારવાનો ખંતપૂર્વક, સાચી નિષ્ઠાથી પ્રયાસ થાય તો જ નવી નવી સમજણ ઊગતી જાય, અને પેલી નવી સૂઝ પ્રમાણેનું જીવન ઘડાતું જાય. આ દૃષ્ટિએ જોતાં પ્રેમપ્રાપ્તિનો આદર્શ કદી પણ પૂરેપૂરો તો વર્તનમાં ઉતારી શકાય નહિ, અથવા એમ કહો કે તે આદર્શની ફલસિદ્ધિ ત્યારે જ થાય કે જ્યારે માનવી પ્રભુનું કેવળ સર્વ ભાવે યંત્ર બની જાય. આવો માણસ જ સાચો પ્રેમ શું તે સમજે છે અને તેવો ભાવ ધારણ કરી શકે છે. સામાન્ય રીતે આપણે જેને પ્રેમ કહીએ છીએ અને જે ઉત્કટ પણ દેખાય તેમાં અનેક સેળભેળ તત્ત્વો ભળી ગયેલાં હોય છે. સ્થૂળ વાસનાથી માંડીને પ્રિયજન ઉપર પોતાનો સૂક્ષ્મ પણ જોરદાર કાબૂ રહે એવી ઊંડી ઇચ્છા જેવી કંઈ કંઈ વૃત્તિઓથી ભળેલો પ્રેમ સાચો પ્રેમ નથી. મનુષ્યનું આંતરમાનસ એવી ગૂઢ રીતે વર્તે છે, કે તે મનુષ્યને પોતાની તેની કલ્પના પણ ઘણી વાર હોતી નથી. જેણે આંતર નિરીક્ષણ સંપૂર્ણ તટસ્થભાવે કરવાની જીવતી ટેવ પાડી હોય તેને જ તે દેખાતું જાય છે. પોતાની સર્વ સુખસગવડોનો ત્યાગ કરતી માતાના ઉત્કટ પ્રેમમાં પણ એ બાળક 'પોતાનું જ લોહી છે, પોતાનું સર્જન છે' એવો ઊંડો ભાવ સદાય છૂપી રીતે વર્ત્યા કરતો હોય છે, તેટલે અંશે તે શુદ્ધ નથી, સંકુચિત છે. જગતની ઘણીખરી માતાઓ વાત્સલ્ય પ્રેમમાંથી વિશ્વપ્રેમ પોતાનામાં પ્રગટાવી શકતી નથી, તેનું કારણ આ જ છે. પોતાના જ દેશ કે અમુક સામાજિક આદર્શ માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થનારામાં ઉચ્ચ કોટીનો પ્રેમ નથી એમ તો કેમ કહેવાય ? તેમ છતાં એમાં પણ ઘણી વાર વિસ્તૃત અહંભાવ અને પાર્થિવ

માપથી જ અન્ય જનને સમજવાની વૃત્તિ અને દૃષ્ટિ રહેલી હોય છે અને તેથી ત્યાં રાગદ્વેષની માત્રા પણ ઘણી હોય છે. શુદ્ધ પ્રેમ તો આત્મસ્વરૂપ, પ્રભુસ્વરૂપ છે. એટલે એમાં ક્યાંય આવી પક્ષાપક્ષી ના હોઈ શકે. સંત નરસિંહ મહેતાએ સાચું જ ગાયું છે, કે **'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર.'**

સાચો પ્રેમ એટલે શુદ્ધતમ વિવેક. સંત કે પ્રભુ સમદૃષ્ટ છે, તેનો અર્થ એવો છે, કે પેલા સંતના મિત્ર કે શત્રુ ગણાતા હરકોઈ પરત્વે સંત કશી પણ અંતર્ગત રાગદ્વેષની લાગણી વગર તે તેને યોગ્ય ભાવે રાખે. 'શત્રુ'નું શત્રુત્વ સંતને ક્ષોભ પમાડી શકતું નથી, કેમ કે સંતનો ભાવ આવા આઘાત સામે પ્રકૃતિને વશ રહેનારથી થતા પ્રત્યાઘાતવાળો નથી, પણ પોતાના જે રીતના વર્તનથી સામા માણસનું આત્યંતિક શ્રેય થાય તે રીતનો ભાવ સંત આવા આઘાતો પ્રત્યે રાખે છે. 'यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्'નો અર્થ મારી દૃષ્ટિએ આ છે. તેથી જ સંત, સંસારમાં રચીપચી રહેલા તરફ જે ભાવ રાખે છે તેના કરતાં અનેકગણો વધારે ભાવ તે, સાધક પ્રત્યે રાખે છે. સમદૃષ્ટિ એટલે નિર્લિપ્ત દૃષ્ટિ. આવી વિવેકભરી સમદૃષ્ટિ સાચા પ્રેમને જ સૂઝે છે, અને એ જ રાખી શકે છે. સામા માણસના આંતરસત્ત્વ (Inner Being)ને પારખીને જેમ વૈદ્ય પ્રત્યેક દરદીને તેની તેની પ્રકૃતિ અનુસાર જુદી જુદી દવા આપે છે, તેમ તેની પ્રત્યે તે કલ્યાણ માર્ગે કંઈક તો પ્રગતિ કરે એવો શુભાશય સદાય રહે અને તે પ્રમાણે વર્તન થાય, એ તો સાચો પ્રેમ જ કરી શકે. એ શક્તિ કંઈ ઝટ મળી જાય એવી

નથી, એને માટે પોતાના આંતરમાનસની સંપૂર્ણ શુદ્ધિની જરૂર છે. પ્રેમ વિકસતો જાય છે તેમ તેમ આ શુદ્ધિ થતી જાય છે.

આંતરશુદ્ધિને માટે કદાચ ઉત્તમમાં ઉત્તમ સાધન પ્રેમની ઉપાસના છે, કેમ કે પ્રેમ જેટલી સમજણ આપે છે, એટલે કે પ્રેમથી જેટલી જ્ઞાનપ્રાપ્તિ થાય છે, તેટલી બીજા કશાથી નથી થતી. માત્ર એ પ્રેમભાવ ભાનપૂર્વક, હેતુપૂર્વક કેળવવો જોઈએ અને એ ભાવ અને લાગણી કે આવેગ વચ્ચે શો ભેદ છે, તેનો ખ્યાલ આંતરનિરીક્ષણ કરી કરીને મેળવતા રહેવું જોઈએ. બાળકને મા કે પતિને પત્ની જેટલાં સમજી શકે છે તેટલું કોઈ અન્ય જન નથી સમજી શકતું એનું કારણ પ્રેમ જ છે. કોઈ પણ વિષય, ભૌતિક કે આધ્યાત્મિક, હસ્તગત કરવો હોય તો પ્રથમ જરૂરિયાત તો એ વિષયમાં રસ હોવો જોઈએ. આ 'રસ' એટલે પ્રેમ નહિ તો બીજું શું ?

આથી, પ્રેમ એટલે જ્ઞાન. પ્રભુનું જ્ઞાન મેળવવા માટે પ્રભુ પ્રત્યે પ્રેમ અનિવાર્ય સાધન છે, અને પૂર્ણ પ્રેમ અને પૂર્ણ જ્ઞાન એ તો પર્યાયવાચક શબ્દો થઈ રહે છે. સૂક્ષ્મ દેહમાં અને તે પછી સ્થૂળ દેહમાં શિરાએ શિરામાં શુદ્ધ પ્રેમનું તત્ત્વ વસે નહિ, ત્યાં સુધી શુદ્ધ જ્ઞાન પણ ના થાય, અથવા પ્રેમના સંપૂર્ણ આવિર્ભાવ માટે તો જીવન પ્રેમમય થાય એવો પ્રયાસ કરવો જોઈએ. એટલે કે પ્રત્યેક કર્મ-મન, વાણી, દેહનું-એ પ્રેમને ખાતર થવું જોઈએ. આમ, કર્મયોગ પણ જ્ઞાનયોગની માફક પ્રેમયોગ કે ભક્તિયોગનો પર્યાયવાચક શબ્દ થઈ રહે છે. તેવી જ રીતે કોઈ પણ વિષયમાં રસ ઉત્પન્ન થાય તો તેમાં આપણું ચિત્ત આપોઆપ એકાગ્ર થાય છે. તેથી પ્રેમયોગ,

ધ્યાનયોગ પણ છે. આમ, શાસ્ત્રમાં વર્ણવાયેલા ચારે માર્ગો આ દૃષ્ટિએ જોતાં એક જ છે.

જ્યારે આવો પ્રેમ પ્રગટે છે ત્યારે આપોઆપ સમર્પણ થયા જ કરે છે, પણ તે આનંદથી. પોતે કંઈ ત્યાગ કે બલિદાન કરે છે, એ વૃત્તિ પણ પ્રેમની કચાશ બતાવે છે. આનંદપૂર્વકનું સમર્પણ એ તો પ્રેમનો સ્વભાવ છે, પણ સાચો પ્રેમી તો એના સ્વભાવનો ઉપયોગ પણ જ્ઞાનપૂર્વક, ભાનપૂર્વક કરે છે, તો જ તે પ્રિયજનનું અને પોતાનું કલ્યાણ કરી શકશે. પછી તો 'પ્રિયજન' અને 'પોતે' એમ જુદાં પણ રહેતાં નથી.

ઘણા લોકો એમ માને છે, કે સાચો પ્રેમ તો પોતાના આત્મકલ્યાણની દૃષ્ટિ પણ ના રાખે અને કેવળ પોતાના પ્રેમપાત્રના જ ભલાની વૃત્તિ રાખે. આ માન્યતા દેખીતી રીતે ઘણી ઉચ્ચ ભાવનાવાળી લાગે છે, પણ જરા ઊંડો અનુભવ કરતાં માલૂમ પડશે કે જેનામાં આત્મકલ્યાણની દૃષ્ટિ હોતી નથી, તેને અન્યનું કલ્યાણ કરવાની દૃષ્ટિ નથી. તે અન્યનું કલ્યાણ કરવાની વૃત્તિ જ સદાય રાખે છે એમ પોતે ભલે માને, પણ ખરી રીતે તો કોઈ ઊંડો સ્વાર્થ, ખૂબ ઊંડો-એટલે કે ઝટ ના દેખાય એવો-પણ જરા વિસ્તૃત અહંભાવથી જ તે પ્રેરાતો હોય છે. કયા વર્તનથી કે ભાવથી સાચી સેવા થશે એ સૂઝવું કંઈ બાળકના ખેલ નથી. એમાં તો સર્વતોમુખી અને નિર્લિપ્ત દૃષ્ટિની જરૂર છે. નહિ તો જેને આપણે અન્યનું કલ્યાણ માનતા હોઈએ તે તેનું અકલ્યાણ પણ હોય. આવી દૃષ્ટિ કેળવવા અને મેળવવા માનવીએ આંતરનિરીક્ષણ વગેરે સાધનોથી પોતાની આંતરશુદ્ધિ માટે પ્રયાસ કર્યા કરવો જ

પડશે. એટલે કે ચિત્તશુદ્ધિ કે આત્મકલ્યાણના હેતુથી જ પ્રેરાઈને સર્વ કર્મો કરે તો જ આવી દૃષ્ટિ પ્રાપ્ત થાય.

આવી જ રીતે ઘણા એમ માને છે, કે 'બીજાની સેવા' એ જ માનવી જીવનનો ઉત્તમોત્તમ આદર્શ છે અને આત્મકલ્યાણ તરફ વૃત્તિ રાખવી તે ઊતરતા પ્રકારનો આદર્શ છે. એમાં પણ પોતે જેને સેવા માને છે તે જ જાતની સેવા, તે સેવા, બીજી નહિ-એવી જાણી અજાણી અપૂર્ણ સત્યવાળી પણ દૃઢપણે ટેવાયેલી માન્યતા જ કારણભૂત છે. સાચા સ્વાનુભવમાં જેમ સર્વાનુભવ આવી જ જાય છે, તેમ સ્વકલ્યાણની પ્રવૃત્તિમાં સર્વકલ્યાણની પ્રવૃત્તિ આપોઆપ થયા કરે છે. આમ, સ્વકલ્યાણની પ્રવૃત્તિ કરનારમાં વિશ્વપ્રેમ નથી એટલે કે તે સાચો પ્રેમ નથી એવી માન્યતા ભૂલભરેલી છે. સ્વકલ્યાણની પ્રવૃત્તિ એ એક જાતના સ્વાર્થની પ્રવૃત્તિ છે એમ જે કોઈ કહે છે, તેમને આવી જાતના નિઃસ્વાર્થ પ્રેમના તત્ત્વજ્ઞાનની કે તેના અનુભવની કશી જ ગતાગમ હોતી નથી.

આમ, પ્રેમ એ તો પ્રભુનો પયગંબર પણ છે અને પ્રભુ જાતે જ છે. સાધના છે અને સિદ્ધિ છે. દ્વૈત છે, અદ્વૈત છે અને તેથી પર પણ છે. સંપૂર્ણ બંધન તથા સંપૂર્ણ મુક્તિ એટલે પ્રેમ. આખું વિશ્વ એમાં સમાયેલું છે. તેની ઉત્પત્તિ પ્રેમથી થઈ છે, તે પોષણ પામે છે પણ પ્રેમથી અને તેનો લય પણ પ્રેમમાં જ થાય છે. એવું કશું જ તત્ત્વ સૃષ્ટિમાં નથી કે જેમાં પ્રેમનો અંશ પણ ના હોય અને જેને પ્રેમ પોતાનામાં સ્વીકારી લેતો ના હોય. વિકૃત સ્વરૂપમાં ભલે હોય, પણ જ્યાં ત્યાં પ્રેમ જ છે. ધિક્કારવૃત્તિ પણ માનવીમાં ત્યારે જ ઉદ્ભવે છે, કે જ્યારે

કોઈ પ્રિયજન કે પોતાની સંસ્થા એને અણગમતી રીતે વર્તે, એટલે એ તો કેવળ પ્રેમની વિકૃત દશા જ છે.

સર્વત્ર છાયેલી આ પ્રેમની 'ઝલક' કે જેથી ગગન, પર્વતો, નદીઓ આદિ છવાઈ રહેલાં છે, એ પ્રેમની ભવ્ય ઝલક આ કાગળથી અણુમાત્ર પણ વધારે છવાય એ જ પ્રાર્થના છે.'*

હરિઃૐ આશ્રમ, - **મોટા**

અમરેન્દ્રપુરમ્ અગ્રાહરમ્

મેલે-કાવેરી, કુંભકોણમ્ (દક્ષિણ ભારત)

તા. ૨-૮-૧૯૭૩

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું **'પ્રેમ'** પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ થાય છે. પૂજ્ય શ્રીમોટાએ એમનાં સ્વજનોને પત્રોરૂપે પદ્યમાં પ્રેમ વિશે ઘણું સમજાવેલું છે. **'પુનિત પ્રેમગાથા'** એ નામથી એ બધું લખાણ ગ્રંથસ્વરૂપે સંવત ૨૦૦૩ના ગુરુપૂર્ણિમાના શુભ દિને પ્રગટ થયેલું, પરંતુ આ પુસ્તકમાં 'પ્રેમ' વિષયક સીધું અને સરળ નિરૂપણ સૌ પ્રથમ વાર જ થયું છે. એથી આ પુસ્તકનું મૂલ્યાંકન પૂજ્ય શ્રીમોટાએ રચેલાં 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા' વગેરે પુસ્તકોની શ્રેણીમાં થઈ શકે. પૂજ્ય શ્રીમોટાની આ રચનાઓ શ્રેયસાધકને પ્રેમમાર્ગની વાસ્તવિકતાનો સચોટ પરિચય કરાવશે એની અમને ખાતરી છે.

આ પુસ્તક છપાવી પ્રકાશન કરવાનો બધો ખર્ચ ડૉક્ટર સુવર્ણાબહેન એસ. કાપડિયાએ અને શ્રી શાંતિલાલ કાપડિયા પરિવારે આપ્યો છે. એટલે આ પુસ્તક પ્રકાશનમાં નિમિત્ત બનવા માટે તેઓ સૌનો હરિઃૐ આશ્રમ તરફથી ઘણો ઘણો હાર્દિક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ આ રચનાઓ પોસ્ટકાર્ડમાં લખેલી. એની નકલ કુમારી અચલાબહેન પ્રતાપભાઈ ઉપાધ્યાયે કરેલી. આ ગઝલોને ક્રમમાં ગોઠવવાનું તથા એને શીર્ષક આપવાનું કાર્ય શ્રી રમેશભાઈ ભટ્ટે કરી આપ્યું છે. શ્રી પુષ્પાબહેન દલાલે સુવાચ્ય અક્ષરે આ પુસ્તકની પ્રેસકોપી તૈયાર કરી આપી છે. આ સર્વ આશ્રમની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં હોવાથી એમનો આભાર માનવાની ઔપચારિકતા

કરતા નથી, પણ એમના સદ્ભાવભર્યા સહકારની સહર્ષ નોંધ લઈએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તક પણ પૂરી કાળજી અને ચીવટ છતાં ત્વરાથી છાપી આપવા બદલ અમે મેસર્સ એલેમ્બિક પ્રેસ, વડોદરાના ઘણા જ આભારી છીએ.

જિજ્ઞાસુઓ તથા અન્ય વાચકો પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ખરીદીને વાંચે એવી વિનંતી છે. પૂજ્ય શ્રીમોટાના પુસ્તક વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્યો પાછળ જ ખરચાય છે.

અમને શ્રદ્ધા છે, કે પૂજ્ય શ્રીમોટાનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકના વેચાણમાં વેગ આવશે.

નડિયાદ

૨૫ સપ્ટેમ્બર, ૧૯૭૩

**નંદુભાઈ**

વ્યવસ્થાપક ટ્રસ્ટી,

હરિઃૐ આશ્રમ, નડિયાદ

# નિવેદન
## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત સાહિત્યમાં ગદ્ય અને પદ્ય બંને પ્રકારનો સમાવેશ થાય છે. પદ્યમાં પણ અનુષ્ટુપ છંદની રચનાઓ સવિશેષ. પૂજ્યશ્રીએ પોતે જણાવ્યું છે, કે પદ્ય લખવાનું તેઓને વિશેષ ફાવે છે, કારણ કે તેમાં આખી વાતનો મર્મ સહેલાઈથી સમજાવી શકાય છે. આ પુસ્તકના અભ્યાસની શરૂઆતમાં વાચકને પૂજ્ય શ્રીમોટાએ લખેલ **'લેખકના બે બોલ'** વાંચી જવા અત્યંત નમ્ર વિનંતી છે. અહીં પ્રેમ તત્ત્વની સરળ સાદી ભાષામાં સમજ પૂજ્યશ્રીએ આપી છે. જેને આપણે પ્રેમ ગણીએ છીએ તે આપણો ભ્રમ અને ગેરસમજ હોઈ શકે. પૂજ્ય શ્રીમોટાની આ રચના આપણી આંખ ઉઘાડનારી છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન — **ટ્રસ્ટીમંડળ,**
ભાદરવા વદ ચોથ, સં. ૨૦૬૮ — હરિઃૐ આશ્રમ, સુરત
તા. ૪-૧૦-૨૦૧૨

હરિ:ૐ

# અનુક્રમણિકા


| ક્રમ ખંડ | | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧. | પ્રેમનો પ્રદેશ | ૧ |
| ૨. | પ્રેમપ્રવેશ | ૧૧ |
| ૩. | પ્રેમની કળા | ૪૫ |
| ૪. | પ્રેમરૂપ | ૧૦૫ |
| ૫. | પ્રેમરસ | ૧૫૦ |
| ૬. | ઝાંખી | ૧૭૪ |
| ૭. | દિલ | ૧૯૮ |
| ૮. | દર્દ | ૨૩૩ |
| ૯. | સ્પર્શ | ૨૪૩ |
| ૧૦. | પ્રેમલીલા | ૨૪૯ |
| ૧૧. | हरिदर्शન | ૩૦૦ |

# પ્રેમ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિ:ૐ

# ખંડ - ૧

# પ્રેમનો પ્રદેશ

પૂરી ધરખમ ખુવારીનો પ્રદેશ જ પ્રેમનો શો તે !
પળેપળ ત્યાં જ ખુવારી, ખુવારી મસ્ત ઝળકે છે.

હરિઃૐ

## પળેપળ ત્યાં જ ખુવારી

અરે ! સંસારી ઓ લોકો ! કરો કાં પ્રેમની વાતો ?
હૃદય ઉત્સાહ ધસમસતો કહીં છે મસ્ત ઊછળતો ?

નર્યા સંસારના કાદવ વિશે ગરકાવ પૂરાં છો,
પછી શું ખાલી ખાલી તે કરો વાતો નકામી શા !

પૂરા સંસારના સ્વાર્થે રચેલાં ને પચેલાં છો,
પછી કાં ઠોકતાં રહો છો, નરી ડંફાસ પ્રેમની તો !

પૂરી ધરખમ ખુવારીનો પ્રદેશ જ પ્રેમનો શો તે !
પળેપળ ત્યાં જ ખુવારી, ખુવારી મસ્ત ઝળકે છે.

હરિઃૐ

## તપશ્ચર્યા ખચીત ત્યાં છે !

અરે ! સંસારી ઓ લોકો ! કરો કાં પ્રેમની વાતો ?
ઊછળતા ને ધબકતા દમ વિનાનું કાં તમે હાંકો ?

સમર્પણ ને ફનાગીરી, પૂરું હોમાઈ જવાનું જે
-પળેપળનું જીવનમાં જો, તહીં શો પ્રેમ શોભે છે !

હૃદયનો પ્રેમ ને ત્યાગ સહજ દિલભાવથી જે છે,
પૂરી ભરપૂર રસથી શી તપશ્ચર્યા ખચીત ત્યાં છે !

હૃદયનો પ્રેમ ઓગળીને પૂરેપૂરો થઈ શૂન્ય
-મળી, ભળી ને ગળી જઈને થતો છે આપ શો ધન્ય !

હરિઃૐ

# બધું જે તે હરિકેરું

ઉપરનો સર્વ વ્યવહાર જીવનમાં ચાલતો જે છે,
'હરિ જાણે ન તેમાં હો', બધું તે તેમ લાગે છે.

છતાં જે થાય વ્યવહાર હરિની શક્તિ પાછળ છે,
ન એને કોઈ જાણે છે, છતાં પોતે રહ્યો ત્યાં છે.

બધા વ્યવહારમાં બુદ્ધિ, મનાદિ જે પ્રવર્તે છે,
બધાં તે ઊપજાવેલાં કદી ના માનવીથી જે.

બધું જે તે હરિકેરું, હરિ વિના કશું ના છે,
છતાં જાણે ન હો પોતે, નિરાળો તેમ વર્તે છે.

હરિઃૐ

## કળા તે દિવ્ય ને સૂક્ષ્મ

સકળ બ્રહ્માંડમાં અદ્‌ભુત શું આકર્ષણ ગજબનું છે !
પરસ્પરમાં, પરસ્પરથી પરસ્પરનું ખરેખર છે !

કળા તે દિવ્ય ને સૂક્ષ્મ અદીઠ શી જે હરિની છે !
શું જડ ચેતન બધાં સાથે હૃદય સંકળાવી રાખે છે !

સકળ બ્રહ્માંડ પ્રત્યક્ષ શું આકર્ષણથી તેવા તે
-ગતિશીલ ભવ્ય સક્રિય જીવંતું સર્જનાત્મક છે !

શી આકર્ષક કળાથી તે થતાં સર્જન જતું છે તે !
હરિની તે જ પ્રત્યક્ષ જીવંતી હાજરી શી છે !

હરિઃૐ

# हरि प्रत्यक्ष पोते छे

અખંડિત ભાવ મદઝરતો સહજમેળે વહેતો જે,
સ્વરૂપ શું સૂક્ષ્મ ભાવાત્મક હૃદયનું તે જ સાચું છે !

હૃદય ના સ્થૂળવાચક છે, હૃદય તો ભાવવાચક છે,
હૃદય દરબાર હરિનો છે, કચેરી શ્રીહરિની તે.

નિરાકાર હૃદય પોતે છતાં જ્યારે અખંડિત તે,
સહજ જ્યાં ભાવ જીવંતો, હૃદય સાકાર પ્રત્યક્ષે.

નિરંતરનો અનુભવમાં સહજ જ્યાં ભાવ જીવતો છે,
બિરાજેલો હૃદય ત્યારે, હરિ પ્રત્યક્ષ પોતે છે.

હરિ:ૐ

## અખંડિત પ્રેમનું ઝરણું

હૃદય પાસે, હૃદયથી થઈ, હૃદયમાં તે શમાવાને,
હૃદયની સૌ રમત તે છે, હૃદયની શી કળા તે છે !

હૃદય પ્રવેશવા કાજે, હૃદયભાવ મહત્ત્વે જે,
જીવન વ્યવહારમાં સર્વ રહે જ્યાં મોખરે નિત્યે.

અખંડિત ભાવ જ્યારે તે નિરંતરનો વહેતો છે,
હૃદય ત્યારે જડી આવે, મળેલું અનુભવાયે છે.

અખંડિત પ્રેમનું ઝરણું સહજ ને જે સતત વહે છે,
ખરેખર ભાવ એવો જે 'હૃદય' સાચું પ્રમાણે તે.

હરિઃૐ

## નગદ રોકડ શું પુરુષાર્થ !

મહત્તાયુક્ત છે કેવો નગદ રોકડ શું પુરુષાર્થ !
પુરુષાર્થ થકી કેવા ચઢેલા કેટલા લોક જ !

પુરુષાર્થ થવાકેરી રહેલી શક્તિ છે દિલમાં,
વિના લાગ્યા પરંતુ દિલ ન શક્તિ કામ આવે ત્યાં.

જીવન પ્રત્યેનો દિલ પ્રેમ ખરેખર જ્યાં ભભૂકે છે,
સમગ્ર શક્તિ પુરુષાર્થે શું જોડાવી જ તે દે છે !

ખુમારી ને ફનાગીરી, સમર્પણ ને બલિદાન
-સહજ ફોર્યાં કરે તે તે હૃદયની પ્રેમશક્તિથી.

બિયાબાંમાંથી જીવનને બગીચો સ્વર્ગ બનવે છે,
હૃદયના પ્રેમની શક્તિ અનુપમ બેનમૂન શી તે !

હરિઃૐ

## છડી તો પ્રેમ પોકારે

સમર્પણ ને બલિદાન વળી તપ, ત્યાગથી જીવને
-જીવનની લાગતાં ભક્તિ, ફૂટી શો પ્રેમ નીકળે છે !

ખરેખર પ્રેમનાં દ્વાર ઉઘાડેચોક ખુલ્લાં છે,
કશી ના રોકટોક જ છે, કશીક જે હોય, નિજની છે.

જતો છે આરપાર જ તે, કશે અટકી પડે ના તે,
જવું સોંસરવું ધારેલા નિશાને, પ્રેમ જાણે છે.

ખૂલ્યા દરબારની કેવી છડી તો પ્રેમ પોકારે !
નવાજે છે લળી લળીને હૃદય તે મસ્ત તત્પર છે.

હરિઃૐ

## પચવશે પ્રેમ હરિનો તે

જીવનમાં પ્રેમનો રંગ કદીક કો'ને જ લાગે છે,
ખરા બડભાગી સજ્જન તે હરિના લાડીલા શા છે !

હરિને જે વરેલા છે, હૃદયનો પ્રેમ મહાલે તે,
જગતનો પ્રેમ ગરબડિયો, ન જેનો અર્થ કૈં પણ છે.

હરિની પ્રેમરંગતને સમજી શકવા જ સંસારી
-કદી ના યોગ્ય પાત્ર જ છે, વરે કો ભક્ત વિરલા જે.

હરિ દરબારનો પ્રેમ અતીત સંસારથી જે છે,
ખરેખર માત્ર જે એવો પચવશે પ્રેમ હરિનો તે.

હરિઃૐ

# ખંડ - ૨

# પ્રેમપ્રવેશ

સમજવા પ્રેમ દિલનો તે ન ગુંજાશ બધાંની છે,
નર્યા સંસારના જીવ ન અધિકારી સમજવાને.

હરિઃૐ

## સતત ચિંતવન વિશે રસ છે

સમજવા પ્રેમ દિલનો તે ન ગુંજાશ બધાંની છે,
નર્યા સંસારના જીવ ન અધિકારી સમજવાને.

પળેપળ દિલ સમર્પણ છે, ચરણ ન્યોછાવરી પણ છે,
જઈને વારી વારી દિલ, સતત ચિંતવન વિશે રસ છે.

ન પળ વાર વિખૂટોયે થઈ શકતો હૃદયથી તે,
સહજ સંલગ્ન દિલમાં છે, શું એકાકાર આધારે !

સતત બસ ગાંડપણ એને હૃદયમાં મસ્ત લાગ્યું છે,
નશે ચકચૂર ભરપૂર તે હૃદયના પ્રેમમાં જે છે.

હરિઃૐ

# ચમત્કારિક રસામૃત તે

જીવનમાં પ્રેમ જામે જ્યાં હૃદય ત્યારે જ પીગળે છે,
પિગાળીને ભીતરનું જે, ચમત્કારિક રસામૃત તે.

જીવનના પ્રેમના માર્ગી ઘવાયાં કેટલાંકેયે,
સીમા સ્તંભ થઈ જઈને દટાઈ શાં ગયેલાં છે !

ભયંકર શાં ઘવાયાં છે ! છતાં ના છંદ છૂટ્યા છે,
ચઢ્યાં શાં ક્રૉસ પર તેવાં ! છતાં છેડો ન ફાડ્યો છે.

રખડી એવાં પડેલાં શાં ! કંઈક લટક્યાં જ અધવચ્ચે,
ચઢેલાં ફાંસી પર કૈં કૈં, છતાં ના પંથ મૂક્યો છે.

શહૂર, મર્દાનગી, સાહસ, ધીરજ, હિંમત, ખમીર દિલ જે,
પરીક્ષા સૌ ગુણોની ત્યાં થતી રહેતાં, ખીલે છે તે.

હરિઃૐ

## હૃદય રસ પ્રેમ પીવાને

હૃદય ઉત્કંઠ જબ્બર છે, અગન જેવી પિપાસા છે,
મિલાવી દિલને દિલથી, હૃદય રસ પ્રેમ પીવાને.

હૃદય આતુરતા એની સહજ જ્વાળામુખી સમ છે,
શી તડપન આગ લાગી છે, રૂવે રૂવે જલંતી છે !

સતત બસ પ્રેમની માત્ર હૃદય શી ઝંખના એને !
ન કંઈ તે ઝંખના માત્ર, હૃદય સાકાર લેતી છે.

થતાં તે ઝંખના ગાઢ, નિરંતરની થતી રહેતાં
-શિખર તે ઉચ્ચમાં ઉચ્ચ ચઢી, દિલ એક બનતી ત્યાં.

હરિઃૐ

# બધું નિજરૂપ ઠરવે છે

જીવનમાં લગની લાગી છે, જલન અગ્નિની પેઠે જે,
કદી ના ઓલવાતી છે, સતત ભડભડતી જલતી છે.

ખૂણેખૂણા પ્રકાશીને કરી અજવાળું તે દે છે,
કશો કંઈ અંધકાર જ ના જરા સરખોય રહેવા દે.

સફાચટ સર્વે જે તે-ને બરાબર સ્વચ્છ બનવે છે,
જલાવીને, જલાવીને બધું નિજરૂપ ઠરવે છે.

બધે જ્યાં ત્યાં જ પ્રસરીને પૂરું પક્વ બનાવી દે,
ભીનું ભીનું બધું રસથી નર્યું તરબોળ કરી દે છે.

હરિઃૐ

## હૃદયનો પ્રેમ પ્રસરે છે

હૃદયના પ્રેમના જેવું બીજું કોઈ ન જાદુ છે,
કશું કોઈ ન આકર્ષણ, હૃદયના પ્રેમ તોલે છે.

ભયંકર કેવું આકર્ષણ હૃદય જીવલેણ નીવડે છે !
જીવનના તે સકળ બંધ કરી ભૂકો જ નાખે છે.

થયા વિણ નગ્ન સંપૂર્ણ ન ઢૂંકડે પ્રેમ આવે છે,
હૃદયનો પ્રેમ તો ખુલ્લું બધી રીતે કરાવે છે.

જીવનનાં રોમરોમે શો હૃદયનો પ્રેમ પ્રસરે છે !
પ્રસરતાં નિજનો ઊંડો પ્રભાવ જ પાડતો રહે તે.

હરિઃૐ

# હૃદયના પ્રેમની પ્રાપ્તિ

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેવાનું બનિયું છે,
સ્મરણ લેવાથી તેનો શો સહજ સંબંધ દિલથી છે !

હૃદય સંબંધ એવા તે હરિહરના હૃદય ગમ ત્યાં
-જવાને યજ્ઞ માંડ્યો છે, પૂરું હોમાઈ જવા શું ત્યાં !

પળેપળનું જ હોમાવું કૃપાથી તે થયેલું છે,
ભયંકર તે મુસીબતથી બચાવી, માર્ગ ચીંધ્યો છે.

ધણી ધીંગો હરિ માથે સદા ગર્જંત બેઠો છે,
હૃદય વિશ્વાસ એવાથી શું યજ્ઞ આદરેલો છે !

ચીંધેલાં કર્મમાં તેઓ વફાદારીની દાનતથી,
દટાઈ તે જતાં પૂરાં ખરેખર ધન્ય તેવાં છે !

હૃદયના પ્રેમની પ્રાપ્તિ થયેલા યજ્ઞ એવાથી,
કૃપાથી જે જીવન થઈ છે, જીવનની ખુશનસીબી શી !

હરિઃૐ

## સ્વરૂપ સાચું ખરેખર તે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, ચડસ ધૂન મસ્ત લાગ્યાં છે,
હૃદયની ધૂનથી તેવી ચરણનું લક્ષ્ય લાધ્યું છે.

ચરણ ના સ્થૂળવાચક છે, ચરણ તો ભાવવાચક છે,
હરિના ભાવનું કેવું પ્રતીક પોતે ચરણ શાં છે !

ચરણની લગનીથી ભક્તિ જીવનમાં તે ફૂટેલી છે,
અને તેને લીધે ભાવ જીવનમાં ઊગી નીકળ્યો છે.

સતત તે ભાવ ફૂલમાંનો પરાગ જે ઝરંતો છે,
હૃદયના પ્રેમનું વ્યક્ત સ્વરૂપ સાચું ખરેખર તે.

હરિઃૐ

## નશીલી શી મજા ન્યારી !

જીવનનો સ્વાદ જાણ્યો છે, જીવનનો સ્વાદ માણ્યો છે,
જીવનનો સ્વાદ ચાખ્યો છે, જીવનનો સ્વાદ મહાલ્યો છે.

રસામૃત એ જ જીવન છે, ખરેખર પદકમળનું જે,
ભગીરથ તપ, તપશ્ચર્યા થકી પણ કેવું દુર્લભ તે !

ભજન, કીર્તન થતાં ભાવે જીવન અખંડતા જેની
-પ્રવર્તી જ્યાં ગયેલી જે, નશીલી શી મજા ન્યારી !

હૃદયનાં પ્રેમ મહોબતની લહેજત ત્યારની જે છે,
રસીલો પાત્ર જે કો'ક ચરણ બડભાગી મહાલે તે.

હરિઃૐ

# ગજું બાકી બીજાંનું ના

હરિનો ભક્ત તે પ્રેમ હૃદય પકવી જ જાણે છે,
ગજું બાકી બીજાંનું ના, બીજાં શાં છેરી નાખે છે.

હૃદયના પ્રેમના ભક્ત, જીવનમાં કેટલી વાર
-ચઢીને ફાંસીએ ગરદન કપાવી નાંખતા પદ પર.

થતાં ખુવાર સંપૂર્ણ નશો મદભર ચઢે જેને,
હૃદયથી પ્રેમની ભક્તિ શૂરી તેને વરેલી છે.

પળેપળની ખુવારીમાં, ખુમારીનો નશો એને
-ચઢે કેવો અનુપમ જે ન સંસારી કદી જાણે !

હરિઃૐ

## અમે તે પ્રેમ ગાયો છે

જીવનમાં કેટલી કેવી કસોટી આવી આવીને,
મથામણ શી કરાવીને, પરીક્ષા તો અપાવી છે !

જીવન વિકસાવવા અર્થે હૃદય નિશ્ચય થયેલો જે,
ફલિત તેમાંથી નીપજેલો શું તે પ્રેમ જીવન પરનો !

થતો કેવો રહેલો છે, જીવનનો પ્રેમ વિકસિત જે !
ચઢેલો ઉત્તરોત્તર શો પગથિયે છેક તે ઊર્ધ્વે.

ગગનાતીત શો પ્રેમ ! અમે તે પ્રેમ ગાયો છે,
જીવનના પ્રેમના કેવા હૃદય મસ્તાન અવધૂત જે !

હરિઃૐ

## હૃદયના પ્રેમને કાજે

હૃદયનાં મોકળાં દ્વાર, હૃદયના પ્રેમને કાજે,
થવા ખુલ્લું જીવનમાં તો, હૃદય મથવું પડેલું છે.

હૃદય મોજીલી તત્પરતા ચૂકવવા શી જીવનની છે !
જીવનમાં ચેતનાત્મક તે જણાયા વિણ શેં રહેશે !

હૃદય ન્યોછાવરી ભાવે, સમર્પણ હર્ષ ઉમળકે
-થવાનું પદ પળેપળ છે, ‘જીવનનો મસ્ત લહાવો તે.’

થતા રહેતા સદા એવા અનુભવમાંથી જીવન તે,
ફળ્યા કરતું નૂતન, નૂતન, વળી મૌલિકતા વિશે.

હરિઃૐ

# છલોછલ દિલ છવાયું છે

ટપકતો ભાવ હૈયાનો જીવનની લક્ષ્મી સાચી તે,
સતત દિલ લક્ષ્યધારી તે, હૃદય મથવાનું રાખ્યું જે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણ તે
-હૃદયની પ્રાર્થનાદિથી સ્ફુરંતો ભાવ લાગ્યો છે.

સ્ફુરેલાં ગૂઢ સાધનમાં મચેલો સાધનાભ્યાસે,
હરિપદના રસામૃતથી, છલોછલ દિલ છવાયું છે.

હૃદયથી વહાલ કરવાને હરિને, કર્મ મુજ જે તે
-પ્રભુપ્રીત્યર્થનાં સઘળાં, સમર્પણ પુષ્પ હરિપદ છે.

હરિઃૐ

# શું સર્વોત્તમ રસીલું છે !

હૃદય અનુરાગ દૃઢ બનતાં ઊંડી આસક્તિ લાગી છે,
હૃદય આસક્તિ દૃઢ થાતાં વ્યસન તેમાંથી જન્મ્યું છે.

વ્યસન દિલ લાગતાં પૂર્ણ વ્યસન વિના ન ચાલે છે,
વ્યસનની મસ્ત બલિહારી, વિરલ કો ભક્ત પ્રીછે છે !

વ્યસનનો ભક્ત એવો જે, ગુલામ ના વ્યસનનો છે,
વ્યસન તો પ્રેમભક્તિનું શું લક્ષણ ઉત્તમોત્તમ છે !

વ્યસનનો સ્વામી જે માત્ર, વ્યસન ઉપયોગ કરી શકશે,
બીજા જીવો વ્યસન હાર્દ કદી સમજી ન દિલ શકશે.

હૃદયનો પ્રેમનો ભાવ જીવન જાગ્રત થતો જ્યાં છે,
બધું પરિણામ પ્રેમનું તે શું સર્વોત્તમ રસીલું છે !

હરિઃૐ

# હૃદય પદ બૂમ પાડે છે

લગાડી પ્રીત દિલ ઊંડી મનાદિને પલાળીને
-હૃદય તારે ઠરાવ્યાં છે, થઈ જઈ મુગ્ધ તુજ ચરણે.

ભરોંસો દિલ હતો મુજને 'થવાતાં મુગ્ધ ત્યાં ચરણે
-હૃદય આહ્‌લાદ પામીને શું મળશે સુખ સૂવાને જે !'

લગન ઊંડી ઊંડી તારી હૃદય ભારે લગાડીને,
હવે તલસાટ પ્રગટાવ્યો હૃદય અગ્નિ સમો કાં તેં ?

ન જીરવાયે, ન સહેવાયે, સતત આકર્ષણે તુજ તે
-હૃદય ભાંગી થતું ભૂકો, હૃદય પદ બૂમ પાડે છે.

હરિઃૐ

## हरि દરબારનો રાજા

હૃદયના પ્રેમને ચરણે, બધું જે તે નિવેદીને
-સમર્પ્યાં સૌ કરી કરીને, થતાં ખુલ્લાં શીખ્યાં છીએ.

બધાએ આગ્રહો જે તે શી સમજણ, ટેવ સઘળુંયે !
મડાગાંઠો, મતો જે તે ચરણમાં ઠાલવેલું છે.

હૃદયનો પ્રેમ ખાલી તે રહે ખાલી જ હરદમ જે,
हरि દરબારનો રાજા, ખરેખર પ્રેમ પોતે છે.

હૃદયના પ્રેમમાં ઉત્કટ ઊંડો તલસાટ સળગે છે,
જરા સરખીય તે વિશે ન સંસારી જ વૃત્તિ છે.

હૃદયના પ્રેમને કાંઈ ન સારું કે ન નરસું છે,
હૃદયના પ્રેમમાં ઐક્ય હૃદયથી માત્ર નીતરે છે.

હરિઃૐ

## મનન, ચિંતવન સતત હૈયે

તવાઈને, તવાઈ શા જીવનના હાલહેવાલ
-ઘણા તંગ જ થયેલા છે, નસોમાં લોહી થંભ્યું છે.

હૃદયના પ્રેમને કારણ હૃદય તલસાટ જન્મ્યો જે,
નિરાંતે ઊંઘવા ના દે, ન વળવા જંપ પણ દે છે.

મનન, ચિંતવન સતત હૈયે, શું એકનું એક જીવતું છે !
ઠરીઠામ જ બીજામાં તો જરા ના થઈ શકાતું છે.

નયનની મીટ ને હૈયું, સતત ખેંચાઈને તીવ્ર
-હૃદય દિલ દિલ મિલાવીને, થવા શી ઐક્યની નેમ !

હરિઃૐ

## કલાશક્તિ જ અદ્‌ભુત છે !

હૃદયના પ્રેમની મસ્ત નરી મર્દાનગી શી તે !
ભયંકર આફતો સંકટ સહી કેવાં જ લે છે તે !

હૃદય મળવાતણો કેવો ઉમળકો તો ઊછળતો છે !
હૃદય ઉત્સાહ, આનંદતણી સેરો શી ફૂટતી છે !

હૃદય મળવાની ઉત્કટ જે તમન્ના આગમાં શો તે !
-જલી જલીને જીવન સઘળું ખરેખર રાખ બનવે છે !

અને એ ભસ્મમાંથી શો નવો અવતાર જીવન લે !
હૃદયના પ્રેમની એવી કલાશક્તિ જ અદ્‌ભુત છે !

હરિઃૐ

# હૃદય તે ખાતરીમાં છું

હૃદયના પ્રેમને ચરણે જીવન સઘળું સમર્પીને,
હૃદયના પ્રેમને પૂરો હૃદય સંતોષ દેવો છે.

હૃદય તે રાજી રાજી રહે, જીવનને તે રીતે જીવી,
પળેપળ પ્રેમને પૂરો ખુશાલીમાં જ ધરવો છે.

બધુંયે નામનિશાન જ સમૂળગુંયે ખુદીકેરું
-ભૂંસાઈ તે જવાનું છે, હૃદય તે ખાતરીમાં છું.

અનુભવી પ્રેમને દિલમાં થવાનું પ્રેમ સ્વરૂપે છે,
જીવનમાં એમ ધારી તે ચરણ પડતું જ મેલ્યું છે.

હરિઃૐ

# મહોબતની ગોઠડી

જીવનમાં પ્રેમ મહોબતની થયેલી ગોઠડી શી તે !
વખા કેવા પડાવીને શી તોબા પોકરાવે છે !

'ઊંડે ઊંડે જવાકેરી જીવનમાં તક મળેલી તે',
કંઈક વેળા જતાં નિષ્ફળ, છતાં તેમાંથી ઊગ્યું જે.

કળા ઉપયોગની જેમાં અને તેમાંથી ગ્રહવાની,
મથંતાં ખૂબ, તે ચાવી કૃપાથી હાથ લાગી શી !

ગમે તેવી પરિસ્થિતિ, પછીથી તો ભલે આવે,
છતાં તેમાંથીયે શિક્ષણ મળ્યા કરવાનું અમને છે.

હરિઃૐ

## તપશ્ચર્યા જીવનની તે

અમારે દિલ સહેવાનું નિરંતર કેવું આવ્યું છે !
કશી ફરિયાદ કરવાની ન તે વિશે हरि ! તુજને.

સહેવાનું થતાં હૃદયે हरि તુજ યાદ ઝળકે છે,
સ્ફુરાવે તે હૃદયયાદ અબોલી પ્રેરણા શી જે !

સહેવાનું થતું ભાવે તપશ્ચર્યા જીવનની તે,
સહેવામાં હૃદય હેતુ કૃપાથી જીવતો રહે છે.

સહેવાનું ઉમળકાથી થતું તે તપ ખરેખર છે,
તવાઈને જીવન તેમાં થતું છે શુદ્ધ સાચું જે.

હરિઃૐ

# જીવન વ્યવહાર તેથી તો

બનવવા પક્વ જીવનમાં, પૂરેપૂરા બધી રીતે
-પ્રસંગો તે પ્રમાણેના, દીધા શા તેં ઘડાવાને !

કૃપાથી ભાન તેનું તો પરત્વે તેની તે રીતે.
-રખાયા તો કરાયું છે, તમન્નાનું જ લક્ષણ તે.

જીવન ચેતાવવા હરિને લગન દિલ તેં લગાડી છે,
હરિ તુજ પ્રેમની તોલે, જગતનો પ્રેમ નહિવત્ છે.

અમારે જીવવું મરવું જગતની સાથ નિત્યે છે,
જીવન વ્યવહાર તેથી તો હરિભાવે કૃપાથી છે.

હરિઃૐ

## હૃદયના પ્રેમને ખાતર

શૂળીએ કેટલી વાર લટકવું તો પડેલું છે,
શી અપરંપાર ધીરજની કસોટી તો થયેલી છે !

થતાં કુરબાન સંપૂર્ણ, જીવનનું ધન્ય બનવું તે,
પ્રસંગો કંઈક જીવનમાં કૃપાથી સાંપડેલા છે.

જીવનમાં કારમી વેળા ભયંકર કેવી પ્રગટી છે !
છતાં ના દિલ થડક્યું છે, કૃપા એ શી હરિની તે !

હૃદયના પ્રેમને ખાતર જીવન સઘળું સમર્પ્યું છે,
હવે ફરિયાદ કરવાનો ન અમને તો કશો હક્ક છે.

હરિઃૐ

## હૃદય કેવું તલસતું છે !

નર્યાં શાં આવરણ વચ્ચે નડ્યાં કરતાં જ પ્રગટે છે !
ખરેખર તેથી સંપૂર્ણ અનુભવી ના શકાયે તે.

હૃદય કેવું તલસતું છે ! હૃદય કેવું તડપતું છે !
શું આકર્ષાઈ ગયું દિલ તે ! હવે તરફડતું કેવું તે !

અગન દિલમાં શી જલતી છે ! બળે ભડભડ શું ભડભડતું !
શું એના એ જ ચિંતવનમાં હૃદય ઝંખ્યા જ બસ કરતું !

ભયંકરમાં ભયંકર શો હૃદય તલસાટ વ્યાપ્યો છે !
જીવનમાં एकमां एक, થઈને एक જીવવું છે.

હરિઃૐ

## સહનની અવધિ આવી છે

સહન કરતાં, સહન કરતાં, સહનની અવધિ આવી છે,
પ્રભુપ્રીત્યર્થ સહેતાં સૌ થયો દિલ ભાવ જીવતો તે.

હરિનો ભાવ જીરવતાં જીવન આ ચેતનાત્મક છે,
હૃદયના પ્રેમનો ભાવ તહીં સૌ ફૂટી નીકળે છે.

અમે બિનતારી સંદેશા, હૃદયના પ્રેમની દ્વારા
-સદા મોકલતા શા રહીએ ! છતાં જાણે જગત કંઈ ના.

જણવવાની અમારે તો પડી ના કોઈને કંઈયે,
હૃદયના પ્રેમના ભાવે હૃદય મસ્તાન વિચરીએ.

હરિઃૐ

# અમે તે ભોગવેલું છે

જીવનના પ્રેમના શિખરતણી ટોચે પહોંચીને,
અહાલેક શી જગાવી છે ! મરીને જીવવાનું છે.

થયા વિના પૂરેપૂરું જીવનમાં યોગ્ય તે રીતે,
હરિની વાત ખાલી તે પછી કરવી નકામી છે.

ભયંકર કેવી મુશ્કેલીમહીંથી આ જીવનને તે
-જતાં ઓળંગવા એને ! નવું શિક્ષણ મળેલું છે.

હૃદયનો પ્રેમ તે કાંઈ મળે ના એમ ને એમ,
થઈ કેવું જવું પડતું અને તેયે ઉમળકાથી !

અનુભવવા હૃદયપ્રેમ થયું શું શું અમોથી જે !
તપશ્ચર્યા જીવન સમજી અમે તે ભોગવેલું છે.

હરિ:ૐ

## બધુંયે કામ સીધે છે

પૂરેપૂરી થયા વિના કસોટી સર્વ બાજુથી,
જીવનનો પ્રેમ મેળવવો ન હાંસીખેલ કો રીતથી.

કૃપા જ્યારે હરિવરની જીવન પર તે થયેલી છે,
હૃદયનો પ્રેમ ત્યારે તો શો અણબોલ વરી રહેશે !

કૃપાશક્તિ હરિકેરી હરિના ભક્ત પર વરસે,
હરિભક્ત થવા કાજે જીવન ઓગાળી નાખ્યું છે.

હરિ જ્યારે થતો રાજી બધુંયે કામ સીધે છે,
હરિનો પ્રેમ શો બારે પછીથી મેઘ વરસે છે !

હરિઃૐ

# જીવનનો પ્રેમ રાજા છે

જીવન વિકસાવવાને મેં કૃપાથી તો મુસીબતને
-સ્વીકારીને પૂરો તેનો, જીવન ઉપયોગ કીધો છે.

મુસીબતને, મુસીબત ના હૃદયથી મેં ગણેલી છે,
હૃદયના પ્રેમના હાર્દતણી શી તે કસોટી છે !

હવે તો જીવવું મરવું હૃદયના પ્રેમને કર છે,
પરંતુ આ શરીર કેવું ખરેખર દોદળું તે છે !

જીવનનો પ્રેમ રાજા છે, જીવનનો પ્રેમ હરિ પણ છે,
હૃદયનો પ્રેમ દરબાર શું સચરાચર બિરાજે છે !

હરિઃૐ

# અખંડિત રસની સમતુલા

ભયંકર શા કળણમાંથી, ચરણ આકર્ષણે મારા
-ગ્રહી કર ખેંચીને બહાર, મને શો તાણી કાઢ્યો છે !

સ્મરણના ભાવથી મુજને ચરણ કેવાં જડેલાં છે !
ચરણના સ્વાદની ભક્તિ થકી દિલ ભાવ જાગ્યો છે.

અખંડિત ભાવની જ્યોતિ જીવન જલતી થયેલીએ
-જીવનમાં શો જગાડ્યો છે, હરિનો પ્રેમ ઊંડો તે !

થતાં એકાગ્ર હરિપ્રેમ, પછી કેંદ્રિત થયેલો જે,
થતાં કેંદ્રિત સંપૂર્ણ, પછી વિસ્તરવા લાગે છે.

બધે જેમાં અને તેમાં થતું રસનું જ દર્શન છે,
પછી સમતુલા રસની જે થતી ખંડિત કદી નવ તે.

હરિઃૐ

# લીલા એની શી ન્યારી છે !

નિરંતરના સતત એવા સતત અભ્યાસને લીધે
-હૃદયનો પ્રેમ જાગે છે, જીવંતો ચેતનાત્મક તે.

જીવન તે વેળ પોતાનું જૂનું પાસું શું બદલે છે !
નવો અવતાર ધારે જ્યાં લીલા એની શી ન્યારી છે !

જીવનનો મર્મ અદ્‌ભુત શો ! અનુભવમાં ન આવ્યો જે,
શું એનું એ જ તે હોવા છતાં જુદું રસીલું છે !

જૂનું ખોખું ઉપરનું તો રહે અકબંધ એનું એ,
પરંતુ માંહ્યલું એનું કલેવર પૂર્ણ જુદું છે.

હરિઃૐ

## હૃદય ચકચૂર ત્યાં મદમાં

બહુ ઉત્કટ અભિલાષા હૃદયદર્શનની શી રહે છે !
વિના દર્શન મજા દિલની કશી ના ફોરતી રહે છે !

થતાં દર્શન ખુમારીનાં, નશો મસ્તીનો ચઢતો છે,
બધું પોતાનું સર્વસ્વ તહીં ભાન જ ભુલાયે છે.

હૃદયના પ્રેમના ભાવ વિશે તદ્રૂપ સંપૂર્ણ
-થઈ થઈને હૃદયરસની, સતત હેલી જ વર્ષે છે.

હૃદયના પ્રેમના ભાવતણું ઉત્કટપણું બઢતાં,
થવાતાં પ્રેમમાં મસ્ત હૃદય ચકચૂર ત્યાં મદમાં.

તહીં તલસાટ દર્શનનો ભભૂકતો ભવ્ય પ્રગટે છે,
શરમ, સંકોચ, મર્યાદા, ફગાવી સર્વ તે દે છે.

હરિઃૐ

## મથાવે શો હૃદય પ્રેમ !

વરી ચૂકેલની કેવી વફાદારી હૃદયની તે !
ભલે રખડ્યા, છતાં દિલ તો જીવંતું પ્રેમની પ્રત્યે.

અનંત જ કાળનો કેવો પડેલો દિલ અભ્યાસ !
ફીટે તે એકદમ કેમ ? મથાવે શો હૃદય પ્રેમ !

વફાદારી, પ્રમાણિકતા, હૃદયની નેક દાનત જે,
જીવનના નિમ્ન ઢાંચાને વળાવી દે બરાબર તે.

વફાદારીથી દિલ ભાવ બઢ્યા કેવો કરેલો છે !
પછી શો પ્રેમની પ્રત્યે હું આકર્ષાઈ ગયેલો જે !

હરિઃૐ

# જીવનનાં દ્વાર ખોલ્યાં છે

હૃદયનો પ્રેમ જો છે તો વફાદારીની નિષ્ઠા છે,
પ્રમાણિકતા સમા એવા બીજા ગુણો જ સાથે છે.

ફનાગીરી સમર્પણની હુતાશન ભવ્ય પ્રગટે છે,
બલિદાનોતણી કેવી તહીંયે પરંપરાઓ છે !

વફાદારીની નિષ્ઠાની જીવનમાં ઑર સૌરભ છે,
પુરુષાર્થે મથામણના જીવનમાં ફાલ મોર્યો છે.

વિપત્તિ, ગૂંચ જેથી સૌ ઉકેલાવા હૃદયપ્રેમે,
ધીરજ, ધરપત, હૃદય હિંમત, જવાંમર્દી શું બક્ષ્યાં છે !

મહેનત, ખંત, ઉદ્યમથી જીવનને ખેલવા અર્થે
-મથાવીને હૃદયપ્રેમે જીવનનાં દ્વાર ખોલ્યાં છે.

હરિઃૐ

## જીવન જીવવાની શી લિજ્જત !

સ્મરણ અવિચલ થયામાંથી, હૃદયમાં ભાવ ખીલ્યો છે,
અસ્ખલિત ભાવમાંથી જે, ફૂટેલું પ્રેમ ઝરણું છે.

હૃદયના પ્રેમના ગૂઢ, પ્રભાવે ને પ્રતાપે તે,
જીવન મહોરી થયું નૂતન, વળી નવપલ્લવિત પોતે.

જીવન તેવાની અંતરની, અહાહા ! ખુશબો શી જે !
શું નંદનવન જીવનને તો, ખરેખર તે બનાવે છે !

બહાલી ઑર ખીલે છે, જીવનની તે પળે અદ્‌ભુત !
-રસીલું ને છબીલું તે, જીવન જીવવાની શી લિજ્જત !

હરિઃૐ

# ખંડ - ૩

# પ્રેમની કળા

હૃદયનો પ્રેમ લાગેલો કદી છાનો ન રહે છે તે,
વિના બોલ્યો જ બોલે તે, હૃદય પરખાઈ આવે છે.

હરિઃૐ

## કળા શી પ્રેમની તે છે !

અરે ! સંસારી ઓ લોકો ! કરો કાં પ્રેમની વાતો ?
સજીવન પ્રેમની ઊંડી લગન ભડકે બળે કાં છે ?

વિના લક્ષણ કશું કંઈ પણ કશું વદવું જ મિથ્યા છે,
ન જેની વાસ્તવિકતા છે, ઝૂડ્યા શા લોક કરતા છે !

હૃદયનો પ્રેમ લાગેલો કદી છાનો ન રહે છે તે,
વિના બોલ્યો જ બોલે તે, હૃદય પરખાઈ આવે છે.

નયન, વાચા, મનોમનથી પરસ્પરનાં શું વર્તનમાં !
ન પરખાયા વિના રહે તે, કળા શી પ્રેમની તે છે !

હરિઃૐ

## ચલિત કેમે થતો ના તે

નર્યો સંસારમાં પ્રેમ શું ધૂત્કારાઈ જતો છે તે !
ન તેને મૂળ સ્વરૂપે તો હૃદય ઓળખતું કોઈ છે.

છતાં નિજ ધર્મ પોતાનો સહજ મૂળ તો રહેલો જે
-જીવનમાં તે પ્રમાણે તે સતત શો વર્તતો રહે છે.

'ભલે કોઈ તે માને કે ન માને' દિલ ન પરવા છે,
છતાં નિજની ગતિમાંથી ચલિત કેમે થતો ના તે.

સ્વયંભૂ સહજ ગતિનો શો સ્વધર્મે ને સ્વભાવે તે !
અનોખો ઑર સંપૂર્ણ ખરેખર એ અલખ રૂપ છે.

હરિઃૐ

## હૃદયનો પ્રેમ

હૃદયના પ્રેમને કોણ જગતમાં પ્રીછવાનું છે ?
પ્રણયનો દર્દી તે માત્ર હૃદયનું દર્દ જાણે છે !

જગત સંસાર વ્યવહારે નર્યો શો મોહ પ્રસરે છે !
ન એવા કોઈને પણ તે ગતાગમ પ્રેમની તે છે.

હૃદયનો પ્રેમ તો ત્યાગ, સમર્પણ સૌ કરી દે છે,
જતો હોમાઈ સંપૂર્ણમહીં પૂરો પ્રવેશે છે.

ફનાગીરી જીવનકેરી, જીવન ન્યોછાવરી કરતાં
-હૃદયના પ્રેમને કેવો ઉમળકો હર્ષ ઊછળે ત્યાં !

હરિઃૐ

## ન કોઈથી જ પરખાયે !

હૃદયના પ્રેમને જ્યાં ત્યાં શું જાકારો જ સાંપડતો !
સ્વીકાર કોઈથી ભાગ્યે થતો લાગે જીવનમાં તો.

છતાં ના પ્રેમ તરછોડે, તિરસ્કારે ન કોઈને,
ન હડસેલી કદી મૂકે હૃદયનો પ્રેમ એવો છે.

ન ધિક્કારે, ન છોડી દે, કદી ના સાથ મૂકી દે,
શું સાથે ને રહે સાથે, છતાં ના કોઈ જાણે તે !

ભલે સ્વીકાર સત્કાર થતો ના છે છતાં પણ શો !
-અજાણ્યો સાવ તે રહેતો, ન કોઈથી જ પરખાયે.

હરિઃૐ

## સદા અદ્વૈતનો ધંધો

સકળ દુનિયાતણો રસ પણ હૃદયના પ્રેમ આગળ તે
-કશા હિસાબમાં ના છે, હૃદયનો પ્રેમ ન્યારો છે !

હૃદયના પ્રેમનું માત્ર ખરે કર્તવ્ય એક જ છે,
મળી, ભળી ને ગળી જઈને થવાનું एक જાણે તે.

સદા અદ્વૈતનો ધંધો હૃદયના પ્રેમનો શો છે !
મળેલાં પ્રેમ હૈયાથી હૃદયનો પ્રેમ જીતે છે.

હૃદય સત્કાર દેવાને રસીલાં દિલ તત્પર છે,
હૃદયના પ્રેમનો રસ તે અખંડાનંદ કેવો છે !

હરિઃૐ

# હૃદયનો પ્રેમ એવો છે

હૃદય ઉષ્મા શું પ્રગટાવે, સ્ફુરાવે પ્રેરણા શી તે !
જીવન રસઘેલું બનવે છે, ખરેખર પ્રેમ એવો છે.

અનંતાનંત દિશાઓતણી બારી ઉઘાડે છે,
બધું ખુલ્લું કરાવી દે, હૃદયનો પ્રેમ એવો છે.

બધાયે ભેદ ભાંગે છે, રુકાવટ ના કશી રહે છે,
બધું એકમેક આધારે કરી દે પ્રેમ, એવો છે.

હૃદય આનંદ મસ્તીની શી છાલક તે ઉરાડે છે !
રસીલા પ્રેમની દુનિયા અજાયબ શી નશીલી છે !

હરિઃૐ

## હૃદયના પ્રેમને લીધે

હૃદયના પ્રેમને લીધે હૃદય સાંકળ જડાઈ છે,
છૂટો કેમે કરીને તો હવે છૂટી પડે ના તે.

કશું વેંઢારવું પડતું હૃદયના પ્રેમને ના છે,
ન કંટાળો કશાનો છે, ન ધૂત્કાર કશા પ્રત્યે.

બધાંને દિલની ઉષ્મા મથે પ્રેરાવવા સહજે,
બધો સ્વૈચ્છિક સ્વીકાર અને સત્કાર એને છે.

થવું ખાખ પૂરેપૂરું હૃદયનો પ્રેમ જાણે છે,
સમૂળો ત્યાગ દિલ ભાવે સમર્પણથી થતો રહે છે.

હરિઃૐ

## હૃદયનો પ્રેમ તત્પર છે

હૃદય સત્કારવાને શો હૃદયનો પ્રેમ તત્પર છે !
પકડમાં આવવા કોઈ ન તૈયાર છતાં પણ છે.

હૃદયનો પ્રેમ તો પૂર્ણ સ્વતંત્રતા શી બક્ષે છે !
વળી માલિકીનો હક્ક કશો ના પ્રેમ રાખે છે.

સરળતા પ્રેમની અદ્‌ભુત બધી રીતે સહજ શી છે !
હૃદયથી બાથ ભરવાને હૃદયનો પ્રેમ આગળ છે.

જતું સર્વસ્વ કરી દેવા હૃદયનો પ્રેમ રાજી છે,
શરણ રહેવા ખુશાલી છે, છતાં સર્વોપરી શો તે !

હરિ:ૐ

## મુલાયમ પ્રેમ એવો છે

હૃદયના પ્રેમનાં સગપણ બધાં જે તે-ની સાથે છે,
કશી જુદાઈ કોઈથી જરા સરખી ન ત્યાં રહે છે.

કશો ભય પ્રેમમાં ના છે, કશી તડ પ્રેમમાં ના છે,
ન રકઝક પ્રેમમાં કૈં છે, મમત્વ પ્રેમમાં ના છે.

કશા આગ્રહ ન કૈં પણ છે, ન કોઈ મતમતાંતર છે,
ન કોઈ પક્ષ એને છે, દિલાવર પ્રેમ એવો છે.

થતું જે જેમ કંઈ પણ છે, થવા તે તેમ દે છે તે,
ન વચ્ચે આવતો તે છે, મુલાયમ પ્રેમ એવો છે.

હરિઃ ૐ

# વફાદારીની નિષ્ઠા જે

હૃદયના પ્રેમને મહોબત થતી કોઈ જીવ સાથે જે
-જીવનની ખુશનસીબીની ખરેખર ધન્ય પળ શી તે !

હૃદયનો પ્રેમ કોઈને કદી મૂકી ન દેતો છે,
હૃદયના પ્રેમના જેવું ન કોઈ પૂર્ણ ખુલ્લું છે.

વફાદારીની નિષ્ઠા જે હૃદયના પ્રેમની તે છે,
ન તેવી કોઈની પણ છે, શું અદ્વિતીય ન્યારો તે !

શું સાથોસાથ જીવનની હૃદયનો પ્રેમ શો રહે છે !
જીવનમાં પ્રેમની ઉષ્મા અનુપમ હૂંફ બક્ષે છે.

હરિઃ ૐ

## હૃદયના પ્રેમનો સ્પર્શ

ન નિસ્બત પ્રેમને કંઈ છે, છતાં નિસ્બત બધી શી છે !
બધાંમાં તે ભળેલો છે, છતાં તે નિઃસ્પૃહી પૂર્ણ.

હૃદયના પ્રેમનો ગુણ ભળી શો દિલ જવાનો છે !
ભળ્યા વિના હૃદયને એને જરા પણ ચાલતું ના છે.

કળા, કૌશલ્ય ભળવાનાં હૃદયનો પ્રેમ જાણે છે,
થતાં એક જ રૂવે રૂવે લહર આનંદ મોરે છે.

ઊંડે નિમ્નેય અવતરતાં હૃદયનો પ્રેમ નાચે છે !
હૃદયના પ્રેમનો સ્પર્શ કૃપાથી શો થતો રહે છે !

હરિઃૐ

## શી રમઝટ દિલ એને છે !

મડાગાંઠો કશી પણ ના, પરસ્પર કંઈ હૃદય વચ્ચે,
હૃદય તો તે હૃદયથી કંઈ ન કોઈ વાત જુદું છે !

અગોચર ને અનિર્દેશ્ય, હૃદયનો દેશ જુદો છે,
હૃદયના દેશની તે શી ભૂમિકા ઇંદ્રિયાતીત છે.

ઇંદ્રિયો નિમ્ન રસ લેતી સમૂળગી બંધ થાયે છે,
પછીથી ઇંદ્રિયો પોતે હૃદયરસ ઝંખતી રહે છે.

વિષય સંપૂર્ણ તેઓનો જતો બદલાઈ મૂળથી છે,
ગમે ત્યાંથી પછી રસની શી રમઝટ દિલ એને છે !

હરિઃૐ

## હૃદયનો પ્રેમ અદ્વૈત

નજીક પાસે, હજી પાસે, હજી તેનાથીયે પાસે,
પરસ્પરથી પરસ્પરમાં થવા एक પ્રેમ ઝંખે છે.

હૃદયનો પ્રેમ તાદાત્મ્ય હૃદયની ભાવનાથી તે,
ચહી ચહીને શું તલસાટે હૃદયથી તે થવા તલસે !

હૃદયના પ્રેમનો ધર્મ સતત ચાહવાતણો શો છે !
હૃદયના ચાહવામાં તો હૃદય ઐક્ય વસેલું છે.

હૃદયનો પ્રેમ અદ્વૈત જીવનઆદર્શ સ્વીકારે,
વિના ઐક્ય બીજું કાંઈ ન ખપનું પ્રેમને તે છે.

હરિઃૐ

## પૂરેપૂરો શું જુદો છે !

રડાકૂટ કૈં જ ના એને, કશી જંજાળ ના એને,
ન માથાકૂટ કશી એને, પળેપળ તે પ્રસન્ન જ છે !

બધાંનો સંગ એને છે, છતાંયે સંગ નિજ એને,
ભળેલો છે બધાંમાં તે વળી સહુથી અનોખો છે.

ભળે ત્યાં એક રસ શો તે ! છતાં તે તે પળે પોતે
-ભળેલાંથી જ સંપૂર્ણ, પૂરેપૂરો શું જુદો છે !

વિરોધો કેટલા આડા ઊભેલા એની સામે છે,
છતાં કેવી લગન એને સતત ભળવાની દિલમાં છે !

હરિઃૐ

## ચઢે શો પ્રેમનો રંગ !

અપવિત્ર કે પવિત્ર જ કંઈ કશું એવું ન એને છે,
બધાંને ચાહવાનો શો સહજ મૂળનો સ્વભાવ જ છે !

છતાં જે ભક્ત એના છે, હૃદયથી પ્રાણપ્યારા તે,
અનોખા ભાવથી શો તે બધાંને તો નવાજે છે !

હૃદયમાં ભાવ નિજ માટે તલસતો મસ્ત નીરખે છે,
ન છાનુંમાનું તેનાથી પડી રહેવાનું બનતું છે.

વટાઈ ત્યાં જતાં પૂર્ણ, ચઢે શો પ્રેમનો રંગ !
હૃદયથી શા પછી બનતા ખરેખર મસ્ત અલમસ્ત !

હરિઃૐ

# ફૂટી તે આપ નીકળે છે

હૃદયના પ્રેમનો ભાવ ઊછળી ઊછળી ઊછળતો છે,
નસેનસ ને રગેરગમાં બધે શો મસ્ત પ્રસરે છે !

જીવનમાં પ્રેમનો ભાવ ખુમારી ને નશો શો તે !
લહર, લહરો શું પ્રગટાવી હૃદય બહલાવી તે દે છે !

જીવનમાં મસ્તી પ્રગટે છે, ટટારી ઑર ખીલે છે,
જીવનમાં મસ્તીની તેવી ખબરદારી અનેરી છે !

જીવનનું સર્વ કૌવત ને બધી શક્તિ મળેલી જે,
ફૂટી તે આપ નીકળે છે, પ્રસાદી પ્રેમની શી તે !

હરિઃૐ

# ન એને કોઈ મર્યાદા

જીવનને તરબતર કરી દે જીવનને પુરબહારે તે
-રસે ભરપૂર ખીલવે છે, હૃદયનો પ્રેમ એવો છે !

હૃદયનો પ્રેમ તત્પર શો ! જીવન ઉન્નત કરી દઈને
-પૂરેપૂરો જ ગળવાને, ખુશાલી પ્રેમની શી તે !

હૃદયના પ્રેમની ખુશબો સચેતન શી સદા રહે છે !
શી ફોરી ફોરી મોરે છે ! સતત વિસ્તાર પામે તે.

ન એને કોઈ મર્યાદા ગરુડપાંખે ચઢીને તે
-ગગનની પાર પહોંચીને, ઊડે આકાશ પારે તે.

હરિઃૐ

## સમર્પણ, ત્યાગ, કુરબાની

બધું પાતાળ ફોડીને હૃદયનો પ્રેમ પહોંચે છે,
ન એને છે કશું નડતર, ન નડતર પ્રેમ જાણે છે.

હૃદયનો પ્રેમ તો કેવું ઊથલપાથલ કરી દે છે !
ભૂમિકા પ્રેમ પ્રગટાવે નવું સર્જન થવા કાજે.

સમર્પણ, ત્યાગ, કુરબાની હૃદયપ્રેમ કરાવે છે,
હૃદયના પ્રેમનો એવો સહજ શો ગુણ ધર્મ જ છે !

સમાઈ સાવ સંપૂર્ણ જવાને પ્રેમ તત્પર છે,
થવા રસબસ પૂરેપૂરો હૃદયનો પ્રેમ તત્પર છે.

હરિઃૐ

## રસામૃત દિલ પીવાને

હૃદયનો પ્રેમ ન્યોછાવર થવા શો થનગને છે તે !
વહોરંતાં ફનાગીરી હૃદયથી તાન લાગે છે.

હૃદયનો પ્રેમ તો ત્યાગ બધું જે તે જ કરવાને,
પૂરેપૂરો જ હોંશીલો શું ખંતીલો ખરેખર છે !

સતત બલિદાન દેવા તે, જવા હોમાઈ યજ્ઞે તે,
હૃદયના પ્રેમને કોડ નૂતન કેવા જ પ્રગટે છે !

બધું સ્વીકારીને લઈને ગ્રહી નવનીત લેવાને,
રસામૃત દિલ પીવાને અધીરો પ્રેમ કેવો છે !

હરિઃૐ

## સ્વભાવ જ પ્રેમનો શો તે !

પ્રવેશે છે હૃદય પ્રેમ થવા નિજરૂપ જ્યાં ત્યાં તે,
કઠણ ભૂમિકા ભલે પથ્થર સમી છો હોય તોયે જે.

ન મુશ્કેલી જ ગણકારે, ભલે અવરોધ છો હોયે,
હૃદયનો પ્રેમ તો કેવું બધું ઉડાડી તે દે છે !

હૃદયના પ્રેમનો ધર્મ થવા નિજરૂપ જીવનમાં
-સતત તે લક્ષ્ય ધારીને, ભળે શો પ્રેમ જે તે-માં !

થવા તદ્રૂપ પ્રત્યક્ષ હૃદયનો પ્રેમ તલસે છે,
શું એકાકાર દિલ બનવા સ્વભાવ જ પ્રેમનો શો તે !

હરિઃૐ

# શી બક્ષિસ પ્રેમની તે છે !

જરા અળગું થવા દિલથી હૃદયનો પ્રેમ ના ઈચ્છે,
અડોઅડ સાવ દિલ દિલથી થવા एक, પ્રેમ ઝંખે છે.

શી તલભરની જુદાઈને સહી ના પ્રેમ કંઈ લે છે !
જરા તલ જેટલું છેટું કરોડો ગાઉ લાગે છે.

સતત બસ એકનું એક જ રટણ દિલ પ્રેમને શું છે !
સમાવાને હૃદય ભીતર હજી ઊંડે જ ઇચ્છે છે.

હૃદયનો ભાવ મહોબતને ઉછાળો પ્રેમ બક્ષે છે,
તડપતું ને તલસતું દિલ શી બક્ષિસ પ્રેમની તે છે !

હરિઃ ૐ

## મિટાવી દેવું ઝંખે તે

જરા કૈં દૂરપણું પ્રેમ કદી પણ તે ન સાંખે છે,
જીવનને સાવ સંપૂર્ણ મિટાવી દેવું ઝંખે તે.

સરકી સરકી હૃદયપ્રેમ હૃદયની પાસ નજદીક તે,
થઈ નજદીકથી નજદીક હૃદય પ્રત્યક્ષ શો ત્યાં છે !

પછી ના કંઈ જુદાઈ છે, પરસ્પર એકમેક જ છે,
પરસ્પર ભાવનું ઐક્ય જીવન પાંગરતું આવે છે.

હૃદયના પ્રેમનું ઐક્ય પરસ્પરનું શું અદ્ભુત છે !
ચમત્કારિક, મૌલિક તે જીવનમાં જે પ્રકાશે છે.

હરિ:ૐ

## સહજ રસપાન કરવું છે

જરા સરખું છૂટા પડવું કદી ના પ્રેમ જાણે છે,
થઈ એકમેક દિલ દિલથી થવું રસબસ શું જાણે તે !

છલોછલ રસથી ઊભરાઈ સહજ રસપાન કરવું છે,
ન કરવું માત્ર કિંતુ તે સહજ અભ્યાસ એનો છે.

હૃદય રસની જ રામાયણ જીવનમાં કેવી ચાલે છે !
જીવનમાં એક પળ પણ ના વિના રસ જીવી શકતો તે.

શું આંતરબાહ્ય રસ રસ છે ! બધું રસથી ભરેલું છે,
વિના રસની કશી દુનિયાનું અસ્તિત્વ ન એને છે.

હરિઃૐ

# હૃદયના પ્રેમની દુનિયા

શું મન ફંફોળવામાંથી બીજાનાં પોટલાંને તે
-પડતું નહોતું જ નવરું જે, હવે ઠામે પડેલું છે.

હૃદયના પ્રેમનો ભક્તિનશો દિલ જ્યાં ચઢેલો છે,
પ્રક્રિયા સૌ મનાદિની જતી બદલાઈ લાગે છે.

હૃદયના પ્રેમનો કેવો ચમત્કાર ગજબનો છે !
જીવનમાં ફેરપલટા શા હૃદય પ્રેમે કરાવ્યા છે !

હૃદયના પ્રેમની દુનિયા બધી કેવી નિરાળી છે !
બીજું ના પ્રેમને કોઈ છે, બધું જે તે ખરેખર તે.

હરિઃૐ

## મનાદિ સર્વ કરણોયે

હૃદયનો પ્રેમ બીજાનું કશું જોવા ન નવરો છે,
સદા અલમસ્ત શો નિજમાં પરોવાઈ રહેલો તે !

કદી પણ નિજ વિના તેની ન ક્યાંયે વૃત્તિ ઠરતી છે,
હૃદયરસને વિશે કેવી સતત તરબોળ વહેતી છે.

હૃદયના પ્રેમનું યોગ્ય હૃદયરસ માત્ર ભોજન છે,
જીવન એનું ભર્યું ભરપૂર રસે કેવું ઊછળતું છે !

રગેરગમાં ભરેલી છે, હૃદયરસ મસ્તી ન્યારી તે,
નસેનસ થનગની કૂદતાં જીવંતાં થઈ ગયેલાં છે.

મનાદિ સર્વ કરણોયે, વળેલાં ને ઢળેલાં છે,
હૃદયપ્રેમ પરત્વે શાં તલસતાં પ્રેમ અર્થે છે !

હરિઃૐ

## હૃદયનો પ્રેમ જ્યાં ફળતો

હૃદયનો પ્રેમ જ્યાં ફળતો જતો જ્યાં હોય છે ત્યારે,
જુદાં જુદાં બધાં લક્ષણ જીવન પ્રત્યક્ષ વર્તે છે.

શરીરની જડ સમી નિદ્રા, લઢણ ખોરાકની, તનની,
હૃદયમાં ભાવ પ્રગટંતાં, થતાં ઓછાં જ લાગે છે.

ગમે તેટલુંય હો કર્મ છતાં ના બોજ તેનો છે,
બધું આટોપવામાં તે હૃદય તૈયાર તત્પર છે.

જવાનું હારી મન, દિલથી કશાથીયે ન બનતું છે,
ટટારી ને ખબરદારી નશીલી દિલ પ્રવર્તે છે.

હરિઃૐ

# છતાં રસ, રંગ જુદા છે

હૃદયનો પ્રેમ જ્યાં ફળતો જતો જ્યાં હોય છે ત્યારે,
જુદાં જુદાં બધાં લક્ષણ જીવન પ્રત્યક્ષ વર્તે છે.

બહિર્મુખતા જીવનમાંથી શી અંતર્મુખ વળતી છે !
મનાદિ સર્વ ઇંદ્રિયો, વળે છે ભાવ પ્રત્યે તે.

પહેલાં જેમ લોભાતાં જતાં મોહાઈ કેવાં તે !
હવે તેમાં ભલે પેસે છતાં રસ, રંગ જુદા છે.

જૂનું છો એનું એ લાગે, છતાં તેમાંથી નવનીત જે
-અનોખું તારવી લેતાં, મનાદિ મસ્ત તત્પર છે.

હરિઃૐ

# સ્ફુરે છે સૌ સ્વયંમેળે

હૃદયનો પ્રેમ જ્યાં ફળતો જતો જ્યાં હોય છે ત્યારે
-જુદાં જુદાં બધાં લક્ષણ જીવન પ્રત્યક્ષ વર્તે છે.

હતા જે પૂર્વગ્રહ ઊંડા, મતાગ્રહ જે પડેલા તે,
બધી સમજણ વળી ટેવો, જતું હઠતું શું લાગે છે !

જૂની જૂની બધી આદત લઢણ સૌ જીવદશાનીયે,
ન તે તે રીત અસ્તિત્વ હવે તો તેમનું કંઈ છે.

બધી વિચારવાનીયે હતી જે પ્રક્રિયા તે તે,
દલીલ, તર્ક હવે ના છે, સ્ફુરે છે સૌ સ્વયંમેળે.

હરિઃૐ

# જુદાં જુદાં બધાં લક્ષણ

હૃદયનો પ્રેમ જ્યાં ફળતો જતો જ્યાં હોય છે ત્યારે
-જુદાં જુદાં બધાં લક્ષણ જીવન પ્રત્યક્ષ વર્તે છે.

કશા કંઈની જ માથાઝીક ન ઉદ્‌ભવતી કદી રહે છે,
ફિકર, ચિંતા, કશો બોજો કશા કંઈનો ન લાગે છે.

કશામાં ભેરવાયેલા, ગૂંચાયેલા ન લાગે છે,
હૃદય ફૂલની સમા હળવા પ્રસન્ન, શાંત લાગે છે.

વિપત્તિ, વિઘ્ન, મુશ્કેલી ભલે ગર્જતી માથે હો,
છતાં નિશ્ચિંતતા કેવી ટકોરાબંધ જીવતી છે !

હરિઃૐ

# બધાંમાંથી જ નીકળવું

હૃદયનો પ્રેમ જ્યાં ફળતો જતો જ્યાં હોય છે ત્યારે
-જુદાં જુદાં બધાં લક્ષણ જીવન પ્રત્યક્ષ વર્તે છે.

જુદી જે એકબીજાથી નવી નવી શી ભૂમિકાઓ
-પ્રગટતી જે જતી લાગે ! તટસ્થ ત્યાં પ્રવર્તાયે.

કંઈક જે ભૂમિકા વિશે પડી રહેવાનું આવે છે,
છતાં તેની ગતાગમની બધી સમજણ જીવંતી છે.

બધાંમાંથી જ નીકળવું પૂરું સોંસરવું પાર જ તે,
જીવનના ધ્યેયમાં ઠરવાતણી ચાવી ખરેખર જે !

હરિઃૐ

## નૂતન અનુભવ કરાવે છે

હૃદયનો પ્રેમ જ્યાં ફળતો જતો જ્યાં હોય છે ત્યારે
-જુદાં જુદાં બધાં લક્ષણ જીવન પ્રત્યક્ષ વર્તે છે.

નવીન અદ્‌ભુત ઉત્સાહતણો ઉન્મેષ જગવે છે,
ઊંડે પાંગરતો શો જઈને નૂતન અનુભવ કરાવે છે !

પહેલાં જે ન જાણ્યું'તું પહેલાં ના સમજતો જે,
હવે પ્રત્યક્ષ સૌ તે તે હૃદય પ્રેમે કરાવ્યું છે.

લપાયેલું છુપાયેલું કદી નજરે ન પડતું જે,
થતાં ખુલ્લું હૃદયમાં શો મહા આનંદ ઊછળે છે !

હરિઃૐ

# હૃદયના પ્રેમનું યૌવન

હૃદયના પ્રેમનું યૌવન ઊછળતું ને ધબકતું છે,
સહજ નિત નિત ખીલંતું તે, ભર્યું અલમસ્ત રસથી છે.

હૃદય રસથી શું છલકાતું, બધું અંતરનું ઝરણું તે !
નયન, મુખ પર શી છાયાથી, કદીક પરખાઈ આવે છે !

કદીક વાણી વિશે કેવો સહજ રણકાર વ્યાપે છે !
કદી છાનો ન રહી શકતો, રસીલો પ્રેમ એવો છે.

ભર્યો ભરપૂર રસથી છે, ન વર્તાયે છતાં રસ તે,
કંઈક ગાંડા થઈ, એના પરે વારી ગયેલા છે.

હરિઃૐ

## પ્રણયનો ગુણધર્મ જ છે

પ્રણયનો ગુણધર્મ જ છે, સતત પાછળ શું પડવાનો !
મનન ચિંતવન સહજ એનું થયા કરતું જ રહેવાનો.

હૃદયના પ્રેમની બોલી કદીક બરછટ ખરેખર છે,
છતાં તેમાં સમાયેલું વદાયેલું શું તથ્ય જ છે !

કદીક તે તોછડું લાગે, વિનય જેમાં કશો ના છે,
કશું વિવેકનું ભાન ન જળવાયેલ લાગે છે.

છતાં શો તે સ્વયંભૂ છે ! ભલે પરખાઈ ના'વે છે,
જીવન એનાથી સ્પર્શાતાં જીવનના લાભ નક્કર છે.

હરિઃૐ

# હૃદય બસ મસ્તીમાં મસ્ત

હૃદયમાં પ્રેમની ધૂન જીરવવી ખૂબ અઘરી છે,
પચાવી જે શકેલા છે, કદર તે માત્ર બૂઝે છે.

હૃદયનો પ્રેમ દીવાનો સતત મશગૂલ નિજમાં છે,
પળેપળની રમત એની જુદી જુદી નિરાળી છે.

શરમ કે લાજ એને ના, ન સંકોચ કશો પણ છે,
ખરેખર મસ્ત બેતાજ જીવનનો બાદશાહ જ તે.

જીવનમાં મહાલવા વિના કશો ધંધો ન એને છે,
હૃદય બસ મસ્તીમાં મસ્ત સદા ગુલતાન શો રહે છે !

જીવનની સ્થૂળ ભૂમિકા વિશે પણ તે રમત રમતો,
પ્રવેશાવાતણો એનો મૂળે છે ગુણધર્મ જ શો !

હરિઃૐ

## અગન શી ઝંખના એને

હૃદયનો પ્રેમ તો કેવો પરસ્પરને હૃદય સાથે !
હૃદયમાં એક સંપૂર્ણ કર્યા કેડે જ જંપે છે.

તલસતો ભાવ હૈયાનો સમાતો જે ન નિજ વિશે,
સતત ઊભરાઈ, ઊભરાઈ પ્રસરતો શો બધે રહે છે !

સહજ શી ઉડ્ડયનશીલ છે, અમર્યાદિત પાંખો તે !
હૃદય તલસાટ, ઉન્માદ, અગન શી ઝંખના એને !

શરીર દ્વારા હૃદયભાવ અનુભવવા હૃદયમાં તે,
શરીર તો માત્ર માધ્યમ છે, હૃદયના પ્રેમને શું તે !

હરિઃૐ

## અનુપમ પ્રેમ એવો છે

હૃદયના પ્રેમને નિસ્બત કશા વિશે કશી ના છે,
હૃદયનો મસ્ત રંગીલો અનુપમ પ્રેમ એવો છે.

સતત ઢળવાતણો દિલથી હૃદય પ્રતિ પ્રેમનો ગુણ તે
-મળી, ઢળીને ઝરંતો શો હૃદય અદ્‌ભુત વહે રસ જે !

રસામૃત દિલ તે પીવા નસીબવંતું જીવનમાં જે,
ખરેખર વિરલો કોઈ હશે સદ્‌ભાગી તરસ્યો જે.

જીવનમાં પ્રેમના ભક્ત થયેલા ખાક સંપૂર્ણ,
કશું ક્યાંયે રહેલું છે, ન જેનું નામનિશાન !

હરિઃૐ

## હૃદયના પ્રેમમાંથી તો

હૃદયના પ્રેમમાંથી તો સતત તણખા ઊડે છે શા !
જીરવવામાં, પચવવામાં અતિશય દોહ્યલા છે શા !

પરંતુ પ્રેમના વિરલા વિરલ કોઈ ભક્ત પાકા જે,
ભયંકર તીવ્ર છો લાળા જીરવશે ને પચવશે તે.

હૃદયનો પ્રેમનો અગ્નિ ભયંકર શો પ્રચંડ જ છે !
છતાં એને પચવવામાં હૃદય આસ્વાદ ન્યારો છે !

પ્રણયના અગ્નિની જ્વાળા પચવવાનો પરિપાક
-નવા જીવનનો તે કેવો, અનુભવતો પ્રણય ભક્ત !

હરિઃૐ

# અનુપમ દિલ એને છે

અધીરાઈ ખરેખર તે શી હદબહાર વગરની છે !
છતાં સાથે ધીરજ પાછી અનુપમ દિલ એને છે.

હૃદય મળવાતણો લહાવો, સહજ ગુણ પ્રેમનો શો છે !
ભળી, ગળી, દિલ અનુભવવું, અનુભવમાં જ જીવતો તે.

પળેપળ રસથી છલકાતો, છતાં કોઈ ન નીરખે છે,
હૃદયરસની ગતાગમ કંઈ ન કોઈને પડે છે તે.

ભલે રસને જીવનમાં તો ન જાણે કે ન સમજે છે,
છતાં આકર્ષણે તેના શું ખેંચાતાં જ સહુ જે તે !

હરિ:ૐ

## થતાં ખુલ્લાં રહે દિલ તે

થતાં એના હૃદયમાં જ્યાં પૂરેપૂરાં મનાદિથી
-બધાંયે બારણાં બંધ, થતાં ખુલ્લાં રહે દિલ તે.

હૃદય બસ મુક્ત વ્યવહાર શું છલકાતો રસે ચાલે !
પછી કંઈ ના રુકાવટ છે, બધાંયે દ્વાર ખુલ્લાં છે.

હૃદયથી વર્તવું કેમ કળા જ્યારે ખીલેલી તે !
રસીલી મસ્ત ભરતીએ, બધી ત્યાં સૂઝ પડતી છે.

વરેલા જ્યાં ચરણમાં છો, થયેલા એક દિલથી હો,
ચરણનો રસ પીધેલો જ્યાં, સહજ ત્યાં મોકળું છે સૌ.

હરિ:ૐ

## સહજ ગુલતાન કેવું છે !

હૃદય તો ચાહી ચાહીને હૃદય શું ગેલ કરતું છે !
વિના ચાહ્યા હૃદયને તો કશે ના ચેન ક્યાંયે છે.

બીજાનું કાંઈ જોવાને હૃદય નવરું જરા ના છે,
હૃદય નિજ પ્રેમ મસ્તીમાં સહજ ગુલતાન કેવું છે !

હૃદયને ભાવતું ભોજન, હૃદયને પ્રેમનું અમૃત
-નિરંતરનું જ સેવન તે, મજાથી તો ખરેખર છે !

અખંડિત ભાવ એમાં છે, ન દિલથી તે વિખૂટો છે,
હૃદય રમમાણ મસ્તાની અકલ્પ્ય જ રંગમસ્તી છે.

હરિઃૐ

## હૃદય આનંદ લૂંટે છે

નકામા ચેનચાળાને ન બરદાસ કરી લે તે,
કદી અમથાં ન બહાનાં તો હૃદયનો પ્રેમ કાઢે છે.

હૃદય રંગતની મસ્તીમાં હૃદયની એક શી ધૂને !
સદા બસ મહાલવાકેરો હૃદય આનંદ લૂંટે છે.

વળી વળીને, ફરી ફરીને, હૃદય બસ એક તે વાતે
-રમ્યા કરતું રહે મનડું, લળી લળી ત્યાં જ ચોંટે છે.

કૂંડાળે એકના એક જ રમ્યા કરવા જ ઝંખે છે,
રમત આનંદની મસ્ત અનોખી ઘેલછા એને.

હરિઃૐ

## સતત ચાહ્યા જ કરવામાં

હૃદયના પ્રેમને કશી પણ ન લપ્પન છપ્પન કોઈ છે,
છતાં નિસ્બત પૂરેપૂરી મળેલાંને જ ચાહવાને.

અવર ચાહે ન ચાહે છો, હૃદયના પ્રેમને કિંતુ
-સતત ચાહ્યા જ કરવામાં હૃદય આનંદ ઑર જ શો !

છતાં દિલ પ્રેમનો પૂરો હૃદય સત્કાર-સ્વીકાર
-ઉમળકાથી થતો જ્યાં, તે હૃદયના પ્રેમનું પાત્ર

-ખરેખર એક બસ માત્ર જીવન તે કર્મનું ક્ષેત્ર,
કૃપાથી શો સતત તેમાં રમ્યા કરતો રહે નિત્ય !

હરિઃૐ

# હૃદયનો પ્રેમ પરમેશ્વર

બહુવિધ શો હૃદયપ્રેમ ઊંડે ઊંડે મથાવે છે !
શું અંતર તે મથાવીને ઊંડો શો ઊતરાવે છે !

ઊંડે ઊંડે, હજી ઊંડે, હજી અંદર ઊંડે ઊંડે
-પ્રવેશાતાં જતાં અંતર, રહસ્ય ગૂઢ લાધે છે.

અનંત દૃષ્ટિ શી સૂક્ષ્મ બહુ દૂરગામી જ્યાં ત્યાં છે !
શી પ્રસરેલી જ સર્વત્ર જગા કોઈ ન ખાલી છે !

હૃદયનો પ્રેમ પરમેશ્વર નિયંતા, ભોક્તા, કર્તા છે,
વળી શો મુક્ત ए તો છે ! શું નિર્માતાય પોતે છે !

હરિઃૐ

## હૃદયના પ્રેમનો પથ છે

બલિદાન, સમર્પણ ને ફનાગીરી પળેપળનાં
-જીવનનાં જ્ઞાન ભક્તિથી સહજ ભાવે થતા રહેતાં.

ખુવારીથી ભર્યો ભરપૂર હૃદયના પ્રેમનો પથ છે,
ખુવાર ત્યાં થતાં દિલમાં ખુમારી ભાવ ઊમટે છે.

ભયંકર સંકટો, કષ્ટો, કંઈક સાહસ ને જોખમને
-જીવનમાં ખેલવાં પડતાં હૃદયના પ્રેમને પણ જે.

કશાથીયે પડ્યો પાછો કદીયે તે ન જાણ્યો છે,
અડગ, અણનમ ખરેખર શો પરાક્રમી મર્દ દિલથી તે !

હરિઃૐ

## સહજ ન્યારો સ્વભાવ જ છે

ખુવારીથી ભરેલો પથ ખરેખર પ્રેમનો શો તે !
ખુવારીમાં ખુમારીની જીવનમાં મહેક ઊઠે છે.

થતાં ખુવાર સંપૂર્ણ છતાં કંઈ હાથ ના'વે છે,
ખુવારીમાં રસિક ન્યારો હૃદય ઉન્માદ કેવો છે !

થતાં થાતાં ખુવાર જ શો હૃદય આનંદ મહાલે છે !
હૃદય ત્યારે ખુમારીનો ચમત્કારિક રણકો છે.

ગણતરીનો સ્વભાવ જ ના, છતાં ના અલેલટપ્પુ છે,
વ્યવસ્થિતિથી ભરેલો તે અનુપમ ખ્યાલવાળો છે.

જવા સંપૂર્ણ વપરાઈ અચૂક નિશાન હેતુએ,
ખરેખર પ્રેમનો એવો સહજ ન્યારો સ્વભાવ જ છે.

હરિઃૐ

## ખરો શો ગુણ एनो છે.

મુસીબતને હૃદયપ્રેમ મુસીબત દિલ ન ગણતો છે,
મુસીબતમાં હૃદયપ્રેમ વધારે મસ્ત ઝળકે છે !

નિરાશા પ્રેમ ના જાણે, હૃદયથી ચાહી ચાહીને
-હૃદય ગળવા પૂરેપૂરો ખરો શો ગુણ एनो છે !

હૃદય બસ एक થઈ જઈને રસાનંદે, રસાનંદે,
સહજ આનંદની છોળે રસાવાનું ગમે एने.

હૃદય પસંદગી एनी કૃપાથી ઊતરી જ્યાં છે,
કરી નિજનું હૃદય લેવા હૃદય શો પ્રેમ તત્પર છે !

હરિઃૐ

## બધા સ્વાંગ સજે છે તે

અગનની કારમી કેવી ભયંકર તે પરીક્ષામાં
-સતત જલતા રહેવાનું, છતાં ફરિયાદ કંઈ છે ના.

કદી સંભાળવાનું ના, કશું વદવાનું ના પણ છે,
ચડીચૂપ જ ધરી મૌન, ભલો સ્વીકાર એને છે.

હૃદયનો પ્રેમ રાજા છે, છતાં રૈયત વળી પણ છે,
મુનીમ, ચાકર, વળી પોતે બધા સ્વાંગ સજે છે તે.

સતત જલવું, હૃદય જલવું અગનની દિલ પિપાસા,
હૃદય તડપન થતાં તેમાં લહેજત પ્રેમ મહાલે છે.

હરિઃૐ

## હૃદયથી રંગ બક્ષે છે

હૃદયથી પ્રાણ નિચોવી ટીપુંયે ટીપું લોહીનું
-ભરી ખપ્પર બધું દે તે સહજ શો પ્રેમ એવો છે !

જવું હોમાઈ સંપૂર્ણ સમર્પણ થઈ જવાનું તે,
બિરુદ શું પ્રેમનું તે છે ! અવર જન શી રીતે જાણે ?

કશો ના સ્વાર્થ એને છે, કશી ઝંઝટ ન એને છે,
વટાઈ મેંદીની પેઠે હૃદયથી રંગ બક્ષે છે.

બધું અસ્તિત્વ પોતાનું રજેરજનું મિટાવીને
-પ્રવેશાવા ભીતર દિલમાં, મહોબત પ્રેમની તે છે.

હરિઃૐ

## ગળાબૂડ શો ડૂબેલો છે !

હૃદયના પ્રેમનો પંથ ખુવારીથી ભરેલો છે,
તલસતું તીવ્ર રહેવાનું હૃદય કેવું લખાયું છે !

સતત બસ એકની એક જ હૃદયમાં ધૂન એની છે,
હૃદય બસ એકલા એને સતત ભજવાનું ચાહે છે.

વિના એના કશી બીજી ન ચળવળ કોઈ ક્યાંયે છે,
ગળાબૂડ શો ડૂબેલો છે, હૃદય ચિંતવનમાં એના એ !

તપશ્ચર્યા સહેવાથી થયા કેડેનું જીવન તે,
મહોબતની મીઠી ખુશબો થકી કેવું સુવાસિત છે !

હરિઃૐ

## સહ્યા વિના હૃદયમાં તો

સહેવાનું ઉમળકાએ હૃદયનો પ્રેમ સમજે છે,
સહેવાને તપશ્ચર્યા ખરેખર દિલ જાણે તે.

સહ્યા વિના હૃદયમાં તો, કશી મીઠાશ ના’વે છે !
સહેવામાં મજા, રસ જે સહેવું તે હૃદયનું છે.

હૃદયના પ્રેમનાં પાસાં અનેકાનેક કેવાં છે !
થવાતું આરપાર જ તે બધી રીતે જીવનને છે !

ખરેખર ઉત્તારોત્તાર શો હૃદયનો પ્રેમ જે રીતે
-સીડી પર તે ચઢી ચઢીને, ભીતર તેમ જ પ્રવેશે છે.

હરિઃૐ

# ન એને રૂપ, આકાર, નિરાકાર પૂરેપૂરો

હૃદયનો પ્રેમ તો કેવું ન નરસું, સારું નીરખે છે,
ન એને ન્યાય, અન્યાય કશું દિલમાં જ વસતું છે.

ગમે તેવું ભલેને હો, કુપાત્ર, પાત્ર જે તે હો,
છતાં દિલ પ્રેમ તો સૌને હૃદયથી ચાહવું જાણે છે.

સમગ્રે જે સળંગે શો પરાત્પર તે અખંડ જ છે !
છતાં જે જેમ, ત્યાં ત્યાં શો જરૂર દિલ પ્રેમ તેવો છે.

ન એને રૂપ, આકાર, નિરાકાર પૂરેપૂરો,
છતાં સાકાર પ્રત્યક્ષ અનુભવમાં પ્રમાણેલો.

હરિ:ૐ

# હૃદય ટેકો દીધેલો છે

વફાદારી પૂરેપૂરી પરત્વે પ્રેમની ‘એ’ છે,
છતાં પણ જ્યાં ભુલાતાંમાં ઊભો શો પ્રેમ તત્પર તે !

પથિક ભૂલે પરંતુ શો સતત નિજ લક્ષ્યની પ્રત્યે
-રહેતો સાવધાન જ તે, શી एनी સાવચેતી છે !

હૃદયની નેક દાનતથી વરેલા એકવાર જ છો,
પછી નિશ્ચિત સંપૂર્ણ હૃદયમાં તો રહેવાનું.

જ્યહીં આવ્યાં જ અંધારાં અને ચક્કર ચઢેલાં છે,
દીવાથી પાડી અજવાળાં હૃદય ટેકો દીધેલો છે.

હરિ:ૐ

# ખુવાર છો થવાતું હો

અનુભવી પ્રેમનો જે છે, જીવનમાં મહાલી શકતો તે,
હૃદયના પ્રેમની ખુશબો, કરી દે તરબતર દિલને.

ખુમારી પ્રેમની કોઈ ગજબની મસ્ત જબ્બર છે,
અનુભવતાં નશો જેનો રગેરગ ઑર વ્યાપે છે.

છતાં પાછો ખુવારીથી ભર્યો ભરપૂર પથ તે છે,
ખુવાર છો થવાતું હો, છતાં રસ પ્રેમને ત્યાં છે.

શી હરકોઈ પરિસ્થિતિ વિશે પણ પ્રેમને રસ છે !
વિના રસ પ્રેમનું જીવન કદી સંભવતું તે નવ છે.

હરિઃૐ

## હૃદયનો પ્રેમ આપે છે

ગમે તેવું ભલે છોને છતાંયે સ્પર્શતાં તેને,
હૃદયના પ્રેમને વાર જરા સરખી ન લાગે છે.

ન આભડછેટ એને છે, અપાપી, પાપી ના એને,
ગમે તે કોઈ વળગે જે બધાંને તે સ્વીકારે છે.

ન કોઈને જ ધૂત્કારે, ન કોઈને જ હડસેલે,
તિરસ્કારે ન કોઈને, હૃદયનો પ્રેમ એવો છે.

મળ્યાં તેને જ પડખાંમાં અડોઅડ પાસ રાખે છે,
મુલાયમ હૂંફ શી એને હૃદયનો પ્રેમ આપે છે !

હરિઃૐ

## સનાતન ધર્મ એનો તે

હૃદયના પ્રેમને કોઈ ન મર્યાદા કશી પણ છે,
અસ્ખલિત જે વહેતો છે, અમર્યાદિતપણે શો જે !

સતત આનંદની ઝડીઓ હૃદયના પ્રેમને હૃદયે
-ઊછળતી શી સહજ રહે છે ! સનાતન ધર્મ એનો તે.

કશો ખચકાટ એને ના, રુકાવટ ક્યાંય એને ના,
ન જ્યાં તે હો સ્વીકારાતો, છતાં લાગે જતો શો ત્યાં !

કશી પરિણામની ચિંતા હૃદયપ્રેમ ધરે છે ના,
હૃદય હરિને ધરી ધરી શો ખરેખર પ્રેમ રાચે ત્યાં !

હરિઃૐ

# પ્રકાશિત આપ પોતે છે

જીવનમાં પ્રેમનો ધર્મ સહજ પ્રગટ્યા જવાનો છે,
સતત અસ્તિત્વ એનું છે, છતાં એને ન કો પ્રીછે !

બધાંનામાં રહેલો છે, બધાંમાં આપ વર્તે તે,
બધાંની સાથ શો તે છે ! છતાં ના કોઈ તે સાથે.

પ્રવેશેલો હૃદય તે છે, ન છાનોમાનો કંઈ તે છે,
જીવનના સર્વ વ્યવહારે પ્રકાશિત આપ પોતે છે.

હૃદયના પ્રેમને ભાષા ન કોઈ પણ પ્રકારે છે,
અવ્યક્ત શો ! છતાં વ્યક્ત સતત કેવો થતો રહે છે !

હરિઃૐ

## જીવન તો ધન્ય બનતું છે !

જીવન તાસીર બદલાઈ જવાને, યજ્ઞ માંડ્યો છે,
અને તે યજ્ઞ જ્વાળામાં, જવું હોમાઈ પડેલું છે.

પડ્યા જે માંહી તે કેવું મહાસુખ દિલ પામે છે,
હૃદયનો પ્રેમ તેવાને થતો જાગૃત જીવનમાં છે.

નિરંતર પ્રેમ અમૃત તો, જીવન અજવાળીને કેવું
-જીવન નવતર, નૂતન, નવલું રસિક ઉદ્યાન બનવે છે !

જીવનમાં શાંતિ ને શાતા, હૃદય પ્રસન્નતા પમરે,
હૃદયના પ્રેમથી કેવું જીવન તો ધન્ય બનતું છે !

હરિઃૐ

# હૃદયનો પ્રેમ ખીલે છે

જીવનમાં ચાહતાં શીખતાં, હૃદયનો ભાવ બઢતો છે,
બઢે છે ભાવ જ્યાં દિલનો હૃદયનો પ્રેમ ખીલે છે.

હૃદયનો પ્રેમ જ્યાં ખીલતો, જીવનમાં હોય છે જ્યારે
-મડાગાંઠો, બધી ગ્રંથિ તૂટી કેવી જતી લાગે !

હૃદયના પ્રેમના યજ્ઞતણી જ્વાળા શી પ્રસરીને !
બધો તળિયાતણો કચરો, પૂરો સ્વચ્છ કરી દે છે.

બધે જ્યાં ત્યાં ઉપર નીચે, વળી ચોપાસ સહુ દિશે
-પ્રસારી નિજનો અગ્નિ, બધું જે તે પ્રકાશાવે.

હરિ:ૐ

## ઉભય ગતિ પ્રેમની એવી

હરિનાં વ્યક્ત રૂપો તો અનેકાનેક કેવાં છે !
હૃદયનો પ્રેમ તેમાંનું હરિનું एक દર્શન છે.

હૃદયનો પ્રેમ અવતરતો શું આરોહણ થવા કાજે !
ઉભય ગતિ પ્રેમની એવી પળેપળની જ સંગાથે.

ઉભય ગતિ એકબીજાથી પરસ્પર સંકળાઈ છે,
પરસ્પરથી ન તે ભિન્ન કશા કોઈ પ્રકારે છે.

હૃદયના પ્રેમની સૂક્ષ્મ થતી જે પ્રક્રિયા રહે છે,
ભલે તે સ્થૂળ પરની હો છતાં સર્જન નૂતન અર્થે.

હરિઃૐ

# ખંડ - ૪

# પ્રેમરૂપ

હૃદયના પ્રેમનું એવું ખરું રસનું જ ભોજન તે,
હૃદય મળતાં, હૃદય ગળતાં, શું રસનો સ્વાદ એનો છે !

હરિ:ૐ

## ખરું અદ્‌ભુત તે તર્પણ !

હૃદયથી ભીંસ દઈ દઈને, અડોઅડ છેક થઈ થઈને,
શું દિલ દિલને મિલાવીને હૃદયરસ પ્રેમ પીવે છે !

ન સાંસારિક દુઃખો ત્યાંયે, કશી ના વાસના ત્યાં છે,
હૃદયને સ્થૂળ હૃદય ના છે, હૃદય તે સૂક્ષ્મથી પર છે.

ગમેયે તેટલું છોને નજીક હો છેક પણ પાસે,
છતાંયે પ્રેમને તો શું હજારો ગાઉ દૂર દૂર છે !

હૃદયથી જે હૃદયમાં તે હૃદયનું દિલ સંપૂર્ણ
-થઈ જઈને ગળે છે જે, ખરું અદ્‌ભુત તે તર્પણ !

હૃદયના પ્રેમનું એવું ખરું રસનું જ ભોજન તે,
હૃદય મળતાં, હૃદય ગળતાં, શું રસનો સ્વાદ एनो છે !

હરિ:ૐ

## સહજ ગુણધર્મ સ્વાભાવિક

સહજ ગુણધર્મ સ્વાભાવિક જીવનમાં પ્રેમનો તે છે,
સતત પાછળ પડી પડીને હૃદયમાં एक ગળવાનો.

ઝઝૂમીને ઝુકાવે છે, ઊંડી ડૂબકી લગાવે છે,
શું અંતરના જ અંતરની ઊંડી તે મોજ માણે છે !

ન મર્યાદા, ન સંકોચ, કશી ના આડખીલી છે,
બધું જે તે જ ઓળંગી બધાંની પાર પહોંચે છે.

કશા સંકલ્પ વિકલ્પ, કશી વિચારસરણીયે
-કશા કંઈ જ પરત્વેનાં, હૃદયના પ્રેમને ના છે.

પડી પાછળ હૃદયમાં ને હૃદયથી एक હોવાનો
-અનુભવ માત્ર હૈયાનો સહજ તે પ્રેમનો છે શો !

હરિઃૐ

## અણુ અણુમાં ભળેલો છે

સહજ ઉત્સુકતા એની શી અપરંપાર દિલમાં છે !
શું ઠંડોગાર પોતે છે છતાં મિલન ગતિમાં તે !

હૃદયમાં સાવ સંપૂર્ણ બિરાજેલો પ્રતિષ્ઠિત છે,
છતાં પરખે ન કો એને મહા અચરજ ખરેખર છે !

ભળેલો છે પૂરેપૂરો, છતાં અસ્તિત્વ જેનું તે
-પિછાણી કોઈ ના શકતું, નવાઈની નવાઈ તે !

અણુ અણુમાં ભળેલો છે, જગા કોઈ ન ખાલી છે,
પૂરો વ્યક્ત છતાં કેવો ન દેખાતો જરા પણ છે !

હરિ:ૐ

# પ્રગટ ચેતનનું રૂપ તે છે

હૃદયના પ્રેમની હકીકત જુદી કોઈ જાતની શી છે !
નિરાળી તે હકીકત શી મૂળે રસની ભરેલી છે !

ભલે રસ, પ્રેમ એ બંને જુદા જુદા શું લાગે છે !
છતાં બંનેતણાં મૂળમાં પ્રવર્તેલું જ ચેતન છે.

ઉભય રસ, પ્રેમ સાકાર પ્રગટ ચેતનનું રૂપ તે છે,
હૃદયના પ્રેમના રસની બલિહારી શી અદ્‌ભુત છે !

જીવનનું એ જ સર્વોત્તમ શું ભોજન ઉત્તમોત્તમ છે !
મનાદિ સર્વ પળપળ તે હરિમાં વિલસેલાં છે.

હરિઃૐ

## જવાંમર્દ ખરેખર છે

હૃદયના પ્રેમનો જુસ્સો અવર્ણનીય જબ્બર છે,
કહીંથી કહીંક શા કૂદકા ઉછાળા મસ્ત મારે છે !

દીવાલોયે કૂદી કૂદીને કહીંનો કહીં પ્રવેશે છે,
કશું અંતર ન એને છે, જવાંમર્દ ખરેખર છે.

મલાજો કંઈ કશાનોયે જરા સરખો ન પાળે છે,
મલાજા બહારની એની મજા રંગત અનેરી છે !

બધાં શાં આવરણ ખુલ્લાં કરી દેવા જ તત્પર છે !
કશા કોઈ જાતના પડદા કદી સહી ના જ તે લે છે.

હરિ:ૐ

## રહેલો ગૂઢરૂપે શો !

હૃદયના પ્રેમનો કેવો બધે જ્યાં ત્યાં પસારો છે !
કંઈ એના વિનાનું તો ન અસ્તિત્વ કશે પણ છે.

બધે સચરાચરે પ્રેમ અણુમાં ને અણુમાં જે,
રહેલો ગૂઢરૂપે શો ! નર્યો તે શક્તિરૂપે છે.

હૃદયના પ્રેમનો સ્પર્શ ઝરંતા શક્તિ તણખાને,
જીવંતી પ્રેમની ભક્તિ હૃદય જે તે અનુભવશે.

ન જન્મ કે ન સર્જન છે, કશું લય પામતું ના છે,
સતત અસ્તિત્વ જે તે-નું ખરેખર પ્રેમ પ્રત્યક્ષે.

હરિઃૐ

## સદા યૌવન ખીલેલું છે

હૃદયના પ્રેમને કોઈ કશી ઉમ્મર ન ક્યાંયે છે,
સદા યૌવન ખીલેલું છે, ભર્યું ભરપૂર જીવનમાં જે.

કદીક તે શો ભભૂકે છે ! કદીક ગૂઢ શો નર્યો રહે તે !
કદીક શાંત પડ્યો રહે છે, કદીક ગતિશીલ પ્રવર્તે છે.

જીવનમાં સૂક્ષ્મ અણસારે બધો વ્યવહાર ચાલે છે,
ઈશારાને હૃદય સમજી ઝીલે જે ધન્ય થાયે છે.

ઈશારામાં ભરેલી છે, શી શી જે શક્યતાઓ તે !
ન સંસારી કદી સમજે, હૃદયનો પ્રેમ એવો છે.

હૃદયના પ્રેમનો દિવ્ય બધો સંસાર ન્યારો છે,
વરેલા પ્રેમને જે છે, બધું તેવા જ સમજે છે.

હરિ:ૐ

# પ્રેમ એ જ સદ્‌ગુરુ

હૃદયના પ્રેમના જેવો ન સદ્‌ગુરુ કોઈ બીજો છે,
કદીક ડંડા શું મારીને કંઈક કંઈ શિખવાડ્યું છે.

થતાં ભૂલ ચુપકીદીથી, છૂપા અણસારથી મુજને
-નજીક આવી, ધીમા ધીમા અવાજે કાન ફૂંક્યો છે.

કળા શિખવાડવાકેરી ખરેખર કેવી અદ્‌ભુત તે !
વિહંગાવલોકને તેનું હવે દર્શન થયેલું છે.

કદીક છંછેડીને કેવો પરેશાન જ કીધેલો છે,
પરંતુ શો નૂતન પાઠ તહીં શીખવા મળેલો છે !

હરિ:ૐ

# અચળ એનું અસલ રૂપ છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, હૃદયમાં ભાવ મોર્યો છે,
અને એ ભાવ જીવનનો મુખત્યાર બનેલો છે.

હૃદયના પ્રેમને કોઈ ન પ્રાકૃતિક ગણતરી છે,
સદા તે ભાવમાં વહેતો અચળ એનું અસલ રૂપ છે.

અતિશય તે રિબામણમાં ચુકાઈ જ્યાં જવાયું છે,
હરિનું માત્ર ત્યાં સ્મરણ ખરું ખપમાં જ લાગ્યું છે.

જીવનના પ્રાકૃતિક ક્ષેત્રે કસોટી ને પરીક્ષાયે
-થતાં શો ત્યાં જબરજસ્ત ટકોરાબંધ જીવતો તે !

હરિઃૐ

## સ્વતંત્ર પૂર્ણ પાછો તે

રસીલા પ્રેમને અડચણ, મુસીબત, વિઘ્ન પથમાં છે,
છતાં એણે ન ગણકાર્યાં, કૂદી જે તે ગયેલો છે.

બધી જંજાળ કંઈ હોવા છતાં એને કશી ના છે.
કશું વળગણ ન એને છે, સહજ શો મુક્ત એવો તે !

ન એને હિલચાલ જ છે, રિવાજ કોઈ ન એને છે,
કશી ના ચાલ એને છે, છતાં શી ચાલ પાછી છે !

શું નખરાંબાજ પોતે છે, ન જેની કોઈ સીમા છે !
સીમાબદ્ધ છતાં શો તે ! સ્વતંત્ર પૂર્ણ પાછો તે.

હરિઃૐ

## સ્વયંભૂ શો સહજ પોતે !

ન સંઘર્ષણ કશાં એને, અશાંતિ ના કશી એને,
કશો ના ક્લેશ એને છે, સદા શાંતિ જ શાંતિ છે.

ન સંકડામણ કંઈ એને, ન લમણાઝીક એને છે,
વિરોધાત્મક વલણ છો હો, છતાં અવતરતો ત્યાં પણ તે.

ખડાં સામે જ છો વિઘ્નો, વિપત્તિ, પ્રશ્ન, મુશ્કેલી
-ભલે પડકારતાં લાગે, છતાં અણનમ અડગ શો તે !

સ્વયંભૂ શો સહજ પોતે ન જેનું મૂળ ક્યાંયે છે !
નિરાકાર જ શું સાકાર, ખરેખર પ્રેમ એવો તે !

હરિઃૐ

## શું રેલમછેલ રસ એને !

કશી તડ ના પડે એને, કશી રકઝક ન એને છે,
કશી તડજોડ ના એને, શું સમરસ તે બધાંમાં છે !

ઉધામા ના કશા એને, કશી સગડગ ન એને છે,
હૃદય નિશ્ચિતતા એને, શું રેલમછેલ રસ એને !

ન કંઈ પંચાત એને છે, બધી વાતે જ ધરપત છે,
નિરાંતે સોડતાણીને સૂવાનું પ્રેમ જાણે છે !

રમત રમી જાણવા વિશે કશી ના આવડત એને,
છતાં પાછું રમ્યા વિના ઘડીક પણ ચાલતું ના છે.

હરિઃૐ

## અજબ શો મહેકતો રહે છે !

શરમ, સંકોચ, મર્યાદા, કશાં પણ પ્રેમને ના છે,
જતો શો વારી વારી તે ! કદીક અક્કડ વળી શો તે !

વળી જેમ વાળવો હોય, મુલાયમ પ્રેમ એવો છે,
ખુમારીની શી ખુશબોથી અજબ શો મહેકતો રહે છે !

બધાંયે ફૂલની ખુશબો હૃદયના પ્રેમ આગળ તે
-કશા હિસાબમાં ના છે, નર્યો ખુશબોથી મશગૂલ તે !

અહા શો તોર એનો છે ! મિજાજી પ્રેમ કેવો છે !
છતાં જે ભક્ત નિજનો છે, ચહી પદમાં શું લોટે તે !

હરિઃૐ

## અકલ્પ્ય જ શો અગોચર છે !

શું નૈસર્ગિકપણે સઘળું સહજ ધોરણ બધી રીતમાં
-બધું ખુલ્લે જ ખુલ્લું છે, છતાં પાછું અગમ્ય જ ત્યાં !

ભળેલો એકરસ સહુમાં પૂરેપૂરો શું લાગે છે !
છતાં પાછો જ તે સૌથી શી અદ્‌ભુત રીત જુદો છે !

કળા, કૌશલ્ય, કુનેહ, હૃદયના પ્રેમનાં જે છે,
સમજમાં બુદ્ધિની કંઈ તે કદી ના આવવાનાં છે.

અકલ્પ્ય જ શો અગોચર છે ! શું અદ્વિતીય પોતે છે !
છતાં ના તેમ વર્તાતો, શી ગોઠડી એની સૌ સાથે !

હરિઃૐ

## હૃદય ઉદાર રાજા છે !

મળ્યા સામે જ પથ્થર જો, બધાં પડ કોરી કોરીને
-નીકળવું સોંસરું પાર, કળા તે પ્રેમ જાણે છે.

રુકાવટ હો ભલે તોયે, રુકાવટ તે ન જાણે છે,
હૃદયના જોશની માત્રા તહીં શી ઑર ફોરે છે!

હૃદયના પ્રેમના કેવા નૂતન, નૂતન પ્રદેશો છે !
ન જાણીતા કશા તે છે, છતાં ના પ્રેમ થડકે છે.

અભય સંપૂર્ણ સૌ વાતે, હૃદય નિશ્ચિંત શો તે છે !
દિલાવર દિલનો કેવો હૃદય ઉદાર રાજા છે.

હરિ:ૐ

## અનંતાનંત વિસ્તાર

ન આગળ પાછળે કંઈ છે, ધરાળ જ ના ઉલાળ ન છે,
કદી પાછળ જુએ ના તે, ચિરંજીવ પ્રેમ એવો છે.

બધે સામ્રાજ્ય એનું છે, વિના એના કશું ના છે,
બધું જે તે શું પોતે છે! જુદું પછી કોણ કોણથી છે ?

બધું નિજરૂપ જે તે છે, છતાં માયા હરિની જે
-બધાંને આવરી લઈને ભમાવે મોહમાં એને.

અનંતાનંત વિસ્તાર સહજ મૂળ પ્રેમનો શો છે !
બધે જ્યાં ત્યાં શું પ્રસરેલો કશું બાકી ન જેથી છે !

હરિ:ૐ

## રમતનું તે વલોણું શું !

હૃદયના પ્રેમની દુનિયા અલૌકિક ને શી મૌલિક છે !
હૃદયના પ્રેમને મહોબતતણી સંગત શી ગમતી છે !

હૃદય-રસ-રંગની મસ્તી ભરતીની શી લહર પેઠે,
સતત એકધારી ચઢતી છે, ન તેમાં ઓટ ક્યાંયે છે.

કદીક શી ઓછીવત્તી ત્યાં લહર માત્રા થતી રહે છે !
છતાં આનંદનો સાગર શું મોજાં ઑર ઉછાળે !

સતત રમવું, હૃદય રમવું પળેપળ મસ્ત રમવાનું,
હૃદયના પ્રેમનું ગાણું રમતનું તે વલોણું શું !

હરિઃૐ

## કરુણા પણ ભળેલી છે

કદીક શો વજ્ર જેવો છે ! કદીક શો પુષ્પ જેવો છે !
કરુણાળુ જ સંપૂર્ણ, છતાં પાછો શો ન્યાયી છે !

અદલ ઈન્સાફની સાથે કરુણા પણ ભળેલી છે,
અદલ જો ન્યાય હો માત્ર ન જીવવાનું બની શકતે.

કરુણા ગુણના જેવો વહેવાનો સ્વભાવ જ શો !
સતત તે એકધારો શો વહેતો છે ગતિમાં તો !

કરુણાસિંધુનું નામ, હજારો નામમાંથી જે
-હરિનું જે પડેલું છે, ખરું સાર્થક ખરેખર છે.

હરિઃૐ

## શી ન્યારી મસ્તી એની છે !

ન માથાકૂટ એને છે, ન ઝંઝાવાત એને છે,
કશી પંચાત ના એને, સરળ વ્યવહાર એનો છે.

દગોફટકો કશો કરવો કંઈ ના પ્રેમ જાણે છે,
મળી, ભળી, દિલ ગળવામાં શી ન્યારી મસ્તી એની છે !

હૃદયના પ્રેમની દુનિયા ન સંસારી સમી ક્યાંયે,
કશો ના સ્વાર્થ એને છે, હૃદય થવું એક જાણે જે.

ખુમારીનો નશો એને, ખુવારી પથ ચઢેલાને,
ખુવાર રહે થતો કેવો ! છતાં આનંદ એને છે.

હરિઃ ૐ

## છતાં પાસાં બધાં એને

કશી ખટપટ ન એને છે, ન ખટપટ કંઈ જ જાણે છે !
ખરેખર પ્રેમનો પથ શો સીધોસટ એકસરખો છે !

ન રોકાવાનું સમજે તે, ઝપાટાભેર દોડે છે,
નિશાન જ તાકવા પ્રત્યે નજર વૃતિ શું એની છે !

શું ફાંસીએ જ ચઢવાનું નસીબ એને લખાયું છે !
જીવનમાં ક્રૉસ પર એને શું ચઢવાનું જ આવે છે !

ઊધુંચત્તું ન એને છે, સીધેસીધું વળી એને,
ન ચણચણાટ એને છે, ન ચિંતા, ના ફિકર કંઈ છે.

ન ગણકારે જ મુશ્કેલી, વિપત્તિમાં શું મર્દ જ છે !
ન એને કોઈ પાસું છે, છતાં પાસાં બધાં એને.

હરિઃૐ

## હૃદય મસ્તાન મસ્તાનો !

કંઈ બબડાટ એને ના, ન એને ગણગણાટ જ છે,
ન બકવાટ કશો એને સદા રાજી પ્રસન્ન જ છે.

પ્રભાતની ખુશબો જેવો શું ખુશખુશાલ કેવો તે !
ઉષાની લાલિમા જેવું કળા સૌંદર્ય એનું છે.

કશું બીજું ન જાણે તે, સ્વરૂપ નિજનું બધું જે તે,
હૃદય નિજનું લહી મહાલે સદા નિજમાંહી નિજરૂપે.

જગત પછીથી કઈ રીતે શકે સમજે શું એવાને ?
હૃદય મસ્તાન મસ્તાનો રમત નિજમાં જ મશગૂલ જે !

હરિઃૐ

# પ્રેમનું રૂપવૈવિધ્ય

કદીક શો પ્રેમ રાજા છે ! કદીક ભિખારી જેવો છે,
કદીક મુફલિસ સરખો છે, છતાં શો કેફ એનો છે !

કદીક શો નમ્રમાં નમ્ર, કદીક કેવો ભભૂકે છે !
નયનને મુખથી ન્યારો કદીક કેવો ઝબૂકે છે !

નશો અલમસ્ત દીવાનો સહજ શો પ્રેમનો તે છે !
નજર દિલનીય આગળ તે કહીંનો કહીં જ વહેતો છે.

સીમાડા પ્રેમને કોઈ ન કંઈ બ્રહ્માંડમાંયે છે,
ઊંડે નિમ્ને શું અવતરવા હૃદય સંબંધ સેવે તે !

હરિઃૐ

## હૃદયના પ્રેમ પાસે છે

જગતભરની બધી હકીકત હૃદયના પ્રેમ પાસે છે,
છતાં કેવો સરળ ભોળો ખરેખર પ્રેમ લાગે છે !

હૃદય આકર્ષણે કેવો સતત ખેંચાયેલો રહે છે !
છતાં કશી તાણ ના એને, કશી ના ખેંચ એને છે.

રટણ બસ એકનું એક જ, મનન પણ મસ્ત તેનું તે,
બીજી દુનિયાનું અસ્તિત્વ કશું કંઈ પ્રેમને ના છે.

મળે તેને હૃદય મળવા, હૃદય ભળવા શું ગળવાને !
હૃદયના પ્રેમને નિસ્બત રસીલી શી અનોખી છે !

હરિઃૐ

## બધાં કેવાં શું ડોલે છે !

હૃદયનો પ્રેમ એકલ છે, છતાં સર્વત્ર પ્રસર્યો છે,
અજાણ્યું ક્યાંય ના એને, બધાંમાં પ્રીત એની છે.

અણુ અણુમાં ભરેલો છે, છતાં એકાકી પોતે છે,
છતાં શો સંગ સહુનો છે ! વળી સંપૂર્ણ નિઃસંગ છે.

કશી કોઈનીય તે પરવા હૃદયના પ્રેમને ના છે.
શું નિઃસ્પૃહી સાવ સંપૂર્ણ ખરેખર પ્રેમ એવો છે !

હૃદયનો પ્રેમ દીવાનો નશો એનો જબરજસ્ત,
બધાં કેવાં શું ડોલે છે ! નિશાનેબાજ અલમસ્ત !

હરિઃૐ

## જીવનને મસ્ત મહાલે તે

બધું તે જાણતો હોવા છતાં, ના જાણતો કંઈ છે,
કશાથી ના અનભિજ્ઞ હૃદયનો પ્રેમ એવો છે.

કળા, કારીગરી, વિદ્યા બધીયે જાતની જે તે
-પૂરી શી આવડે એને ! ખબરદારી શી એની છે !

હૃદય જેમાં અને તેમાં શું સર્વોપરી ખરેખર છે !
કળાબાજ પૂરો શો તે ! ન ધોકાબાજ કિંતુ છે.

જીવનનો ઓલિયો મસ્ત ફકીર કેવો દીવાનો છે !
જીવનની ભસ્મ ચોળીને જીવનને મસ્ત મહાલે તે.

હરિઃૐ

## મનાદિને પરોવીને

હૃદયના પ્રેમની લગની વહેલી એકધારી છે,
અખંડિત અસ્ખલિત તે શી ! સતત પોતે ગતિશીલ છે.

કદી પણ તૂટતી ના તે, કશાથી તે ન છટકે છે,
જીવનમાં લક્ષ્યવેધી શી ! સતત બસ એ જ ચિંતવન છે.

જીવનની સર્વ સક્રિયતા વિશે એની ગતિ તે જે
-શી એકની એક એની એ ! કદી ડોલી જતી ના તે.

કદી વિહ્વળ થતી ના તે અચલ શી નેમ એની છે !
મનાદિને પરોવીને શું નિજ વિશે રખાવે છે !

હરિઃૐ

## હળેલો ને ભળેલો છે

હૃદયનાં પ્રેમ ને મહોબત હૃદયની સાથ કરવાને,
શી તાલાવેલી, તત્પરતા અહર્નિશ ઑર દિલ રહે છે !

શરમ, સંકોચ, મર્યાદા કશાં ના પ્રેમને તો છે !
ગતકડાં પ્રેમનાં તો શાં ઉઘાડેછોગ ખુલ્લાં છે !

છડેચોક બધે જ્યાં ત્યાં નજર દિલથી પસારે તે,
થવા તાદાત્મ્યથી एक સ્વધર્મ પ્રેમનો શો તે !

જગતજન પ્રેમને સાચા સ્વરૂપમાં કંઈ ન પ્રીછે છે,
બધાં સાથે છતાં પ્રેમ હળેલો ને ભળેલો છે.

હરિઃૐ

# હૃદયના પ્રેમનો ધર્મ

હૃદયના પ્રેમની લગની શી એકની એક થઈ ગઈ છે !
નશીલી ધૂન તો એની હૃદય લાગુ પડેલી છે.

હૃદયમાં તાન ભરપૂર છે, હૃદય મસ્તી ચઢેલી છે,
ઊછળતી ભરતીની છોળો, હૃદય જ્યાં પ્રેમ સ્પર્શે છે.

પ્રવેશી અંતરે એક જ થવા દિલ પ્રેમ ઝંખે છે,
હૃદયના પ્રેમનો ધર્મ થવાનો ઐક્ય, સાચો તે.

પ્રવેશાવા જતાં એને હૃદય સહકાર સંપૂર્ણ
-સરળ જ્યાં ના મળે તોયે, છતાં ના પ્રેમ ઠંડો ત્યાં !

હરિઃૐ

# જવા હોમાઈ યજ્ઞે તે

ખરેખર પ્રેમને નિસ્બત હૃદયના ભાવ સાથે છે,
કશું ખપનું ન એને છે, ન જેમાં ભાવ જીવતો છે.

ઉમળકા ને ખુમારીનું ભરેલું બિંદુ બિંદુ તે,
શું એવું એનું ભોજન તો બલિદાન જ સમર્પણ છે !

ભળી, ગળી એક બનવાનો સહજ એનો સ્વભાવ જ છે,
અનાદિનો સતત ચાલ્યા કરંતો યજ્ઞ એવો છે.

પળેપળની, સમર્પણની શી રમઝટ આહુતિની છે !
બધું સર્જાયેલું જે તે જવા હોમાઈ યજ્ઞે તે.

હરિ:ૐ

## સતત ચાહવાતણો ધંધો

હૃદયના પ્રેમનો ધંધો સતત ચાહવાતણો શો છે !
કશી ઊણપ ન તેમાં છે, પૂરો નિષ્ણાત તે વિશે.

કળા, કુનેહ, કૌશલ્ય બધી વાતે નિપુણ જ તે,
બધી યુક્તિ પ્રયુક્તિઓ નજર એને ચઢે છે જે.

હૃદય સત્કાર, સહકાર ઉમળકાથી શું દેખાતાં !
ફૂલે, ફાલે અનેરો શો અનેકેવિધ દિશામાં !

અજાણ્યું ક્યાંય ના એને, પરિચય શો બધાંનોયે !
મળે તેને શું જાણી લે ! કશું અદબદ ન રાખે છે.

હરિઃૐ

# હૃદયની ઘેલછા એની

તુમાખીથી ભરેલો શો ! મિજાજી ઑર વળી શો તે !
નશો એનો ખરેખર શો ! ખુમારીથી ભરેલો છે.

કદીક ગુલામ પણ થાયે, કદીક શો શહેનશાહ જ તે !
કદીક મેંદીની પેઠે શો વટાઈ તે જ જાયે છે !

મળી, ભળી તે હૃદય ગળવા સ્વભાવ જ પ્રેમનો શો છે !
તલપ બસ એકની એક જ નિરંતરની લગન દિલને.

હૃદયની ઘેલછા એની શી ગાંડીતૂર લાગે છે !
વળી વળીને, લળી લળીને હૃદયનો પ્રેમ ચાહે છે.

વફાદાર શું સંપૂર્ણ છતાં ના એકસરખો તે !
કદીક પોતાનું ધાર્યું તે કળે કરીને કરાવે છે.

હરિઃૐ

# हरि દરબારની ચાવી

हरि દરબારની ચાવી હૃદયના પ્રેમ પાસે છે,
બધો રુઆબ દરબારી અને શો ઠાઠ एनो છે !

બધું ખેદાનમેદાન ઊલટપાલટ કરી દે તે !
કશું પકવ્યા વિના બાકી રહેવા પ્રેમ ના દે છે.

રજેરજનું સમર્પણ તે અધૂરું લાગતું एने,
શું ઇશ્કી પ્રેમની રગરગ સમર્પણથી ભરેલી છે !

જીવન નવજ્યોત પ્રગટાવા શી શક્તિ પ્રેમની તે છે !
પ્રકાશી પ્રેમ પ્રજ્વલિત થૈ પસારો પ્રેમનો શો છે !

હરિ:ૐ

## હૃદયની ગેલમસ્તી છે !

ઊછળી તોફાન કરવાની, હૃદયથી ગેલ કરવાની,
ખરેખર પ્રેમની કેવી હૃદયની ગેલમસ્તી છે !

સતત રમવું, રિસાવાનું, મનાવાનું, પજવવાનું,
ધમાચકડી મચવવાનું અતિશય પ્રેમને ગમતું.

ચઢી ઉછંગમાં કૂદી, કૂદીને ભેટવાકેરી,
રસીલી ભાવ ઊર્મિની ઉછાળાયુક્ત મસ્તી શી !

કળા મસ્તી જુદી જુદી રમત રમવા જ આનંદે,
હૃદયના પ્રેમને ભરતી ઘડી ઘડી કેવી ચઢતી છે !

હરિ:ૐ

## કદીક પ્રેમ ભભૂકે છે

કદીક અધીરો થતાં પ્રેમ બને છે આકરો શો તે !
અને પછી જંગલી જેવું ખરેખર કેવું વર્તે તે !

જગતજન તે ન સમજે છે, સ્વરૂપ મૂળ પ્રેમનું જે તે,
કરે રંજાડ દેખીતા, ન કૈં ઠેકાણું જેનું છે.

ઊછળી ઊછળી, કૂદી કૂદી, ફરી ફરી ઑર જુસ્સાથી,
વિખેરી સર્વ દેવા શો થતો તત્પર ખરા દિલથી !

બધું ખેદાનમેદાન ઊંધુંચત્તું કરી દેવા,
ભયંકર રૌદ્ર સ્વરૂપે શો કદીક પ્રેમ ભભૂકે છે !

હરિઃૐ

## રસે કેવા ગળેલા છે !

ન માથું દેખીતું એને, નયન ના દેખીતાં એને,
નયન, મુખ તે છતાં એને રસીલાં ભવ્ય કેવાં છે !

કંઈ ના વ્યક્ત વાણી છે, છતાં અણસાર જબ્બર છે,
બધું ચાલે જ અણસારે, ઈશારો ગૂઢ કાફી છે.

કશો અણસાર, ઈશારો ભલે ના હો, છતાંયે તે
-હૃદય છૂપી રીતે સૂક્ષ્મ, બધું પરખી જ લેતો છે.

હૃદયના પ્રેમને વ્યક્ત થતાં અડચણ કશી ના છે,
છતાં સહકાર સામેથી હૃદય હોતાં વહે રસ જે.

રસિક તે પ્રેમના રસની રસીલી કથની છાની છે,
ભગીરથ કંઈક મોટા શા રસે કેવા ગળેલા છે !

હરિઃૐ

## મહાસાગર ભર્યો રસનો

ઘડીક પળમાં નજર એની કરોડો ગાઉ પહોંચે છે,
ન એની કોઈ સીમા છે, કશાથી બદ્ધ તે ના છે.

ગતિવાળો સહજ પોતે, છતાં એને ગતિ ના છે,
સ્થગિત તોયે ન તે ક્યાંયે, સ્વયંભૂ રીત સઘળે છે.

નજીકમાં સાવ નજદીક છે, હૃદયથી સાવ પાસે છે,
છતાં એને જ કોઈયે ન ઓળખતું જરા પણ છે.

હૃદયનાં કેંદ્રબિંદુમાં સહજ સૂક્ષ્મ જ રહેલો છે,
મહાસાગર ભર્યો રસનો, છતાં શાં લોક તરસ્યાં છે !

હરિઃૐ

## નયનના ઈશ્કને લટકે

સ્વતંત્ર એ મિજાજી છે, ગતિ બસ માત્ર એક જ છે,
મળી, ભળીને, ગળી હૃદયે થવાની શી લગન એને !

હૃદય મૌન ચડીચૂપ જ સહજ કેવો રહેતો છે !
ઈશારા તે છતાં એના ન છાના તે કદી રહે છે.

નયન સૂક્ષ્મ વળી ગૂઢ શું લટકાંમાં રહે એના !
નયનના ઈશ્કને લટકે બધા જે તે જ છે મોહ્યા.

કશો પણ કોઈ અપવાદ હૃદયના પ્રેમને ના છે,
સહજ આકર્ષણે એના બધા પીગળી ગયેલા છે.

હરિઃૐ

## જીવન અલગારી વેશ જ છે

અલખ જે પ્રેમ જીવનનો મળી, ભળી ને ગળી જઈને
-અનોખો વેશધારીને, અજાયબ રીત વર્તે છે !

મિજાજી દોર એનો છે, સ્વતંત્ર જ મૂળમાંથી તે,
કહ્યામાં માત્ર પોતાના, જીવન અલગારી વેશ જ છે.

ભરોંસા પર સદા એનો જીવન વ્યવહાર ચાલે છે,
સહજ દિલ આત્મવિશ્વાસે હૃદય નિર્ભ્રાંત શો રહે છે !

હૃદય પ્રિય કાજ એને શા ઉમળકા, કોડ ઊઠે છે !
થવા દિલ આત્મસંતોષ સમર્પી દે જીવન નિજ તે.

હરિઃૐ

# સ્વરૂપ અદ્‌ભુત ન્યારું છે !

સતત બસ એકની એક જ રમત રમવા વિશે દિલને
-હૃદય આહ્‌લાદ આનંદ અનેરો શો સ્ફુરંતો છે !

હૃદય આહ્‌લાદ આનંદ હૃદયના પ્રેમનું તો જે
-સહજમેળે પ્રગટતું છે, સ્વરૂપ પ્રત્યક્ષ દિલથી તે.

હૃદયના પ્રેમનાં કેવાં બહુ પાસાં બહુવિધ છે !
વળી પ્રત્યેક પાસાનું સ્વરૂપ અદ્‌ભુત ન્યારું છે !

બધાં સંસારી જે રમતાં નરી સંસારી વૃત્તિમાં,
સમજવા ના અધિકારી હૃદયના પ્રેમને સાચા.

હરિઃૐ

## હૃદયનો પ્રેમ શો મસ્ત !

સતત ચાલ્યા જ કરવાની પડી ગઈ ટેવ દિલને છે,
હૃદયથી તે રમત વિશે સદા ગુલતાન ત્યાં મન છે.

હૃદયના પ્રેમને કોઈ પ્રીછે કે ના પ્રીછે તેની
-કશી દરકાર કે ચિંતા ધરે છે ના જરા સરખી.

હૃદયનો પ્રેમ શો મસ્ત શું એકાકાર સરખો છે !
સતત બસ રસમહીં એનો નિરંતર વાસ તો શો છે !

હૃદયના પ્રેમને ધંધો સહજ રસનો જીવનમાં છે,
સતત શું મહાલવા તેમાં સહજ તત્પર રહેતો છે !

હરિઃૐ

## પ્રભુ સાક્ષાત્ પોતે છે

શી દિલમાંની મહત અદ્‌ભુત ખરેખર ખુશબો જે છે !
જીવન સમૃદ્ધ થતું જઈને શું નવપલ્લવિત બનતું છે !

હૃદયના પ્રેમની ઉન્મત્ત ખૂબી શી શી નિરાળી છે !
જીવન તે ઊર્ધ્વમાં ઊર્ધ્વે ચઢાવી અવતરાવે છે.

પ્રકૃતિમાં રમે પોતે રહી અસ્પૃશ્ય સંપૂર્ણ,
છતાં પોતે થઈ તદ્રૂપ ધરે અનંતનાં રૂપ.

કશું પણ એકયે રૂપ, વળી પાછું ન તેને છે,
હૃદયનો પ્રેમ એવો તો પ્રભુ સાક્ષાત્ પોતે છે.

હરિ:ૐ

## અખૂટ શો પ્રેમ દિલનો છે !

હૃદય ના માત્ર જાણ્યો તે, હૃદયથી મહાલી જાણ્યો છે,
જીવનમાં મસ્ત ઉપયોગ કૃપાથી શો થયેલો છે !

ખમીર ખુમારીનો કેવો નશો ચેતન ભરેલો જે !
જીવનને થનગનાવીને બનાવે છે રસીલું તે.

પળેપળનો જ આનંદ ભર્યો રસથી નીતરતો જે,
હરિપદ મૂળ અસ્તિત્વ જીવન પ્રત્યક્ષ કરી દે તે.

ભલે વપરાય અઢળક તે છતાંયે તેટલો રહે છે,
ઘટે કે ના વધે એવો અખૂટ શો પ્રેમ દિલનો છે !

હરિઃૐ

## કરામત તે હરિની છે

જીવનમાં તો હૃદય સોબત સતત તે પ્રેમની શી છે !
સહજ દિલ ભાવ સંવેદન થકી જીવવું ગમેલું છે.

હૃદય ના ક્યાંય જુદાં છે, સહજ एक ભાવમાં શાં તે !
થવા જુદાપણું ક્યાંયે હૃદયને ના જીવનમાં છે.

છતાં કેવું કળા ગૂઢથી થયેલું છે જુદું તે તે !
હૃદય ઐક્ય અનુભવવા કરામત તે હરિની છે.

હૃદય પાસે હજી પાસે, નિકટ પાસે હૃદયમાં તે,
પ્રવેશી અંતરે एक જ અનુભવવાની રંગત છે.

હરિઃૐ

## દર્શન

બહુ ઉત્કટ અભિલાષા હૃદય દર્શનની શી રહે છે !
વિના દર્શન મજા દિલની કશી ના ફોરતી રહે છે.

થતાં દર્શન, હૃદય રસમાં શું એકાકાર તલ્લીન છે !
વિના રસ કંઈ જ અસ્તિત્વ કશાનું દિલ ન ત્યાં રહે છે.

બધું ભરપૂર રસથી છે, રગેરગમાં શું પ્રસર્યો છે !
તદાકાર પૂરેપૂરો રસામૃત પાનથી શો તે !

જીવન સાથે વણાયેલી બધી મૂળનીય પ્રકૃતિ જે,
હૃદયનો પ્રેમ શો એને નૂતન દર્શન કરાવે છે !

હૃદયનો પ્રેમ જબ્બર શો અનંતાનંત પોતે છે !
બધાંમાં છે છતાં પાછો શું એકાકી જ પોતે છે !

હરિઃૐ

# ખંડ - ૫

# પ્રેમરસ

ખરેખર પ્રેમ એ તો શું હરિનું લાડલું રૂપ છે !
હરિ પ્રત્યક્ષ સાકાર થયા છે પ્રેમરૂપ જ તે.

હરિઃૐ

# હરિનું લાડલું રૂપ છે

હૃદયના પ્રેમનો અગ્નિ હૃદય ધગધગતો જલતો છે,
શી અગ્નિની મહાશક્તિ સફાચટ સ્વચ્છ કરી સૌ દે !

પ્રચંડ જ આગનો તાપ થવો અઘરો સહન દિલ તે,
મનાદિમાં ભરેલો હો નિરંતર ભાવ, અમૃત જે.

ખરેખર પ્રેમ એ તો શું હરિનું લાડલું રૂપ છે !
હરિ પ્રત્યક્ષ સાકાર થયા છે પ્રેમરૂપ જ તે.

હૃદયમાં ને હૃદયથી તે હૃદયની ગેલ કરવાની,
અનેરી મોજ આનંદ હરિની સાથ મહોબતની.

હરિઃૐ

## સુઝાડીને જ પ્રેરાવ્યો

હૃદયથી રસ પીવા કાજે શું તલપાપડ થયેલાં સૌ
-મનાદિમાં શું પ્રજ્વલતો ઊંડો તલસાટ જાગેલો !

હૃદયના તે જ તલસાટે બધું સમર્પવાનું જે
-સુઝાડીને જ પ્રેરવ્યો ચરણ સૌ અર્પી દેવાને.

બધો સંસાર ને માયા મમત્વ સૌ પ્રકારે જે,
હૃદય તુજ ભક્તિ પ્રેરાવી બધું મુકાવી દીધું છે.

ભગીરથ, ભવ્ય ને ભારે સમર્પણ તે થવા કાજે,
નહોતી શક્તિ મુજ એવી, કૃપાથી સૌ થયેલું જે.

હરિઃૐ

## ખુમારી બાદશાહીથી

ચમત્કારિક ભંડાર, ખજાનો પ્રેમનો શો છે !
ખૂટ્યો કેમે ખૂટે છે ના, ભર્યો ભરપૂર ભરચક છે.

હૃદયના પ્રેમની મસ્ત ખુમારી શી નશીલી છે !
ખુમારી બાદશાહીથી ચઢિયાતી ખરેખર તે !

ખીલેલા પ્રેમના ભાવે પરિણામ જ ખુમારી છે,
હરિના ભાવની ખુશબો, સુરખી, સુરભિ રસીલી છે.

વિસ્ફુરિત પ્રેમની લાલીભરી ખુમારી ભભકે છે,
ખુમારી પ્રેમની ભક્તિ થકી પ્રસરેલ જ્યાં ત્યાં છે.

ખુમારી એવીનો પ્રેમ સમર્પિત થઈ જતો શો તે !
હૃદયનો પ્રેમ તો કેવો સદા ખાલી જ ખાલી છે.

હરિઃૐ

## હૃદયના પ્રેમનું કેવું

ઘડી પળના જ જીવનનું શું મૂલ્યાંકન ખરું જે છે !
હૃદયના પ્રેમનું કેવું મહત્ત્વ જ્યાં ભરેલું છે !

હરિનો ભાવ પ્રત્યક્ષ જીવન સાકાર પ્રગટે જે,
હૃદયના પ્રેમના રૂપે પ્રકાશે છે જીવનમાં તે.

હૃદયના પ્રેમની ઉત્કટ શી તાલાવેલી લાગે છે !
ઊંડે ઊંડે જીવનમાં તે શી અવતરવાની લાગે છે !

હૃદયના પ્રેમને ક્યાંય કશી નિસ્બત ન કોઈ છે,
જીવનમાં ઝંખતો ભળવા થવા નિજ કર્મ નિજરૂપે.

હરિઃૐ

## ખરેખર પ્રેમ જાણે છે !

હૃદયનો પ્રેમ તો ઝંખે જીવનને એક કરવાને,
પરંતુ અધવચે કેવા પહાડો કંઈક ઊભા છે !

દીવાલો દુર્ગની કેવી, જીવન વચ્ચે ખડી થઈને
-હૃદયના પ્રેમને કેવો બહુ જ થડકાવી મારે છે !

પરંતુ વજ્ર જેવો તે કશાથી કૈં ન ધ્રૂજે છે,
અડીખમ પહાડના જેવો નશે તરબોળ ઊભો છે.

કશાથી તે નથી ડરતો અભયમાં શો શિરોમણિ તે !
શું ન્યોછાવર થવાનું તો ખરેખર પ્રેમ જાણે છે !

હરિઃૐ

## હૃદયના પ્રેમનું ઝરણું

જીરવવો પ્રેમ હૈયાનો ન સહેલો કોઈ રીતે છે,
પચવવો તો પછી એને કઈ રીતે જીવનમાં તે ?

જીવનની ઊર્ધ્વતમ કોઈ ભૂમિકા જે પરિપક્વ
-થતાં, તેમાંથી ઉદ્‌ભવતો, હૃદયના પ્રેમનો સ્રોત.

હૃદયના પ્રેમનું ઝરણું વહ્યા કરતું સતત રહે છે,
પલાળીને, ભીંજાવીને મૃદુ જે તે બનાવે છે.

જીવનમાં પ્રેમવર્ષાથી શું ગાંડાતૂર થવાયું છે !
નશે ચકચૂર શું મશગૂલ ખરે ઉન્મત્ત થવાયું છે !

હરિઃૐ

# અભેદ જ પ્રેમનું રૂપ છે

હૃદયનો પ્રેમ સમજે છે જવાનું આરપાર જ તે,
પથે ખચકાઈ અધવચ કંઈ રહેવાનું ન જાણે છે.

સતત એકીટશે દૃષ્ટિ ખસ્યા વિના જ પળવાર
-રહે છે લક્ષ્ય વેધંતી, ખરેખર ચેતનાપ્રેરક

ભૂંસી દેવા પૂરેપૂરો બધોયે ભેદ તત્પર તે,
બધાયે ભેદ ભેદાતાં અભેદ જ પ્રેમનું રૂપ છે.

કશું છેટુંય તલભાર ન સાંખી લે જરા પણ તે,
અભેદ જ માર્ગનો ગૂઢ જીવનનો તે પ્રવાસી છે.

હરિઃૐ

# જીવનમોકો અનેરો તે

બધુંયે દ્વૈત જે જે છે અનુભવવા જ અદ્વૈત તે,
હૃદયના પ્રેમનું એવું ખરું કર્તવ્ય માત્ર જ તે !

વિવિધતાથી ભરેલો જે નર્યો વિસ્તાર ભાળ્યો છે,
જુદું જુદું બધું રૂપ પણ અરૂપી પ્રેમનું તે છે.

જુદાં જુદાં પરસ્પર હો, છતાં જો પ્રેમ લાગ્યો છે,
પરસ્પર સંકળાઈને પરસ્પર ઐક્ય અનુભવશે.

અનુભવમાં શું એકત્વ જીવન જીવવા મળે જેને
-જીવનમાં મહાલવા અનહદ જીવનમોકો અનેરો તે !

હરિઃૐ

# રસીલું રૂપ ધારે છે

ન ચણચણાટ એને છે, કશો બબડાટ ના એને,
કશો ખચકાટ ના એને, રુકાવટ ના કશી એને.

હૃદય સત્કાર જ્યાં એનો થતો જ્યાં દિલ ઉમળકાનો
-નીરખવા રૂપ, રસ અદ્‌ભુત મળે શાં પ્રેમનાં ત્યાં જે !

ભૂમિકા જેવી જેની છે, ભૂમિકારૂપ બનતો તે,
હૃદય પ્રવેશવા એવી શી ગૂઢ તરકીબ એની છે !

ખરેખર પ્રકૃતિમાં તે, થઈ જઈ પ્રકૃતિરૂપે
-પ્રવેશી તે વિશે પૂરું રસીલું રૂપ ધારે છે.

ભળે તે પ્રકૃતિ વિશે, પ્રકૃતિને વિષય ઊર્ધ્વે
-અનુભવના પ્રદેશે જે પ્રવેશાવાનો હેતુ છે.

હરિઃૐ

## રમત રમતો શી લાગે છે !

હૃદયના પ્રેમનો દાવો કશા પર કંઈ ન કરતો છે,
વટાઈ જઈ જ સંપૂર્ણ બને છે એકરસ શો જે !

થયેલા એકરસમાંથી ઝરે છે રંગ ત્યારે જે,
જીવન તે રંગથી કેવું સુશોભિત ભવ્ય બનતું છે !

કદી ગાજી વગાડીને ન પોતાને ગણાવે તે,
છુપાઈ છાનુંમાનું શું રમત રમવાનું જાણે છે !

ન એને કોઈ પડદો છે, છતાં પડદાની પાછળ તે
-લપાઈને છૂપી છૂપી, રમત રમતો શી લાગે છે !

હરિઃૐ

## કદી ગણકારતો ના તે

કળાલીલા હૃદયપ્રેમતણી ગૂઢ અજબ શી છે !
કશી તાકાત કોઈની સમજવાની ન તેને છે.

નશીલી ને રસીલી છે, ગજબની દિલ રંગત તે,
હૃદય વિશે પ્રવેશીને મહોબત, મોજ માણે તે.

કશી અડચણ, કશું નડતર કદી ગણકારતો ના તે,
જીવનમાં મહાલવા રસથી મહદ આનંદ શો એને !

હૃદયના પ્રેમનું મિલન ભલે સ્થૂળ લાગતું તે છે,
પરંતુ હેતુ ત્યાં કોઈ રસીલો ગૂઢ ન્યારો છે.

હરિઃૐ

## થવા તે एक તલસે છે

હૃદયના પ્રેમને રસ, રસ, વિના રસ કંઈ ન સૂઝે છે,
સતત ગુલતાન મસ્તાન, હૃદય રસમાં વિરાજે છે.

ખરેખર પ્રેમનું વ્યક્ત જીવંતું ચેતતું લક્ષણ,
પ્રગટતાં રસ વહેતો જે ખરેખરનું જ તે જીવન !

વિના રસ જીવવું પળ પણ બની શકતું કદી ના તે,
રસીલું પ્રેમથી જીવવું ઊછળતે રસ મધુરું તે.

હૃદયને પ્રેમ જ્યાં લાગે નસેનસને રગેરગને,
શું આકર્ષણ રસીલું તે બધે કેવું જમાવે છે !

શી તલભરની જુદાઈ કૈં ન સાંખી પ્રેમ તે લે છે !
થવા તે एक તલસે છે, થતાંમાં ઐક્ય જંપે છે.

હરિઃૐ

## પળેપળ રસતણો દરિયો

હૃદયના પ્રેમ ઉદ્રેકે થતું છે ખુશનુમા જીવન,
રગેરગ ને નસેનસમાં રસે છલકાતું નવચેતન.

પૂરું તળિયેથી પરિવર્તન થયા કરતું અલૌકિક શું !
છતાં ઉપરથી તો એવું અને એવું જ લાગે છે.

બધી ઈંદ્રિયના વિષયે નૂતન રસનો અનુભવ છે,
પળેપળ રસતણો દરિયો શું ઊભરાતો જ મદથી છે !

જીવન, જીવન વિશે મૂળે થયેલું ઓતપ્રોત જ છે,
જૂની આંખે નવાં ચશ્માં રસે પહેરાવી દીધાં છે.

હરિઃૐ

## છુપાયેલો જ રસ શો છે !

સહજ આનંદ રસહેલી સતત જીવનમાં વરસે છે,
કશું ભંગાણ એમાં તો કશાથી પણ ન પડતું છે,

અડોઅડ સર્વ જે તે છે, રસે લદબદ થયેલું છે,
બધું રસથી છવાયું છે, રસે જે તે રસાયું છે.

પવન, આકાશ, જળ, પૃથ્વી, પ્રકાશ પાંચ તત્ત્વોયે
-બધાંયે ઉદ્‌ભવેલાં છે, ખરેખર રસ થકી તે તે.

જુદું જુદું ભલે જે તે બધું દેખાતું લાગે છે,
પરંતુ મૂળમાં તેના છુપાયેલો જ રસ શો છે !

હરિઃૐ

## સતત બસ રસ અને રસ છે

ન કંઈ લપ્પન, ન છપ્પન છે, સતત બસ રસ અને રસ છે !
હૃદય આનંદના રસમાં છલોછલ ડૂબી નાહે છે.

હૃદયના પ્રેમને કેવું રસાનંદ એ જ ભોજન છે !
રસાનંદ ભસ્મ एને છે, અવરને કાચો પારો તે.

હૃદયનો પ્રેમ સંસાર થકી કૂદી બહાર પડિયો છે,
કશી જંજીર ન एને છે, નર્યો શો મુક્ત સૌ રીતે !

કશીયે આળપંપાળ ન સ્વપ્નનીમાંય एને છે,
ન અમથું, અમથું કંઈ एને , બધું જીવંત જે તે છે.

હરિઃૐ

## બધું વિગલિત થયેલું છે

હૃદયના પ્રેમની કેવી ભયંકર પ્યાસ જબરી છે !
પીવામાં રસહૃદય મસ્ત છતાં ના તે છિપાતી છે.

પળેપળમાં સતત દિલનો સહજ રસ યજ્ઞ જલતો છે,
વિના અટક્યા જ આહુતિ સમર્પાઈ જતી સૌ છે.

થઈ થઈ દિલ ન્યોછાવર લળી લળી વારી જઈ જઈને,
અવતરણ આરોહણની શી હૃદય રસ હેલી વર્ષે છે !

પળેપળ દિલ વિલીનતા છે, પળેપળ મન સભાન જ છે,
પરસ્પરનું કંઈ જ ભાન, પરસ્પરમાં ન ત્યાં રહે છે.

પરસ્પરનું હૃદય ઐક્ય બનેલું ચેતનાત્મક છે,
હૃદય રસમાં ભીંજાઈને બધું વિગલિત થયેલું છે.

હરિઃૐ

## રસામૃત એ જ જીવન છે

ફરી ફરી એકનું એક જ કૃપાથી જે ઊગેલું છે,
પ્રભુપ્રીત્યર્થ તે ને તે ભજવવાનું જીવનમાં છે.

નીરખવું એકનું એક જ ધરાવો કૈં ન થાયે છે,
ચરણ અમૃતના રસને પીતાં, રસ શો જીવનનો તે !

હૃદય તલસાટ તીવ્ર જ છે, હૃદય બસ રસ અને રસ છે,
બધું જે તે રસાયેલું ખરેખર રસથી અદ્ભુત છે !

રસામૃત એ જ જીવન છે, બીજું જીવન ન જાણ્યું છે,
હરિનાં તે ચરણકેરી કૃપાની શી પ્રસાદી છે !

હરિઃૐ

## હરિના દિલની ગાદી

હૃદયપ્રેમ વિરલ વીર ખરે ધનભાગ્ય જેનાં છે,
ખરા બડભાગી એવા જે હૃદયથી તે સ્વીકારે છે.

હરિનો પ્રેમ વરવાને, હરિચરણે ફના જેણે
-સમર્પી જઈ જીવન કીધું, ખરે તે પાત્ર શ્રેષ્ઠ જ છે !

હરિની દિવ્ય લીલાની રમત રમવા ખરેખર છે,
હૃદયનો પ્રેમ સાર્થક તે હરિનું ભવ્ય સાધન છે.

હૃદયપ્રેમ હરિકેરી રમત રમવાની કેડી છે,
હરિના દિલની ગાદી હૃદયના પ્રેમ પર શી છે !

હરિઃૐ

# હૃદય તલસાટ એને છે

હૃદયના પ્રેમને કાંઈ ન સારું કે ન નરતું છે,
નિમિત્તો ભેટવા પોતે મળેલાંને શું ઉત્સુક તે !

ન કોઈને વિશે કાંઈ કશોયે ભેદ એને છે,
થવા કલ્યાણમાં રાજી ખુશાલી પ્રેમને શી છે !

પ્રવેશાવા મળેલાંમાં શું તલપાપડ થયેલો તે !
વહે ધસમસતો સંપૂર્ણ ગતિ એની ગજબની છે !

અજબ દુનિયા નિરાળી છે હૃદયના પ્રેમની શી તે !
ગજબ સૂક્ષ્મ હકીકત તે શી ન્યારી પ્રેમની તે છે !

શી ઇંતેજારી ભડભડતી હૃદય ભળવા જ બળતી છે !
સમો જ્વાળામુખી ઉત્કટ હૃદય તલસાટ એને છે.

હરિઃૐ

## શરણ વળગેલ છે તેને

પતિતમાંયે પતિત જનને હૃદયપ્રેમ સ્વીકારે છે,
સ્વીકારીને હૃદય તેને થવા ઉન્નત ચગાવે છે.

સહાનુભૂતિ, હૂંફ, ઓથ, હૃદયમાં પ્રેરણા સાથ,
શરણ વળગેલ છે તેને જરૂર બક્ષે હૃદયપ્રેમ !

હૃદયનો પ્રેમ લઈ બથમાં અનેરું વહાલ પ્રેરે છે !
હૃદય ઉષ્મા જીવન પ્રેરી જીવનદૃષ્ટિ શી ખીલવે છે !

સમર્પણ, ત્યાગ, બલિદાન, ફનાગીરી સહજ લક્ષણ,
હૃદયના પ્રેમનાં શાં છે ! થતો પળપળ શું ન્યોછાવર !

હરિઃૐ

# છતાં પ્રસરી જતો તે છે

હૃદય પ્રવેશવાકેરી કળા બસ પ્રેમ પાસે છે,
મધુરમાં શી મધુર તે છે, કળાતીત શી કરામત તે !

મધુર શો સૂક્ષ્મ રીતે તે અજાણ્યામાંય ઘૂસે છે !
અજાણ્યાનેય, જાણીતું ધીમે ધીમે કરી દે તે.

કંઈ પણ કોઈ વાતે તે કશાથી ના અજાણ્યો છે,
બધીયે આવડતકેરી કળા સહુ પ્રેમ જાણે છે.

નસેનસ રોમરોમે શો જણાઈ તે શકાયે ના,
છતાં પ્રસરી જતો તે છે, મૃદુ પગલે શું અણદીઠ ત્યાં !

હરિ:ૐ

# ચૂકે કર્તવ્ય નિજ ના તે

વળગવાની હૃદયથી શી સતત બસ પ્રેમને લત છે !
સ્વીકારાતાં ન તે પાછો છતાં પડતો કદી ના છે.

ચઢવવાને કંઈક ઉપર હૃદયની નેમ એની છે,
સહજ એના પ્રયત્નોને ન કંઈ સહકાર દિલનો છે.

હૃદયનો પ્રેમ તોયે શો ચૂકે કર્તવ્ય નિજ ના તે,
ગમે કે ના ગમે તોયે છતાં નિજ ધર્મ પાળે તે.

ગળી જઈને પૂરેપૂરું ચિરંજીવ છાપ પાડે તે,
અસર ક્યારે શી તેની તે ઊગી નીકળે ન નિશ્ચિત છે !

હરિઃૐ

## બલિહારી રસીલી છે

હૃદયના પ્રેમની છો તે ભલે પ્રકૃતિ માધ્યમ છે,
સવાર થઈ જ બેઠેલી ન માથે પ્રકૃતિ તે છે.

હૃદયના પ્રેમની ઑર બલિહારી રસીલી છે !
હૃદયથી ચાહવાની શી મહોબત દિલ એની છે !

સતત નોબત મહોબતની વગર અટક્યા શી બઢતી છે !
અનાહત નાદથી તેના ચઢ્યાં રંગે મનાદિ છે.

શું અવતરી રોમરોમે શો સતત તે ગેલ કરતો છે !
રમ્યા વિના ઘડી પળયે જરા એને ન ચાલે છે.

હરિ:ૐ

# ખંડ - ૬

# ઝાંખી

નયન તે એકલાં માત્ર ન તે મોહી પડેલાં છે,
મનાદિને નયનકેરો થઈ સ્પર્શ ગયેલો છે.

હરિઃૐ

## અવસ્થા વાસ્તવિક જે છે

સહજ મૌલિક શી ચેતનની અવસ્થા વાસ્તવિક જે છે !
ખરે એવી ભૂમિકાનું સ્વરૂપ જે વ્યક્ત પ્રેમ જ છે.

થતી એવી અવસ્થા તે શી સ્વાભાવિક ભૂમિકા છે !
જીવન પલટાયેલાકેરું ખરે ! પ્રત્યક્ષ લક્ષણ તે.

થતી ચેતનની ઝાંખી તે અલૌકિક દિવ્ય રૂપની જે,
ખરેખર એથીયે મૌલિક શી નૈસર્ગિકપણે વળી તે.

જીવનમાં ગુણધર્મો જે થતા પ્રાગટ્ય ચેતનના
-થવા જે માંડવાકેરી ભૂમિકા 'ઝાંખી' તે પણ છે.

હરિઃૐ

# થતાં ઝાંખી જીવનમાં તે

ભરી ભરી દિલ, નયન, મનથી પીધાં ઝાંખી કરેલી છે,
રસીલું ભાન ઝાંખીનું હરિમાં દિલ પલાળે છે.

થતાં ઝાંખીનાં દર્શનથી પ્રવર્તે છે ચમત્કાર,
શકે ના ઓગળી એવાં મનાદિ પીગળે પદ શાં !

હૃદયમાં ઝંખના ઉત્કટ, ભયંકર તીવ્રમાં તીવ્ર
-થતી ઝાંખીની શી રહે છે ! ચિરંજીવ તેથી હરિ દિલ.

શી પળની માત્ર ઝાંખીએ હૃદય મનને હરિપદમાં
-ઠરાવી, શો સ્મરાવ્યો છે અકળ દિલ વેદનાથી ત્યાં !

થતાં ઝાંખી જીવનમાં તે પરત્વેની સહજ સતતે,
હૃદયની ધારણા મૌલિક જીવંતી શી વહે છે જે !

હરિ:ૐ

## નીરખવામાં જ છે લુબ્ધ

નીરખતાંમાં નયન ચોંટી જતાં કેવાં થઈ મુગ્ધ !
નયન ટગર ટગર ભાવે થતાં અનિમિષ ને સ્તબ્ધ !

ન પલકારોય ઊઠે છે, સતત બસ દૃશ્ય રમણીય જે
-નીરખવામાં જ છે લુબ્ધ, નયન મોહી પડેલાં છે.

નયન શાં એકલાં માત્ર ન તે મોહી પડેલાં છે !
મનાદિને નયનકેરો થઈ સ્પર્શ ગયેલો છે.

નયનને ઝાંખીની કેવી મનોહર લગની લાગી છે !
હૃદય તે લગનીના તાને સતત બસ નાચી ઊઠે છે !

હરિઃૐ

## નયન તે સાવ ન્યારાં છે

નયન આધારનાં કેવાં જુદાં જુદાં બહુ રીત છે !
મનાદિનાં નયન તે તે જુદા જુદા પ્રકારે છે.

નયન જે તે બધું દેખે નયનની વાત તે ના છે,
નયન અંતરતણાં જે છે, નયન તે સાવ ન્યારાં છે.

હૃદય ચેતનની ભૂમિકાતણાં નયનો ખીલેલાં જે,
ખૂલેલાં વ્યાપી સંપૂર્ણ બધે પ્રસરેલ જ્યાં ત્યાં છે.

જીવનના પ્રેમનાં એવાં નયન જે સર્વવ્યાપક છે,
નયન એવાંતણી ખૂબી કળાને કોણ પ્રીછે છે ?

હરિઃૐ

## પ્રતિષ્ઠિત દિલ થતી શી છે !

હૃદય જેના પરત્વેનો ઊંડો જ્યાં પ્રેમ લાગ્યો છે,
હૃદયમાં ઝાંખીનું તેવો ખરેખરું મૂલ્ય પ્રીછે છે.

થયેલી માત્ર પળવાર, ચિરંજીવી છતાં શી તે
-જીવનમાં સ્થાન પામીને, પ્રતિષ્ઠિત દિલ થતી શી છે !

હૃદયના પ્રેમનો ભક્ત થયેલો જે ખરેખર છે,
હૃદય તે માત્ર ઝાંખીનું રહસ્ય મૂળ સમજે છે.

પ્રવેશાવા હૃદય વિશે ઊંડું, ઊંડે જ અંતરમાં,
અનુભવ ઝાંખીનો દિલમાં થયેલો કામ લાગે ત્યાં.

હરિઃૐ

## થતી ઝાંખી શી તેવાને !

નિરંતરથી, નિરંતરનો હરિને જે વરેલો છે,
હરિ જેનાં મનાદિમાં ચહી હૃદયે વસેલો છે.

નિરંતરનો હૃદય જેને હરિમાં ભાવ ચોંટ્યો છે,
ખરેખર માત્ર તેવો જ શું પાત્ર ઝાંખી અર્થે છે !

અનુગ્રહ એમનો એમ હરિ પણ ના કરી દે છે,
હરિના રાજીપા વિશે જીવે ત્યાં આવવું પડશે.

જગતના સર્વ વ્યવહાર થકી વહાલો હરિ જેને,
હરિ જેના પરે રાજી, થતી ઝાંખી શી તેવાને !

હરિઃૐ

# અનુગ્રહથી હરિઝાંખી

ફનાગીરી સમર્પણની શી વર્ષા હેલી વર્ષે છે !
નિરંતરનાં સ્મરણ, કીર્તન, ભજનભાવ નિરંતર છે.

નિરંતરનો ભજનભાવ ચઢે ઉચ્ચોચ્ચ જ્યાં શિખરે,
તપ, ત્યાગ, બલિદાન થતાં મેળે રહે ત્યારે !

પછી ભક્તિતણો કેવો ફુવારો રંગ ઊડે છે !
અનુગ્રહથી હરિઝાંખી થતી કોઈ ભાગ્યશાળીને !

'હરિની ઝાંખી લાયકની થયા વિના ભૂમિકા તે
-થવી ઝાંખી મહા દુર્લભ', અનુભવી, તેથી ગાયું છે.

હરિઃૐ

## નિરંતર ભક્તિથી દિલમાં

સ્મરણ દિલ ઝાંખીનું ઊંડા હૃદય પાતાળમાંથી તે
-નીકળી સોંસરવું કેવુંયે જતું છે આરપાર જ જે !

થતી ના એમની એમ હરિની ઝાંખી ખાલી તે,
તપશ્ચર્યા, તપ, ત્યાગ હૃદયની ભક્તિ માગી લે.

નિરંતર ભક્તિથી દિલમાં રમ્યા કરતો રહે જ્યાં તે,
થતાં અનુગ્રહ હરિનો જ્યાં થતી ઝાંખી કૃપાથી જે !

મહા બડભાગી એવો જે થયેલી ઝાંખી જેને છે,
હૃદય તલસાટનો કેવો પછી ઉન્માદ વ્યાપે છે !

હરિ:ૐ

## મનાદિ શાં નિરંતર રહે !

ગહન ઊંડી તપશ્ચર્યા અને તપથી વળ્યાં ના જે
-ઘડી પળની શી ઝાંખીએ વળાવી પદ દીધેલાં છે !

અવળચંડાઈ કેવી કંઈ મનાદિની જીવનમાં જે
-જરીક સરખી શું ઝાંખીએ શી પાડી દીધી ઠેકાણે !

ઘડી પળ જે ન ઠરતાં'તાં , પળેપળ શાં ભટકતાં'તાં !
બધે જ્યાં ત્યાં જ નર્તતાં, શી ઝાંખીએ વળાવ્યાં શાં !

મનોહર મુગ્ધ ઝાંખીએ નયન દિલ મોહી લીધાં છે,
હવે હઠતી ન પળવાર હરિવરની જ ઝાંખી તે.

ચહી ચહી ઝાંખીનું દર્શન જીવનમાં એનું એ સહજે,
થતાં આકર્ષણે મુગ્ધ, મનાદિ શાં નિરંતર રહે !

હરિઃૐ

# સતત બસ ઝંખના તે છે

થયેલી ઝાંખીએ મૂળથી જીવનને ફેરવાવ્યું છે,
કરી દઈ મુગ્ધ સંપૂર્ણ હરિપદમાં ઠરાવ્યું છે.

હૃદયમાં એક લગની છે, હૃદયમાં ભાન એક જ છે,
શી ઝાંખી માત્ર જીવન તે ! સતત બસ ઝંખના તે છે.

શી વારંવાર ત્યાં ને ત્યાં નજર, મન ઠેરવાયે છે !
નયન પલકારમાં પણ શી મધુર ઝાંખી ઠરંતી છે !

હૃદયને મુગ્ધ રસનારી શી સંજીવની અમૃત તે !
મરેલાંને જિવાડીને, નવું જીવન શું બક્ષે છે !

અલૌકિક દિવ્ય દર્શન તે ન સરખાવા જ ઉપમા છે,
થઈ ઝાંખી શું ઉન્મત્ત સકળ જીવન રસાતું છે !

હરિઃૐ

# ઝાંખીની કેવી અસર

હૃદયમાં ઝાંખીની કેવી અસર ઊંડી પડે છે જે
-ગરક ગરકાવ ઝાંખીમાં મનાદિ શાં રહે છે તે !

તદાકાર જ પૂરેપૂરું થઈ કેવું જવાયે છે !
રસાતું જાય આકર્ષણ વડે કેવું જીવન ઊંડે !

પરાકાષ્ઠા હૃદય લગનીતણી ટોચે પહોંચે છે,
અખંડ જ ભાવનો શો ત્યાં પ્રવાહ મસ્ત વહેતો છે !

હૃદય આનંદ સંપૂર્ણ, છતાં તેમાંય તે દિલનો
-હરિમાં પૂર્ણ તાદાત્મ્યતણા સુખનો અજંપો શો !

હરિઃૐ

## સતત દિલ આગ બાળે છે

થઈ એકવાર જે ઝાંખી સતત દિલ આગ બાળે છે,
સહજ બસ એ જ ચિંતવનમાં મનાદિને પલાળે છે.

શી પળવાર થઈ ઝાંખી છતાં ગજબ જબરજસ્ત
-શું આકર્ષણ જમાવ્યું છે ! હૃદયમાં તે હૃદયથી જે !

ફરી ફરીને, વળી વળીને હૃદય તે ઝાંખી ઝંખે છે,
ચહી ચહીને જ લબકારા સડાકા મારતું મન જે.

ઘડી વાર જ હૃદયમાં જે થયેલી માત્ર ઝાંખી જે,
છતાં એણે ગજાવી, શું ઊથલપાથલ મચાવી છે !

હરિઃૐ

## કળા જાદુ શું ઝાંખીનું !

શી ઝાંખી માત્ર પળવાર થયેલી, દિલને તેણે
-હલાવી હચમચાવીને શું ઝાંખીમાં પરોવ્યું છે !

નયનની આગળે કેવી મધુરી ઝાંખી તરતી છે !
સતત બસ ઝાંખી ને ઝાંખી વિશે મન ડોલતું તે છે.

વિચારો ને વિચારો તે વિશેના દિલ જાગીને,
હૃદય રમમાણ તેમાં ને સતત તેમાં રખાવે છે.

જગત વ્યવહારનું જે તે ભલે હો, તે છતાં તેમાં
-મનાદિ ના પરોવાયે કળા જાદુ શું ઝાંખીનું !

હરિઃૐ

## કૃપા ઝાંખીની અદ્‌ભુત તે !

હૃદયમાં ઝાંખીએ કેવું સ્મરણ ઝબકાવી દીધું છે !
હૃદયમાં ઝાંખીએ જીવતો હરિને દિલ કરેલો છે.

ઘડી પળ ના સૂવા દે છે, ન નવરો સહેજ પડવા દે,
મનાદિમાં શી ઝાંખીએ હરિવર શો નચાવ્યો છે !

તળેઉપર સમૂળું સૌ કરી નાખી દીધેલું છે,
થયેલી ઝાંખીએ મુખને સમૂળગું ફેરવાવ્યું છે.

અભિમુખતાનું સાતત્ય થયેલી ઝાંખીએ હૃદયે !
-શું જન્માવી દીધેલું છે ! કૃપા ઝાંખીની અદ્‌ભુત તે !

હરિઃૐ

# શું આકર્ષણ ગજબનું છે !

અહાહા ! ઝાંખીનું જબ્બર શું આકર્ષણ ગજબનું છે !
અતિશય લગની શી एनी કશું ઓછું થતું ના છે !

સતત બસ ઝંખના એક જ વળી વળી તે પરત્વે દિલ
-મૂક્યા કરતું રહે દોટ, ન આકાંક્ષા અવર કંઈ દિલ.

લપેટાયેલ લાગે છે લપસણામાં, છતાં મનથી
-અસર છાયા ન એની છે, ચમત્કારિક ઝાંખી શી !

પ્રતિષ્ઠા ઝાંખીની અંતર વિશે પ્રતિષ્ઠિત થયેલી જે,
ગમે તે કારણે છોને, પરંતુ ના ભૂંસાતી તે.

મનાદિ ઝાંખીમાં કેવાં પૂરાં તરબોળ રહેતાં છે !
થયા કેડે હૃદય ઝાંખી, સહજ રીતે વિકસવું તે.

હરિઃૐ

## અજબનું ગૂઢ આકર્ષણ !

નીરખવું એકનું એક જ વળી વળીને, ફરી ફરીને,
ચહી ચહીને જ ઊલટથી શું વારંવાર એનું એ !

હૃદય ઝાંખી થતાં કેવું અજબનું ગૂઢ આકર્ષણ !
જતું જામી ગજબનું શું ! વિખૂટું ના પડે પળ મન.

શું કાઢે માર્ગ સોંસરવો નીકળી જઈ પાર જે તેની !
પછી પોતે બિરાજે ત્યાં બધું સામ્રાજ્ય નિજ સ્થાપી.

કળા શી કામણગારી તે ! પમાડે મોહ જે તે-ને,
ભલભલા મહારથી કેવા થયા શા મુગ્ધ શ્રીચરણે !

હરિ:ૐ

## ચમત્કારિક નશો કેવો !

નયનથી ઝાંખીનું દર્શન થતાં શી મસ્તી ફોરે છે !
નદીનાં પૂરની પેરે બધે જ્યાં ત્યાં જ પ્રસરે છે.

ભલે પળવારની ઝાંખી પરંતુ દિલમાં તેણે,
સિંહાસન શું બિછાવીને, તહીં સત્તા જમાવી છે !

થયેલી ઝાંખીની પ્રત્યે બધા આધારનું જે તે
-સતત આકર્ષણે તેના શું લુબ્ધ, મુગ્ધ શાં રહે છે !

ચમત્કારિક નશો કેવો ! ચડસ તેનો અનુપમ છે,
વિના એના મનાદિ તો બીજે ક્યાંયે ન ફરકે છે.

હરિઃૐ

## શી ઉત્કટ ઝંખના દિલ છે !

હૃદય મનને ખરેખર તે શું લોભાવી દીધેલાં છે !
રટણ બસ માત્ર એક જ છે, બીજું કંઈ ભાવતું ના છે.

ખૂબી ઝાંખીની અદ્‌ભુત શી ! કળા રસીલી નશીલી છે,
રમાડી નિજમાં કેવા નચાવ્યા ભલભલા દિલ છે !

થયેલી ઝાંખીની તીવ્ર શી ઉત્કટ ઝંખના દિલ છે !
હૃદયની વેદના તેની ન સહેવાતી જરી પણ છે.

થયેલી પળની ઝાંખીએ શું ગાંડોતૂર બનાવ્યો છે !
હૃદય બસ ઝાંખી ને ઝાંખી નજર પળપળ પ્રવર્તે છે !

હરિઃૐ

## મનાદિને ખૂંપાવ્યાં છે

થયેલી પળની ઝાંખી તે નજરમાંથી ખસે છે ના,
મહીં દિલ ઝબકોળાતું તે પ્રતિષ્ઠા પામી અંતરમાં.

થયેલી ઝાંખીએ કેવાં મનાદિને ખૂંપાવ્યાં છે !
મનાદિમાંથી પળ વાર કદી ઝાંખી હઠે ના તે.

મનાદિને શું ઝાંખીએ નજરબંધી કરેલી છે !
સતત બસ એકની એક જ લઢણમાં તે પડેલાં છે.

શી લાગેલી સતત રઢ છે ! ન બીજું કંઈ જ સૂઝે છે,
પરોવાયેલ ઝાંખીમાં પળેપળ શાં મનાદિ છે !

હરિઃૐ

## ઝાંખીનો ચમત્કાર

હૃદયમાં ઝાંખીનો કેવો ચમત્કાર થયેલો છે !
‘નવીન કોઈ ચેતનાકેરો થતો હોય સ્પર્શ’ લાગે છે.

નૂતન આનંદનો ધોધ ઊછળતો શો જહીં તહીં તે !
બધા આધારમાં ખૂણે ખૂણે મસ્તીથી વહેતો છે !

નયન એકીટશે નીરખ્યા કરે સુરખી રસીલી જે ,
કુમાશ, સ્નિગ્ધ, કોમળતા, મધુરપ દિવ્ય લાગે છે !

ભર્યું ભર્યું દિલ લાગે છે. શરીર રોમાંચ પ્રગટ્યા છે,
અકલ્પ્ય સુખનો વારો જીરવતાં દિલ નાચે છે.

નૂતન કાયાપલટ, જૂનું જીવન તો ફેરવાયે છે,
જૂની આંખે નવાં ચશ્માં અનન્ય જ ભૂમિકાનાં છે.

હરિ:ૐ

# નવો અવતાર લીધો છે

જીવનને ઝાંખીએ કેવું રસિક અમૃત રસાવ્યું છે !
રગેરગમાં, નસેનસમાં, અણુ અણુમાં શું ફાલ્યું જે !

શરીરનો ખાસ ગુણધર્મ સમૂળો જડ સમો જે છે,
તહીં રણકાર, ધબકાર, જીવંતા ઊપસાવ્યા છે.

જીવનમાં ઝાંખીએ કેવો ચમત્કાર શું સર્જ્યો છે !
લીલાંકુર ધરતીએ કેવો નવો અવતાર લીધો છે !

પળેપળનું જીવન મુખ વળેલું ઝાંખીથી ચરણે,
જીવનની બોલબાલા છે, નૂતન દર્શન શું ઝાંખીએ !

હરિઃૐ

## અનુભવથી હું સમજ્યો છું

બલિહારી હું ઝાંખીની હૃદય ગાતાં ન થાકું છું,
અનુભવથી હું સમજ્યો છું, 'ખરું શું મૂલ્ય ઝાંખીનું' !

ચરણના પ્રેમ અમૃતનાં ટીપાંનું પાન રસ મુગ્ધ
-કરાવ્યું ઝાંખીએ મુજને બનાવી તે વિશે લુબ્ધ !

વળી વળીને સતત મનડું વળ્યા કરતું જ ત્યાં ને ત્યાં,
લઢણ બસ એકની એક જ સતત જેની શી ઝાંખીમાં !

શું શ્વાસોશ્વાસ ઝાંખીના હવે તે આ જીવનના છે !
પીછો શાશ્વત જીવનમાં મુજ લીધેલો છે જ ઝાંખીએ !

હરિ:ૐ

# કૃપાથી ઝાંખીનું દર્શન

મહિમા, માહાત્મ્ય ઝાંખીનાં કંઈ અમથાં ન ગાયાં છે,
નિચોડ શો અનુભવનો થયો જે દિલથી ગાયો છે !

ખરેખર ભક્તિથી દિલનો થયેલો યોગ્ય વૈષ્ણવ જે !
રસીલી યોગ્યતા પૂર્ણ સમજશે ઝાંખી ના દિલ તે.

ચરણમાં મુગ્ધ બનવા, બસ નયન લટકું હરિ તુજ છે,
જીવનમાં ઝાંખીએ તેવો અનુભવ દિલ કરાવ્યો છે.

કંઈક જન્મોની ભક્તિથી પડેલા દિલ સંસ્કાર,
ઉદયવર્તમાનથી પ્રાપ્ત કૃપાથી ઝાંખીનું દર્શન.

હરિ:ૐ

# ખંડ - ૭

# દિલ

ધબકતું દિલ જેમાં છે, ઊછળતું દિલ જેનું છે,
ન પરખાયા વિના રહે તે શી દિલની વાત ન્યારી છે !

હરિઃૐ

## શી દિલની વાત ન્યારી છે !

હૃદયના પ્રેમમાં પૂર્ણ સહજ દિલ તો ગળેલું છે,
બધાંનામાં બધું દિલ છે, બધે દિલ, દિલ પ્રવર્તે છે.

વિના દિલ કોઈ સહકાર કશાનો શક્ય કંઈ ના છે,
બધાં દિલની કરે વાતો, પરંતુ સર્વ મિથ્યા છે.

ધબકતું દિલ જેમાં છે, ઊછળતું દિલ જેનું છે,
ન પરખાયા વિના રહે તે શી દિલની વાત ન્યારી છે !

પ્રવર્તતું ખરેખર દિલ જીવનમાં મોખરે જ્યારે !
પછી જેમાં અને તેમાં નર્યો રસ, રસ, ભર્યો રસ છે !

હરિઃૐ

## ચમત્કાર જ ખરે દિલ છે !

જીવન જીવવાતણો રસ જે, જીવનમાં સ્વાદ લાગે છે,
જીવન આનંદનો સ્પર્શ બધું દિલને જ લાધે તે.

હૃદય રળિયામણું લાગે, મધુરું ને મધુરું તે,
શી અદ્‌ભુતતા જીવનકેરી બધું દિલને લીધે તે છે !

જીવન સુખ ભવ્ય ને દિવ્ય મહોબત દિલ જે મહાલે,
હૃદયનો પ્રેમ સાકાર થયેલો દિલરૂપે છે.

જીવનમાં દિલ જો છે તો, બધું જે તે રસીલું છે,
હૃદયના પ્રેમનો અદ્‌ભુત ચમત્કાર જ ખરે દિલ છે !

હરિઃૐ

## હૃદયના પ્રેમનું દિલ તો

હૃદયના પ્રેમનું દિલ તો ભર્યું અલમસ્ત ભાવુક છે,
ખરેખર કોઈ સંગાથે ન સરખાવાય તે દિલને.

ભર્યું ભરપૂર છલકાતું નૂતન રસથી પળેપળ જે,
પળેપળનો જુદો જુદો નૂતન અવતાર દિલનો છે.

હરિનાં પ્રેમરસ ભક્તિ થકી ભરપૂર દિલ જ્યારે,
મગતરાના સમું દિલ પણ બને છે તે હિમાલય શું !

રમંતું પ્રેમમાં જ્યાં તે ન દુનિયાનું જ તે દિલ છે,
ગરીબડી ગાય સરખું દિલ બને છે વજ્ર સરખુંયે.

હરિઃૐ

# વળી દિલ જુદું જુદું છે

કશાનામાં મજા દિલથી વિના દિલ કંઈ પડે છે ના,
પ્રમાણિકતા, વફાદારી વિના દિલ સંભવે છે ના !

બધા દુર્ગુણ ને ગુણ બધું અસ્તિત્વ દિલથી છે,
વિના દિલ કંઈ કશાનામાં પ્રવેશી ના શકાતું છે.

જુદા જુદા પ્રકારોનું જુદું જુદું શું દિલ તે છે !
જુદી જુદી ભૂમિકાનું વળી દિલ જુદું જુદું છે.

જુદાં જુદાં જીવનકેરા તબક્કાનું જુદું દિલ છે,
બધી મીઠાશ મધુરપ છે ભળેલું સાથ દિલ જો છે.

હરિઃૐ

## અનુગ્રહ, સાચું તે દિલ છે !

ખરેખરું દિલ જીવનમાં પ્રવર્તતું જીવંતું છે,
જીવન જીવવાતણી લહેજત પછીથી ઑર લાગે છે !

ખીલેલાં પુષ્પના જેવી સુવાસ દિલની ફોરમ જે,
અણુ અણુ સ્પર્શી આધારે પરમ પમરાટ મહોરે છે !

સહસ્ર પાંખડીએ શું જહીં તે દિલ ખીલે છે !
પછી ત્યાં પ્રેમનો કેવો મધુર આસ્વાદ અદ્‌ભુત છે !

ખીલેલું દિલ પરિણામ જીવનની ભક્તિનું તે છે,
ચરણ રજની પ્રસાદીનો અનુગ્રહ, સાચું તે દિલ છે !

હરિઃૐ

# મળેલાં દિલનું અમૃત

જીવનમાં દિલના સગપણ સમું ના કોઈ સગપણ છે,
મળેલાં દિલના જેવું અમર જોડાણ ના કો છે !

મળેલાં દિલનું અમૃત જગે પીનાર કોક જ છે ,
ખરા શા મરજીવા તેવા જીવનમાં કોક પાક્યા છે !

રસામૃત પાન દિલ વિના કશાથી ના મળી શકશે,
વિસંવાદી ભલે છો હો છતાં જો દિલ સરળ શાં છે.

ખરેખરી દિલની કિંમત જીવનમાં કોણ પ્રીછે છે ?
વિના દિલનું જીવન જીવવું નર્યું તે સાવ ફોકટ છે !

હરિઃૐ

## જીવન બદલાઈ જાયે છે

વિના દિલ તો જીવનમાં કંઈ ન રોનક ને ન રંગત છે,
વિના પ્રગટ્યા હૃદયપ્રેમ ન અસ્તિત્વ કશું દિલ છે.

જીવનમાં દિલને લીધે જીવન બદલાઈ જાયે છે,
જીવનમાં ફેરફારો પણ થતા છે દિલને લીધે !

જીવનમાં દિલ છે તેથી જીવન મધુરું શું લાગે છે !
મધુરી મુગ્ધ મીઠાશ જીવનમાં દિલથી લાગે છે !

ખરેખરું દિલ છાનું તે કદી બેસી ન રહેતું છે,
ચઢીને છેક મોભારે બુલંદે સાદ પોકારે.

હરિઃૐ

## પ્રગટતાં 'દિલ' મળતું છે

અખંડિત ભાવ જીવનમાં પ્રગટતાં 'દિલ' મળંતું છે,
હૃદયના પ્રેમનું વ્યક્ત સ્વરૂપ પ્રત્યક્ષ તે 'દિલ' છે.

શી પ્રત્યેક ભૂમિકાનો બધો વ્યવહાર દિલથી છે !
'ન સારું કે નઠારું ના' કશું એવું જ દિલને છે.

ભળે છે જે વિશે તેમાં થતું તદ્રૂપ ત્યાં ત્યાં તે,
બધા રસનું જ વિજ્ઞાન ખરેખર દિલ પ્રીછે છે !

શું એકાકાર સંપૂર્ણ સ્વરૂપ પ્રત્યક્ષ દિલ મૂળ છે !
ભળેલું ને ગળેલું છે, શી ભાવની વ્યક્તતા દિલ તે !

હરિઃ ૐ

## તે નૂપુરઝંકાર પદના છે !

અડોઅડ દિલ દિલ દિલથી હૃદયભાવે થવાયું છે,
'અભેદ જ દિલ થવાતાં પદ' ખરી શરણાગતિ તે છે.

પછીથી દિલ હરિપદમાં નર્યું તરબોળ રસથી છે,
'હરિનો ભાવ' એ દિલનું નિરંતરનું જ ભોજન છે.

હરિની ભાવના દિલને સતત જચતી શી પચતી છે !
શું શ્વાસોશ્વાસ દિલના તે નૂપુરઝંકાર પદના છે !

હરિનાં પદકમળ પાછળ સતત દિલ આ પડેલું છે,
જરી પળવાર પણ હરિનો ન દિલ કેડો જ મૂકે છે.

હરિઃૐ

## શું ભાવાતીત દિલ પ્રેમ !

હરિના દિલ તાળાંની કૂંચી તો પ્રેમ પાસે છે,
હૃદયના પ્રેમને વ્યક્ત થવાને ભક્તિ સાધન છે.

ગુણાતીત, પૂર્ણ દ્વંદ્વાતીત હૃદય પ્રતિબિંબ પાડે છે,
હૃદયના પ્રેમનું સાચું ખરું ઠરવાનું તે સ્થળ છે.

શું ભાવાતીત દિલ પ્રેમ હરિ ચરણે બિરાજે છે !
હૃદય હરિને પ્રવેશાવા હૃદયનો પ્રેમ સાધન છે.

કળા જે સૂક્ષ્મ ને દિવ્ય હરિની ચેતનાની છે,
હૃદયના પ્રેમથી માત્ર થતી છે વ્યક્ત પોતે જે.

હરિ:ૐ

## બલિહારી કૃપાની તે

જીવનમાં દિલને મોટું મહત્ત્વ આપી આપીને,
તકેદારી ધરાવીને, ઉમળકે દિલ પરોવ્યું છે.

કદીક તે નેમ ચૂક્યું છે, કદીક તે ધ્યેય ભૂલ્યું છે,
છતાં દિલથી જીવનનિષ્ઠા ન કંઈ છટકી ગયેલી છે.

મથામણ ને મથામણમાં પરોવાઈ જતાં સતતે,
થતાં ઝાંખી ઉષાની દિલ, શું દિલને હર્ષ વ્યાપ્યો છે !

મથામણમાં સતત દિલની ટકેલી જાગૃતિએ તે
-ચુકાવા લક્ષ ના દીધું , બલિહારી કૃપાની તે.

હરિઃૐ

## ભર્યું ભર્યું દિલ લાધ્યું છે

જીવનમાં દિલ વિના ખપનું કશું કાંઈ ન બીજું છે,
જીવનને શોધી લેવાનું કરેલું દિલ વડે શું તે !

જીવનમાં દિલને પ્રાપ્ત થવા કાજે મથાયું છે,
ભગીરથ યત્ન તે અર્થે કૃપાથી શા થયેલા છે !

પ્રચંડ અગ્નિ હૈયામાં અનુભવવા જ દિલને તે,
શું ભડભડતો જ પ્રગટીને ભયંકર શો મથાવ્યો છે !

મથામણમાંથી નવનીતનું ભર્યું ભર્યું દિલ લાધ્યું છે,
કૃપા એ તો હરિવરની શી અણમોલી ખરેખર તે !

હરિઃૐ

## 'હરિરસ' એ જ કર્તવ્ય

હરિનાં પદકમળ રસમાં ભીંજાવાને સતત દિલને,
ફરી ફરીને, વળી વળીને, ઊલટથી શું મથાવ્યું છે !

થતા રહેતા પ્રયત્નોથી, હૃદય અભ્યાસથી તેવા,
વલણ દિલનું થતાં તેવું પ્રગટવા માંડિયો રસ ત્યાં !

પડ્યો છે દિલને રસ જ્યાં, થતા રહેતા પ્રયત્નોમાં,
-પછી શા પ્રાણ પ્રગટ્યા છે ! મળે જેનો ન જોટો ક્યાં !

'હરિરસ' એ જ કર્તવ્ય પછીથી માની દિલનું તે,
વિના રસ દિલને કંઈ પણ બીજું જચતું કશું ના છે.

હરિઃૐ

## અમે શું શું કરેલું છે !

જીવનમાં દિલ મેળવવા અમે શું શું કરેલું છે !
શી તે ઈતિહાસની ગાથા અજાણી સૌ થકી તો છે !

બધું આકાશ પાતાળ કરીને એક જીવનમાં,
કૃપાથી શા મથેલા જે કદી કેમે ન ત્યાં થાક્યા !

ભરોંસો સૌ હરિ પરનો ધરીને ઝંપલાવીને,
ઝુકાવેલું પૂરેપૂરું તહીં હરિ હાથ મળિયા છે.

બધુંયે આપતાં પૂરું ન તે સંતોષ પામે છે,
મળંતાં દિલ સંપૂર્ણ પછી પેટ જ ભરાતું છે !

હરિઃૐ

## મચક આપી કેમે નથી

પહેલાં પ્રકૃતિ ક્ષેત્રે હતું રહેઠાણ દિલનું જે,
પરંતુ એકધારું ત્યાં, ટકાતું નહોતું આનંદે.

સતત આનંદ હીંચોળે ઝૂલ્યા કરવાનું દિલ, દિલનો
-પ્રચંડ જ વેગ જે ઊગતાં, મથાવાયું દિશામાં તે.

તહીં શા પ્રકૃતિ વેશ, લઈ પલટા જુદા જુદા
-પકડી નિજ રાખવા ચાલે, મથ્યા કેવું કરીને ત્યાં !

કદીક તો ભોળવાયેલા મચક તોયે ન આપેલી,
'હતી શી લગની ત્યાં ઉત્કટ !' શકાયું જાણી માત્ર જ તે !

હરિઃૐ

## જીવન આદર્શ જો દિલમાં !

ઘણી ગૂંચો, મુસીબત ને દુઃખો, આપત્તિ ને સંકટ
-જીવનમાં ફૂટીને કેવાં શું ઉત્પાત મચાવ્યો છે !

પરંતુ દિલનું કૌવત, ધીરજ સમતાતણી ત્યારે,
'કસોટીની ખરી પળ તે' સમજી રહેવાયું મક્કમ છે.

જીવન આદર્શ જો દિલમાં થઈ અંકિત ગયેલો છે,
પછી ચસવાનું તેમાંથી કદી પણ ના થવાનું છે.

ભળે છે દિલ જે કર્મે થતાં તે કર્મને વિશે
-ઝરંતો દિલ થકી રસ જે, ન ખચકાવા કહીં પણ દે !

હરિઃૐ

## જીવનમાં દિલ મળેલું છે

હરિ સામર્થ્યની જીવતી ઊંડી બેઠેલ શ્રદ્ધા જે,
જીવતી શ્રદ્ધા પરે તેવી, મથાવાનું થયેલું છે.

હિમાલય જેવડાં વિઘ્નો, નડ્યાં પથમાં કરેલાં છે,
છતાં વિશ્વાસ ને હિંમત ટકેલાં તે, કૃપા તુજ છે.

હરિએ કેટલી વાર પૂરી સંભાળ લીધી છે,
અખંડિત ભાવ પ્રગટંતાં જીવનમાં દિલ મળેલું છે.

મળંતાં દિલ, જીવન સઘળું, ખીલેલું સર્વ બાજુએ,
જીવન તેવાતણો કેવા સહજ આનંદ સ્ફુરતો છે !

હરિ:ૐ

# કટિબદ્ધ થઈને તે

ભયંકર હુમલાઓ શા જીવનમાં પ્રગટી પ્રગટીને
-કરી બેફામ મૂક્યો છે ! કદીક બેભાન બનવ્યો છે.

પરંતુ દિલ જે જાગેલું ન છાનુંમાનું કંઈ ત્યારે
-પડી તે એમનું એમ કદી પણ ના રહેતું છે.

મચેલું સામનો કરવા કટિબદ્ધ થઈને તે,
કદીક હાર થતાં, પાછું ઊઠી બેઠું થતું પોતે.

નિરાશાની પળે દિલ જે કશું ના હચમચેલું છે,
અડગ, અણનમ ધરી ટેક, ટકેલું વજ્ર જેવું તે !

હરિઃૐ

## બધું તે દિલ પિછાને છે

જીવનમાં મસ્તી શી દિલની બલિહારી રૂડી શી છે !
મળેલા દિલની મહોબત શી માથાસાટ મોઘી છે !

ઊગેલાં દિલનાં કૌવત, પરાક્રમ, હામ, ધીરજ જે,
કશુંયે કોઈનું બળ પણ ન જેની તોલ આવે છે.

નવા અવતારના દિલનો હૃદય જે ભાવ પ્રગટે છે,
જીવન ચેતનની શક્તિનો પૂરો પરચો બતાવી દે.

નૂતન દેશ, નૂતન ભૂમિકા બધું તે દિલ પિછાને છે,
પ્રસંગે દિલ તો કેવું બધું નિજ હોડ મૂકે છે !

હરિઃૐ

## મળેલા દિલનું લક્ષણ

જીવનમાં દિલને મળતાં ધીરજની અવધી આવી છે,
છતાં મેળવવા દિલ અર્થે થયું તે તે કરેલું છે.

નિરાશા પાર વિનાની કંઈક વાર મળેલી છે,
છતાં હિંમત ન તૂટી છે, કૃપા એ તો હરિની છે.

'થયા જે જે ગયું તેમાં હતું દિલ' તે પ્રમાણ્યું છે,
વિના દિલ કંઈ કશો ક્યાંયે ન શુક્કરવાર વળતો છે.

ફુવારો ભાવનો ઊડતો જહીં સ્ફુર્યો અનુભવમાં,
મળેલા દિલનું લક્ષણ અનુભવથી હું સમજ્યો જે !

હરિઃૐ

## શી દિલની જાગૃતિ ત્યાં છે !

ટકોરાબંધ ને અકબંધ શી દિલની જાગૃતિ ત્યાં છે !
જીવનનું સુતરું, સુતરું બધું તેથી જ ચાલે છે.

જીવનનું પ્રેમ આનંદ અસ્ખલિત વહેતું ઝરણું જે,
હૃદયના પ્રેમના દિલનું સ્વરૂપ જ વ્યક્ત તે તે છે.

થતી જે લાગણી, વૃત્તિ, સ્ફુરંતી ભાવના ઊર્ધ્વે,
રમંતું દિલ તે વિશેતણું પ્રતિબિંબ તે તે છે.

હૃદયના પ્રેમનું માધ્યમ થવા સાકાર તો દિલ છે,
બધે જેમાં અને તેમાં જિવાતું દિલથી નિશ્ચે.

હરિઃૐ

## શું પરખાયું કૃપાબળ ત્યાં !

'કૃપાશક્તિથી હરિ તારી પૂરું સાચવવું દિલને તે',
જીવનમાં એકલું માત્ર કરેલું કર્મ સાચું જે.

જીવનમાં દિલથી જે તે સધાતું હોય છે નિશ્ચે,
વિના દિલના પ્રયત્નોમાં ન કંઈ ભલીવાર પ્રગટે છે.

પરોવાવા સતત દિલને મળેલાં કર્મમાં જીવને
-પ્રભુપ્રીત્યર્થ ધારીને, કૃપાથી યત્ન કીધા છે.

'ફવાતું કે ફવાતું ના' કદી વિચાર તેવામાં
-પરોવા દિલ ન દીધું છે, શું પરખાયું કૃપાબળ ત્યાં !

હરિ:ૐ

# દિલાવર દિલનો દરિયો

દિલાવર દિલનો દરિયો ઊછળી ઊછળી શું સ્પર્શે છે !
ભીંજાવી નાંખવા, યજ્ઞ સતત એનો શું ચાલે છે !

વફાદારી, હૃદયનિષ્ઠા, શી ઝિંદાદિલી સક્રિય જે,
હૃદયના પ્રેમમાં ઊંડી ન જેનો કંઈ સુમાર જ છે !

પળેપળ દિલ જતું વારી સમર્પણ થઈ જતું સહેજે,
સતત દિલ, દિલમાં ગળવાતણો શો યજ્ઞ ચલવે છે !

તપશ્ચર્યા સતત દિલની જીવનમાં ત્યાગ ને તપથી
-જીવંતી ચેતનાત્મક શી સતત જલતી રહે તેથી.

હરિઃૐ

# જીવનનું મૂલ્ય દિલથી છે

જીવનમાં દિલની મહોબત છે, જીવનમાં દિલથી રંગત છે,
જીવનમાં દિલની રોનક છે, જીવન શોભા શી દિલથી છે !

જીવનનું મૂલ્ય દિલથી છે, જીવન સર્વસ્વ દિલમાં છે,
રહસ્ય ઊંડું જીવનનું મળે છે દિલ વડે નિશ્ચે.

ફનાગીરી, બલિદાનો, સમર્પણથીય છલકાતી
-ભલે નદીઓ વહે તોયે ન કિંમત દિલની અંકાતી !

અમે સોદો પૂરેપૂરો અમારા દિલનો પ્રેમે,
હૃદયના પ્રેમનાં ચરણે કરી દીધેલ નિરાંતે.

હરિઃૐ

# હવે દિલનાં ગીતો ગાતાં

હવે દિલનાં ગીતો ગાતાં નયન શી રોશની પ્રગટે !
ઝલક મુખ પર શી લાલીની તહીં મલકાતી છલકાયે !

મધુરું ઑર સ્વાદિષ્ટ બધું દિલથી જ લાગે છે,
શું નંદનવન જીવન લાગે હૃદય જો સાંપડેલું છે !

સમારાતું ગયું કેવું જીવન દિલથી બધી કોરે !
તપશ્ચર્યા થતાં ઉગ્ર શું દિલ તેમાંથી ફૂટ્યું છે !

જીવનમાં ગુણ ને ભાવ બધા તે દિલ લીધે છે,
જીવનનું સર્વ ગૌરવ જે ખરેખર દિલ વડે સૌ છે !

હરિઃૐ

## હૃદય ગૂઢ સાંપડેલું છે !

હૃદયથી યાદ કરી કરીને હૃદય સંભારવાનું છે,
હૃદય સંભારી દિલ ભાવ સળગતો ધારવાનો છે.

જીવનમાં ભાવને દિલનું પરસ્પરનું જ સગપણ છે,
જીવનમાં દિલને તેથી મહત્ત્વ જ ખાસ અર્પ્યું છે.

હૃદય સંભારવામાંયે હૃદય ઊછળતું કેવું છે !
હૃદય તે ભાવનામાં શો જીવંતો પ્રાણ ફૂટે છે !

જીવનમાં દિલ, દિલથી જ્યાં હૃદય ગૂઢ સાંપડેલું છે,
જીવનની ધન્યતા દિલ અનુભવમાં સ્ફુરંતી છે.

હરિઃૐ

## જીવનમાં દિલનો મહિમા

જીવનમાં દિલની પરવા છે, જીવનમાં દિલથી નિસ્બત છે,
જીવન સંબંધ દિલનો છે, જીવન અસ્તિત્વ દિલથી છે.

જીવનમાં પ્રેમ અમૃતનો, અનુભવ જે થતો રહે છે,
ખીલેલા દિલને લીધે, અનુભવમાં પ્રકાશે છે.

જીવન જે બીજ વાવેલાં, ઊગે છે દિલને લીધે,
ખરેખર દિલ જળ, ખાતર, જમીન, ને ખેડ સૌ પણ તે.

જીવનમાં દિલ જેવું છે, પ્રમાણે એ જ દુનિયા છે,
જીવનમાં દિલનો મહિમા, મથ્યો ઉપસાવવાને તે.

હરિઃૐ

# અમારે ‘દિલ’ એ જીવન છે

અમારે દિલથી મળવું છે, અમારે દિલથી ભળવું છે,
અમારે દિલથી ગળવું છે, અમારે ‘દિલ’ એ જીવન છે.

અમારે દિલમાં દિલથી જીવન આખું સમાવું છે,
અમારા દિલનો ભાવ ન મર્યાદા કશી સમજે.

જીવનમાં દિલનો ભાવ છૂપો સર્વત્ર વ્યાપે છે,
હૃદયમાં સૂક્ષ્મ તે હોવા છતાં ના કોઈ પરખે છે.

અમે પણ દિલની ભક્તિ જીવનમાં શી કરેલી છે !
અમે શી દિલને માટે ફનાગીરી વહોરી છે !

હરિઃૐ

# અનુભવીનું બધું ત્યમ છે

કરાવા દિલની કિંમત અમારે ના જવું ક્યાંયે !
પૂરેપૂરી દિલની કિંમત જીવનમાં કોણ જાણે છે ?

મહોબત સાથ સંબંધ સતત દિલને અનેરો છે,
મહોબતનું કશું મૂલ્ય ન આંકી કંઈ શકાતું છે !

મહોબતથી ભર્યું દિલ તો ચાહવું માત્ર સમજે છે,
હૃદયથી ચાહવામાં તો ચડસ એને અનેરો છે.

સમર્પ્યા શું સતત કરવાતણો દિલનો જ ધંધો છે !
ખપી તેમાં જવાતાંમાં થઈ  જતું શૂન્ય દિલ પોતે.

પરંતુ કોણ જાણે છે, સમર્પાયા જતું દિલ જે !
હરિ જેમ છૂપો, સૂક્ષ્મ અનુભવીનું બધું ત્યમ છે.

હરિઃૐ

## વદવું તેવું નિરર્થક છે

કહે કેટલાંક તો 'મોટા ! તમોને દિલ આપ્યું છે',
પરંતુ વાત તે સાચી ખરેખર લાગતી ના છે.

તમે જો દિલ 'મોટા'ને પૂરેપૂરું જ આપ્યું છે,
બિરાજેલો પછી મોટો તમારે દિલ ન કાં તે છે ?

અમથું અમથું નકામું તે વદવું તેવું નિરર્થક છે,
હૃદયના ભાવ વિનાનું જીવનમાં કંઈ ન ખપનું છે.

ઊછળતો ભાવ હૈયાનો નદીનાં પૂરના જેવો
-થતાં સૌ કર્મમાં જો ના, બધાં તે કર્મ ફોગટ છે.

હરિ:ૐ

## જીવનનું વ્રત સ્વીકાર્યું છે

મળે સંપૂર્ણ દિલ દિલ જ્યાં મહોબત રંગ ખીલે છે,
જીવન ઉષા નવલ રંગે પ્રદીપ્ત ભવ્ય લાગે છે !

પરંતુ એવું દિલ મળવું મહામુશ્કેલ દુર્ઘટ છે,
હૃદયથી ચાહવું તેથી જીવનનું વ્રત સ્વીકાર્યું છે.

ખરેખર જ્યાં જીવનમાં દિલ પૂરેપૂરું ખીલેલું છે,
જીવનનું તેવું દિલ માત્ર ખરેખર ચાહવું જાણે !

વિના ચાહ્યા કશે દિલને પડે છે ચેન ક્યાંયે ના,
સતત રમમાણ દિલ રહે છે, સહજ ચાહવાની મસ્તીમાં.

હરિઃૐ

# ભલે છોને ખપી જઈએ

પૂરેપૂરું દઈ દેશો ચહી ચહીને ભલે દિલને,
છતાં સામેથી દિલ મળશે, અપેક્ષા દિલ ન સેવો તે !

થવા આનંદ તમ દિલને ચહી લ્યો પેટ ભરીને તે,
સમર્પણ થઈ જતાં છોને, ભલે તે પણ જીવન કાજે.

કશી આશા અપેક્ષાથી ન ચાહશો દિલ ભૂલેચૂકે,
નહિતર તો નિરાશાને હૃદય નોતરશો તે નિશ્ચે.

સહજ ચાહવાતણોયે શો હૃદય આનંદ ન્યારો છે !
ભલે છોને ખપી જઈએ, જતાં ખપી દિલ શું મલકે છે !

હરિઃૐ

## જીવનમાં સર્વ વ્યવહાર

જીવનમાં સર્વ વ્યવહાર અમારે દિલની સાથે છે,
જીવનમાં તેથી તો દિલને પ્રથમથી દઈ જ શા દઈએ !

દઈ દિલને, ચહી ચહીને, ઉમળકે વારી વારીને,
છલકતા ભાવ દરિયાથી મથીએ શા ભીંજવવાને !

ભીંજાવી નાંખવા યજ્ઞ શરૂ હરિએ કરાવ્યો છે,
અમે શા તણખલા જેવા ન કંઈ સામર્થ્ય એવું છે !

વિના દિલ કોઈ સંબંધ જીવનમાં તો અમારે ના,
ન ક્યાંયે ભાવ સામર્થ્ય સમું દિલ તો હરિ વિના.

હરિ:ૐ

# ઉમળકો પ્રેમનો ગંગા સમો

ઉમળકો પ્રેમનો કેવો ઊછળતા ધોધના જેવો !
ભયંકર પૂરના જેવો ખરેખર પ્રેમનો છે શો !

હૃદયના પ્રેમનું સાચું ઉમળકો વ્યક્ત લક્ષણ છે,
હૃદયના પ્રેમનો સ્પર્શ ઉમળકાથી શું વર્તાયે !

ઉમળકા કંઈ વિનાનો જે ન દિલનો પ્રેમ સાચો તે,
હૃદયના પ્રેમની ઉષ્મા ઉમળકાથી મપાયે છે.

ચીલેચલુ સમી કોઈ કશી રીત પ્રેમમાં ના છે,
નવલ, મૌલિક, નૂતન પળપળ અનુપમ પ્રેમ નૌતમ છે !

મહોબત, પ્રેમની લિજ્જત ઉમળકામાં રહેલી છે,
ઉમળકો પ્રેમનો ગંગા સમો જીવન ઉજાળે છે.

હરિઃૐ

# ખંડ - ૮

# દર્દ

ખરેખર દર્દનો મહિમા વિના મહાલ્યા ન કો જાણે !
જીવનનું દર્દ એ તો શ્રીહરિની કૃપા પ્રસાદી છે.

હરિઃૐ

## હૃદયના પ્રેમનું દર્દ

હૃદયના પ્રેમનું દર્દ મહા કોઈ ભાગ્યશાળીને
-અનુભવવા મળે, જેથી જીવન રસ રંગ મહાલે તે.

જીવનમાં દર્દ કંઈ લાગ્યા વિના ઊંડું ઊંડું હૃદયે,
છુપાયેલો ઊંડો મર્મ કદી ના હાથ લાગે છે.

ખરેખર દર્દનો મહિમા વિના મહાલ્યા ન કો જાણે !
જીવનનું દર્દ એ તો શ્રીહરિની કૃપા પ્રસાદી છે.

જીવનનાં દર્દથી એવા ઊંડું શું ઊતરાયું છે !
અનુભવવા જીવનસત્ત્વ, જીવનનું દર્દ સાધન છે.

હરિઃૐ

# અનુગ્રહથી સ્વીકાર્યો છે

ચઢેલો હોય છે પ્રેમ જીવનમાં ક્રૉસ પર નિત્યે,
સતત બસ વેદનાકેરા શું હોમાયેલ યજ્ઞો તે !

હરિના ભાવની ભરતી વિશે મશગૂલ ભરપૂર છે,
જીવનના ક્રૉસને ભાવે અનુગ્રહથી સ્વીકાર્યો છે !

સતત બસ વેદનાકેરી શી રમઝટ પુરબહારે છે !
છતાં કેવો નિરંતરનો તહીં હરિભાવ ઊછળે છે !

બલિહારી હરિભાવતણી જીવનમાં પ્રસરી છે,
જીવનના ક્રૉસની તેથી પ્રસાદી શી કૃપાની તે !

હરિઃૐ

## પ્રસાદી શી મળેલી છે !

ભયંકર વેદના તીવ્ર અસહ્ય સહેવી લાગે જે,
જીવનના ક્રૉસની ભવ્ય પ્રસાદી શી મળેલી છે !

હરિ કોઈ દૂત તારાથી ચમત્કારિક શાતા જે
-હૃદય પ્રેરાવીને કેવી જીવનમાં તાજગી બક્ષે !

જતી પળ એક ના કોઈ ખરેખર વેદના વિના,
મહદ અચરજ, 'ટકે તેમાં હરિની સભાનતા દિલમાં'.

ટકે ના એકલું માત્ર, પરંતુ કેટલાં સર્જન
-દશા તે વેદનાગ્રસ્ત વિશે તે શાં થતાં વ્યક્ત !

જીવનના સત્, અસત્ વિશે, જગતનાં સુખ, દુઃખ વચ્ચે,
જીવંતો એકધારો શો વહંતો પ્રેમ પ્રત્યક્ષે !

હરિઃૐ

# જીવનનું દર્દ પરખાવે

વિના લાગ્યા ઊંડું દર્દ મહેફિલ જે જીવનની છે,
અનુભવી ના શકાતી તે, રસીલું દર્દ મર્મી છે.

મહોબતની ખરી રંગત, રસિકત્વ જીવનનું જે,
અનોખી જે કળા, ગૂઢ, જીવનનું દર્દ પરખાવે.

જીવનના સાવ તળિયે ને ઊંડે ઊંડે પહોંચાડી
-ખૂબી સઘળી જીવનની જે, બતાવી દે જ પ્રગટાવી.

જીવનનું દર્દ, ભરી દિલ તે કૃપાથી મહાલી જાણ્યું છે,
ખરા દર્દી જીવનના શા થયા જ્યાં ભક્તિ ફોરી છે !

હરિઃૐ

## અનુગ્રહ શો થયેલો છે !

જીવનનું દર્દ મર્મીલું, જીવનનાં સર્વ પાસાંમાં
-છુપાયેલ મૂળનું હાર્દ બતાવે છે અનુભવમાં.

જીવનમાં દર્દ હોવા તે છતાં, ના દર્દ સાલ્યું છે,
હૃદય પ્રત્યક્ષ આગળ તો થયેલું દર્દના લીધે.

ઊંડું તારતમ્ય રસકેરું હૃદય પ્રગટેલ તે દર્દે,
અજબ નિજની શી શક્તિથી જીવનમાં તે અનુભવ્યું છે !

હરિનો કેટલો મોટો અનુગ્રહ શો થયેલો છે !
જીવનમાં દર્દ પ્રગટાવી જીવનનો મર્મ બક્ષ્યો છે.

હરિઃૐ

# હૃદયમાં દર્દ પ્રગટે છે

હૃદયનો પ્રેમ લાગંતાં, હૃદયમાં દર્દ પ્રગટે છે,
હૃદયના પ્રેમનું સાચું ખરું લક્ષણ ખરેખર તે !

હૃદયનો પ્રેમ છાનો તો કદી પણ ના રહે છે તે,
છતાં શો ગૂઢનો ગૂઢ વળી પાછો શું ગુપ્ત જ છે !

કળા તે પ્રેમની કેવી નૂતન અદ્‌ભુત રસીલી છે !
કળ્યામાં સાવ સંપૂર્ણ પૂરેપૂરી ન આવે તે.

કિરણ જેમ સૂરજનાં છે અનંતાનંત, તે રીતે
-જીવનનાં સર્વ પાસાંને જીવન દર્દ કળાવે છે.

હરિઃૐ

## જીવનના દર્દનો મહિમા

જીવનના દર્દનો મહિમા જીવન દર્દે જ રંગીલો
-રસાયેલો પૂરેપૂરો ખરો, તે માત્ર અનુભવશે !

જીવનનું દર્દ રસિક કેવું ! હૃદય સાચું પ્રિછાવી દે,
જીવનનો મર્મ જે ગૂઢ શું દર્દ તે કળાવી દે !

જીવનમાં ઊતરાવાને ઊંડું ઊંડું ગહન રીતે !
જીવનનું દર્દ કેવું તે ખબરદાર બધી રીતે !

અનુભવવા જીવનને તો જીવનદર્દ મહામૂલું,
ખરું ખપનું યથાયોગ્ય જ જીવનમાં નીવડેલું શું !

હરિઃૐ

## રસીલું દર્દ જીવનનું

રસીલું દર્દ જીવનનું હૃદય તે રસની હેલી છે,
અનુભવતાં અનુભવતાં, નશો ખુમારીનો દિલ છે.

રગેરગ ને નસેનસમાં મનાદિમાંય પ્રસરે છે,
ખુમારીનાં જ નાચંતાં ભર્યાં રસ-પ્રાણ-મોજાં જે.

જહીં જહીં સ્પર્શ એનો છે, નૂતન તે વેશ બદલે છે,
જૂનામાંથી નવું કેવું અનુપમ ભવ્ય નીપજે છે !

ઉપરથી એકનું એક જ બધું એવું જ લાગે છે,
છતાં પલટાયેલું રૂપ જે, અનુભવી માત્ર મહાલે છે.

હરિઃૐ

# ખંડ - ૯

# સ્પર્શ

હૃદયના પ્રેમનો સ્પર્શ જીવનને ફેરવાવીને,
અકલ્પ્ય ને અગોચરનું જીવન પ્રત્યક્ષ કરવે છે.

હરિઃૐ

# જૂની આંખે નવાં ચશ્માં

ઘડીકભરનો હૃદય સ્પર્શ મગજ બહેકાવી મારે છે,
જૂની આંખે નવાં ચશ્માં, પહેરાવી જ તે દે છે.

જીવન હોવા છતાં પૂર્ણ પ્રકૃતિનું જ અસ્તિત્વ,
ન પ્રકૃતિનું છતાં ચાલે અખંડાકાર જ્યાં ભાવ.

હૃદયના સ્પર્શને લીધે સહજ ને શો સતત જીવને !
નિરંતર ભાવ અલબેલો વહ્યા કરતો જીવંતો તે.

મહદ સદ્‌ભાગ્ય જીવનનું હૃદયનો સ્પર્શ હોવો તે,
અસર એની શી મૌલિક જે, શકે મહાલી અનુભવી જે !

ખરેખર સ્પર્શ ને પ્રેમ, નિરંતર ભાવ દિલનો જે,
ભૂમિકા એક ના જુદાં છતાં તે એકસરખાં છે.

હરિઃૐ

## હૃદયનો સ્પર્શ જગવે છે

નૂપુરઝંકાર અનુપમ એ, હૃદયનો સ્પર્શ જગવે છે,
નવી વૃતિ, નવી દૃષ્ટિ, વલણ નૂતન સ્ફુરાવે છે.

હૃદયનો સ્પર્શ શાં દ્વાર બધાં ખુલ્લાં કરાવે છે !
બધાંયે આવરણ સર્વ ખસેડી તે નખાવે છે.

હૃદય તાદાત્મ્યનો લહાવો, હૃદયના ઐક્યનો લહાવો,
શું વર્ણનથી અતીત એવું જીવન પ્રત્યક્ષ લાવે છે !

હૃદયના પ્રેમનો સ્પર્શ જીવનને ફેરવાવીને,
અકલ્પ્ય ને અગોચરનું જીવન પ્રત્યક્ષ કરવે છે.

હરિ:ૐ

## હૃદયનો સ્પર્શ

હૃદયનો સ્પર્શ જીવનમાં શું મોટો ભાગ ભજવે છે !
કરી નવપલ્લવિત જીવન, જીવન ખુશબો બઢાવે છે.

રગેરગથી, નસેનસમાં, હૃદય થનગનાટ વ્યાપીને,
કરી દૈ દિલ પ્રોત્સાહિત નશો કેવો લગાડે છે !

હૃદયના પ્રેમનો સ્પર્શ નદીનાં પૂરની પેરે
મજા, આનંદ, મસ્તીને જીવનમાં વહેવરાવે છે.

જરા સરખો, જરીક અમથો હૃદય નહિવત્ ભલે સ્પર્શે
-છતાં ત્યારે ખુમારીનો હૃદય રણકાર જુદો છે !

હરિ:ૐ

## હૃદયના સ્પર્શના જાદુ

જીવન આનંદનો દરિયો હૃદય છલકાવી મારે છે,
અનુપમ દિવ્ય ભૂમિકાતણું દર્શન કરાવે છે.

હૃદયના સ્પર્શના જાદુતણો જેને અનુભવ છે,
ખરો બડભાગી જીવનનો ખરેખર પૂર્ણ એવો છે !

ઊથલપાથલ બધી વૃત્તિ હૃદ સ્પર્શ કરી દે છે,
અભિનવ ભાવનો જુસ્સો ધસારાબંધ સ્ફુરવે છે.

જીવનમાં જે ન જાણ્યું'તું, જીવનમાં જે ન મહાલ્યું છે,
હૃદયનો સ્પર્શ તેને શું જીવન પ્રત્યક્ષ કરી દે છે !

હરિઃૐ

# જીવન અમૃત બનેલું છે

હૃદયના પ્રેમનો સ્પર્શ થતાં, જીવન પુરાણું જે
-જઈ પલટાઈને, કેવો નવો અવતાર ધારે છે !

નવા ઉત્સાહનાં મોજાં, સતત ઊભરી જ ઊછળે છે,
ભીંજાવી દઈ તળેઉપર, રસાર્દ્ર ભોંય બનવે છે.

નર્યા રસના જ દરિયામાં, રસાવાયું ગળાબૂડ છે,
રસે સોંસરવું જે તે સૌ ભરેલું આરપાર જ છે.

શું સ્પર્શનું દિવ્ય આકર્ષણ જીવન જામેલું જીવતું છે !
પળેપળમાં રસાયણનું જીવન અમૃત બનેલું છે.

હરિઃૐ

## શી અદ્‌ભુત પ્રેમની શક્તિ

ન ચાલે પ્રેમને સહેજે પરસ્પર 'આપ-લે' વિના,
પરસ્પરના અનુરાગ વિના ચાલે કદાપિ ના.

ખરેખર પ્રેમને ઐક્ય સતત દિલ દિલથી હોવા
-લઢણ બસ એકની એક જ શી ઉત્કટ ઝંખના દિલમાં !

ન ખાલી ઝંખના માત્ર પરંતુ પ્રેમ પ્રત્યક્ષ
-જીવન સાકાર શો હોઈ ! સ્વરૂપે સ્થૂળ ગુણધર્મ.

શી અદ્‌ભુત પ્રેમની શક્તિ અજબની ને ગજબની છે !
અજાયબ કર્મ શાં પ્રેમે ચમત્કારિક કીધાં છે !

હરિઃૐ

# ખંડ - ૧૦

# પ્રેમલીલા

હૃદયના પ્રેમથી જ્ઞાન, અતુલ સામર્થ્ય, આનંદ
-પ્રગટતાં છે જીવનમાં તે, થતું તેથી જીવન સાર્થક.

હરિઃૐ

## ચિરંજીવ નવજીવન મૌલિક

ખરેખર પ્રેમના જીવન વિશે મૃત્યુ કદી નવ છે,
ચિરંજીવ નવજીવન મૌલિક ખીલંતું પ્રેમમાં નિત છે.

બધાંને સંકળાવીને પરસ્પરમાં પરસ્પરથી
-સમગ્ર સર્વ જીવનને કરાવે એક તે દિલથી.

નૂતન ભાવો જ નિત નિત શા સ્ફુરંતા રહે જીવન વિશે !
શું તેથી જીવવા જેવું જીવન લાગે મધુરું જે !

હૃદયના પ્રેમથી જ્ઞાન, અતુલ સામર્થ્ય, આનંદ
-પ્રગટતાં છે જીવનમાં તે, થતું તેથી જીવન સાર્થક.

ઝરંતાં રસના જીવનથી ઊગેલો ને ફૂટેલો છે,
હવે ધસમસતો પૂરે શો વહેવા પ્રેમ લાગ્યો છે !

હરિઃૐ

## હૃદયનો પ્રેમ જાગ્યો છે

હરિની ભાવનાકેરું જીવન જીવવા હૃદય મુજને
-તલપ લાગેલ ઊંડી જે સતત જેણે મથાવ્યો છે.

સતત બસ એકની એક જ હૃદય લાગેલ ધૂને જે,
હરિની ભાવનામાં શો મને એણે જિવાડ્યો છે !

જરીક ખંડિત થતાં કેવો હૃદયમાં ધ્રાસકો ઊંડો
-ખરેખર તીવ્ર લાગેલો, હૃદય તેથી જ ચેતેલો.

હૃદય ચેતવણી એવીથી હરિની ભાવના વિશે
-પરોવાતાં લગાતાર, હૃદયનો પ્રેમ જાગ્યો છે.

હરિઃૐ

## હૃદય રસનો અનુભવ છે

સ્મરણની લાગતાં લગની, પછીથી તો પળેપળ જે
-કર્યું લેવાયા ઊલટથી, પછી દિલ રંગ લાગ્યો છે.

હૃદય-રસ-રંગની હેલી સતત વર્ષ્યાં કરેલી છે,
હૃદયનો પ્રેમ શો ઝળક્યા કરેલો છે પછીથી જે !

જીવન પ્રત્યે જ શો એવો ઊંડો જ્યાં પ્રેમ ઝબક્યો છે !
બધે જેમાં અને તેમાં હૃદય રસનો અનુભવ છે.

બધે પ્રસરાયેલો રસ તે કશું એના વિનાનું જે,
કંઈ જ બાકી નથી ક્યાંયે, શી રેલમછેલ રસની છે !

હરિઃૐ

## હૃદયનો પ્રેમ છે મહાલ્યો

સ્મરણની ભાવનામાંથી જીવન અસ્તિત્વનો હેતુ,
જીવનનો મર્મ સમજાતાં મનન ચિંતવન થયેલું છે.

મનન ચિંતવન થકી તેવા હૃદયમાં ઊતરી ઊંડું,
અનુભવવા જીવનને તે કૃપાથી ત્યાં મથાયું છે.

મથામણમાંથી દિલ નવનીત અનુભવમાંથી પ્રગટીને
-જીવનમાં પ્રેમ સક્રિય થતો પ્રત્યક્ષ લાગ્યો છે.

રસીલા તે જીવનકેરાં મહોબત, મસ્તી, આનંદ,
-લહેજત, મોજ, ભોગવતાં હૃદયનો પ્રેમ છે મહાલ્યો.

હરિઃૐ

## હૃદયનો ભાવ મોર્યો છે

હૃદયપ્રેમ હરિકેરી કૃપાથી કેળવાયો છે,
તપશ્ચર્યા શી તે અર્થે થયેલી દિલ જાણે છે !

જીવનમાં લોભ, મોહાદિ થકી મુક્ત જ થવા કાજે,
સ્મરણમાં ઝંપલાવાતાં ચરણની ભક્તિ લાગી છે.

જીવનમાં ભક્તિનાં પૂર ચઢંતાં સર્વ આધારે,
અખંડિત ભાવની પ્રાપ્તિ શું તેથી મેળવાઈ છે !

અખંડિત ભાવ ફૂલમાંથી હૃદયનો ભાવ મોર્યો છે,
જીવન એણે સુવાસિત સૌ મહેકાવી દીધેલું છે.

હરિઃૐ

## નિરંતરનો થતાં ભાવ

જીવનના કંઈક ઉદ્વેગો પ્રગટી, પ્રગટી હૃદય કેવો
-કરી દઈને જ પરેશાન! મૂક્યો છે ખળભળાવી શો !

સ્મરણનું ભાવનાકેરું હૃદયબળ કેળવાયેલું,
હૃદય એણે ઝઝૂમવાને ખરો ટેકો જ બક્ષેલો.

અખંડિત ભાવના હૃદયે પ્રગટતાં, ભાવ જાગ્યો છે,
નિરંતરનો થતાં ભાવ, હૃદયપ્રેમ સ્ફુરેલો છે.

હૃદયના પ્રેમથી જીવન પ્રફુલ્લિત ને ફૂલ્યું ફાલ્યું
-થઈને નવજીવન પૂર્ણ શું નંદનવન બનેલું છે !

હરિઃૐ

## હૃદયના ભાવના બળથી

હૃદયના ભાવના બળથી મતિમાં તેજ ફાલ્યું છે,
જીવનના ધર્મ કર્તવ્યે ઊંડી સમજણ ખીલેલી છે.

હૃદયની ભાવના શક્તિતણો સ્પર્શ જીવનમાંનાં
-કરણ સૌને થયેલો છે, કરણ તેથી ખૂલેલાં છે.

મનાદિ સૌ કરણ મોર્યાં, નવલ, મૌલિક થયેલાં જે,
રચાઈ તેથી ભૂમિકા હૃદયનો પ્રેમ ઠરવાને.

હૃદયના પ્રેમની શક્તિ અમર્યાદિત અગણિત છે,
બધું તારવવું જે તે કંઈ, કળા શી પ્રેમ જાણે તે !

હરિઃૐ

## જીવન ખીલતાં હૃદયપ્રેમ

સ્મરણ નિશદિન લેવાયા કરાયું છે કૃપાથી જે,
સ્મરણથી તે જીવન શક્તિ ખરેખર કેળવાઈ છે.

લીધા કરવાથી ઉપયોગે, જીવનમાં શક્તિને પ્રેમે,
ખિલવવાને જીવનને તે ખરી ખપમાં જ લાગી છે.

જીવન ખીલતાં હૃદયપ્રેમ થતો ખુલ્લો ગયેલો છે,
પ્રકાશ જ પ્રેમનો ત્યારે અનુભવમાં પ્રકાશ્યો છે.

જીવનનો હેતુ શો સ્પષ્ટ થતો મેળે ગયેલો છે !
જીવનનું ઊર્ધ્વનું દર્શન થતાં સ્પષ્ટ ખૂલેલું છે.

હરિઃૐ

## સ્મરણની ભાવનામાંથી

સ્મરણની ભાવનામાંથી વફાદારી સ્ફુરેલી છે,
ચરણની ભક્તિમાં નિષ્ઠા હૃદય તેથી જ લાગી છે.

નિરંતરનો થતાં એવો હૃદયભાવ હરિ પ્રત્યે,
સ્વયંપ્રેરિત જાગેલો સ્વયંભૂ પ્રેમ પોતે તે.

સમગ્ર સર્વ જીવનને શું આચ્છાદિત કરેલું છે !
અસરથી પ્રેમની એવા પ્રકાશિત પ્રેમ પ્રત્યક્ષે !

ચિરંજીવ પ્રેમ નિરપેક્ષ, છતાં હોવા બધાંમાં તે
-હૃદયથી સાવ નિર્લેપ અબાધિત શો રહે છે જે !

હરિઃૐ

# મનન, ચિંતવન, નિદિધ્યાસન

‘हरि પરની હૃદયમાંહી જીવંતી ધારણા હોવી’
મનન તે સાચું જીવનને ઘડાવામાં જ ઉપયોગી.

સ્થિતિ હોવા સ્વરૂપમાં તે મનાદિ સૌ કરણનાથી
-થતું ચિંતવન રહેતું જે, નિદિધ્યાસન ખરેખર તે !

–हरिમાં મન પરોવાતાં હૃદય ચિંતવન થતું રહે છે,
हरि તાદૃશ્ય પ્રત્યક્ષ થવામાં તે મદદરૂપ છે.

મનન, ચિંતવન, નિદિધ્યાસન જુદી જુદી ભૂમિકામાં
-જુદી જુદી રીતે મેળે થતાં કેવાં રહેલાં છે !

હરિઃૐ

## કૃપાબળના સહારે તો

જીવનમાં ક્રૉસની તીવ્ર સતત તે વેદના વિશે
-हरिની સભાનતા <u>હોવી,</u> અશક્ય તે હકીકત છે.
ટકવી

જીવનમાં કેટલીક વાર અશક્ય સાવ જે લાગે,
કૃપાબળના સહારે તો થતું તે શક્ય લાગે છે.

જીવનમાં આગના જેવી તમન્નાએ મથાવીને,
પ્રચંડ જ ને ભગીરથ શો પુરુષાર્થ કરાવ્યો છે !

સતત અભ્યાસ તેવાથી જીવંતી એકધારી જે
-અખંડિત ધારણા હૃદયે શી બંધાઈ ગયેલી છે !

હરિઃૐ

## જીવનમાં બાદશાહી છે

જીવનની ખુશનસીબી કે સ્મૃતિ તરવરતી હરિની છે !
સ્મૃતિ તરવરતાં તરવરતાં, સ્મૃતિમાં દિલ ગળેલું છે.

ગળેલી સ્મૃતિ દિલમાંની હૃદય સભાનતા પ્રેરે,
હૃદય સભાનતાએ તે જીવનમાં ભાવ જગવ્યો છે.

નિરંતરના સતત એવા ઝગારા મારતા ભાવે,
હૃદયના પ્રેમનું તત્ત્વ શું ચેતનવંતું સ્ફુર્યું છે !

હવે તે પ્રેમને લીધે જીવનમાં બાદશાહી છે,
જીવનની સર્વ ભૂમિકાતણી સંભાળ શી લે તે !

હરિઃૐ

## અનુભવી તેમ વર્તે છે

અનુભવવા જીવનતત્ત્વ થયેલી સાધના જે છે,
શી તેની વાસ્તવિકતાએ થવી પુરવાર ઘટતી છે.

ધીરજ, વિશ્વાસ ને સાહસ, શું ઉદ્યમ, ખંત, નિશ્ચય જે !
ફૂટેલાં છે થતાં કર્મે થવાં પ્રત્યક્ષ ઘટતાં છે.

વ્યવસ્થિતિ, પ્રેરણા, સ્ફૂર્તિ, સમત્વ તે થતાં કર્મે
-થતાં રહેવાં ઘટે વ્યક્ત, અનુભવ તો જ સાચો છે.

ન યદ્વાતદ્વા જીવનમાં, કશું મિથ્યા ન લાગે છે,
સ્ખલિત જે પ્રકૃતિમાંયે અચળ, અણનમ, અડગ છે તે.

છતાં શિશુવત્ અવસ્થા જ્યાં થતાં ઉન્મત્ત ભૂમિકા જે,
પ્રગટતી છે જીવનમાં ત્યાં અનુભવી તેમ વર્તે છે.

હરિઃૐ

## કૃપાથી સાથ દીધો છે

શી શી નબળાઈ જીવનમાં સહન કરવી પડેલી છે !
સહેતાં સર્વ ઉત્પાત શું ઝંઝાવાત ઊઠ્યો છે !

પરંતુ પ્રેમનો ભાવ જીવનમાં જે ખીલેલો તે,
મદદ આવી, ખરી પળ ત્યાં કૃપાથી સાથ દીધો છે.

અડીખમ છે ઊભો રહેવા વળી અગ્નિપરીક્ષામાં,
હૃદયના પ્રેમના જેવો મદદગાર બીજો છે ના !

બલિહારી હૃદય તેથી વસી મારે ગયેલી છે,
હવે એ પ્રેમમાં મશગૂલ થઈ નિત ગાન ગાયાં છે.

હરિઃૐ

## ખરું કર્તવ્ય ચાહવું છે

ભરી ભરી ભાવમસ્તીથી, ઊછળતા દિલ ઉમળકાથી,
સતત ચાહ્યા જ બસ કરવું, જીવનની માત્ર નિસ્બત તે !

જીવનનું એકલું એક જ ખરું કર્તવ્ય ચાહવું છે,
हरि શો તેથી તો સહુમાં છૂપો છૂપો પ્રવેશ્યો છે !

બધાંના હાર્દમાં ગળીને થવું નિજરૂપ પૂરું જે,
પછી નિજરૂપથી રમવું રસીલી તે લીલા શી છે !

હૃદયના પ્રેમનાં કૌવત જવાંમર્દી અનેરાં છે !
પરાક્રમથી ભર્યાં સાહસ નર્યાં જોખમ શું ખેડે તે !

હરિઃૐ

# જીવનની ખુશનસીબી

જીવનની ખુશનસીબી કે હૃદયના પ્રેમનાં ચરણે
-ધરી ભેખ ધખાવીને ધૂણી, બેઠેલ શા છીએ !

અમારે કાળની પરવા ન સ્વપ્નમાંય ધરવાની,
હૃદયમાં પ્રિયને નિશદિન ધરાવી, જોગ જોવાની.

નયન નીરખી, સતત નીરખ્યા કરાયે તોય ધરપત ના,
ઊંડે અંતર વળી વળીને થવાતું એકરસ તેમાં.

છતાં પૂરો ધરાવો તો થતો રહે છે કદી પણ ના,
થતો દિલ આત્મસંતોષ, છતાં અધૂરો કરે લાગ્યા.

હરિઃૐ

## જીવન સદ્‌ભાગ્ય પાકું છે !

જીવન અગન પિપાસામાં જલન જલતું રહ્યા કરીને,
બળ્યા કરીને સતત તેમાં જીવન ખાક જ થયેલું છે !

જીવનને ભસ્મ ચોળાવી જીવનનો વેશ બદલ્યો છે,
હવે લેવા ન દેવા છે, જૂના જીવન વિશે એને !

અલૌકિક, દિવ્ય, મૌલિક જે અનુપમ દેશ અનુભવનો
-હવે જે ચાખવા મળિયો, જીવન સદ્‌ભાગ્ય પાકું છે.

જીવનમાં પાંચ આંગળીએ પૂજેલા દેવને પ્રેમે,
મળેલું લોટવાનું જે ચરણ તેથી જ સદ્‌ભાગ્યે !

હરિઃૐ

# પ્રેમીનું દર્દ

હૃદયના પ્રેમનું સર્જન ખરેખર ભવ્ય દિવ્ય જ છે !
શું નીચે અવતરી પોતે પ્રમાણે તે જ બનતો છે !

છતાં પોતાનું મૂળતત્ત્વ કદી ગુમાવતો ના તે,
ભળે, ગળે છે છતાં પોતે અનોખો સાવ નોખો છે.

હકીકતનું બધું સ્થૂળ ભલે કિંતુ ન તેમ જ છે,
સ્વરૂપ જે મૂળ અસલનું છે શું જુદું પ્રેમનું તે છે !

સ્વજન અમને ખરેખર તો વખા કેવા પડાવે છે !
ભૂખ્યાડાંસ નર્યા નરદમ અમોને સાવ રાખે છે !

હૃદયના પ્રેમનું ભોજન જીવન અમને શું ખપનું છે !
વખા તેના પડે કેવા અમારું દિલ જાણે છે !

હરિઃૐ

## અમે જીવન ઝુકાવ્યું છે

હરિને દિલ રીઝવવાનું કૃપાથી જે સૂઝેલું તે
-અદા પ્રેમે કરી તેવું હરિપદમાં સમર્પ્યું છે.

વીલો પળ પણ હરિને તો કદી મૂકી ન દીધો છે !
હૃદય વળગાડી રાખીને, હરિ બથમાં જ ઘાલ્યો છે.

જીવનનો માત્ર આધાર હરિ બસ એકલો શો તે !
જિવાડે તો જિવાયે છે, શું શ્વાસોશ્વાસ હરિ પણ છે !

જીવનનાં મૂળ કારણમાં છુપાયેલો હરિ ગૂઢ છે,
હવે સંશોધવા એને અમે જીવન ઝુકાવ્યું છે.

હરિઃૐ

## મહાસાગર ભરેલો છે

હરિનાં તે ચરણકમળે નયનનું સૌ સમાયું છે,
હરિમાં દિલ રંગાવા ચરણ પકડી જ ધાર્યા છે.

હરિ વિના જીવનમાં તો હવે ના ચાલવાનું છે,
હરિ શો એકલો માત્ર જીવન સ્વામી અમારો છે !

જીવન રસનું હરિ પોતે ખરેખર કેંદ્રબિંદુ છે !
હરિના રસતણો કેવો મહાસાગર ભરેલો છે !

હરિની ભૂરકી ભસ્મ કપાળે જ્યાં લગાડી છે,
વલણ, વૃતિ અને દૃષ્ટિ પછી શાં ફેરવાયાં છે !

હરિઃૐ

## હરિ કેવો અમારો છે !

હરિની યાદ જીવનમાં અમારી સાચી શક્તિ છે,
'હરિ, હરિ' દિલ પોકારી સકળ વ્યવહાર ચાલે છે.

અમારા રંક જીવનનો હરિ શો બાદશાહ જ છે !
જીવન હરિથી જ ઉજમાળું, જીવનના પ્રાણ પણ હરિ છે.

હરિ વિનાનું ડગ ભરવું અમારું કંઈ ગજું ના છે,
જીવનનો સર્વ આધાર હરિ કેવો અમારો છે !

હરિ સંતોષવા દિલને અમે ચરણે વધેર્યું છે,
હરિને વહાલ કરવાને જીવન સઘળું સમર્પ્યું છે.

હરિઃૐ

## કળા લીલા અનોખી છે

રજેરજની હૃદયપ્રેમ બધી સંભાળ રાખે છે.
શરીર સગવડતણીયે શી હરિ મુજ ભાળ લેતો છે !

બધે ફેલાયેલા કેવા કૃપાળુ હાથ તારા છે !
ઊણપ ના કોઈ વાતેયે કશી પડવા મને દે છે.

હરિને તે રીતે હૃદયે શું પ્રત્યક્ષ અનુભવવા !
બધી હકીકત વિશે મુજને મદદ પ્રેરાવતો રહે છે.

મળેલાં પ્રાપ્ત કર્મોની સફળતામાં હરિ તું છે !
જીવન સંબંધ કેવા તે શું દીધા મેળવી હરિ તેં !

રસીલા પ્રેમ હરિવરની કળા લીલા અનોખી છે !
હૃદય નિજના થતાં એના પરખવા શી મળે છે તે !

હરિઃૐ

## હૃદયના પ્રેમ પર એવા

જરૂરિયાત પળેપળની હરિ પ્રત્યક્ષ મુજ દે છે,
શરીરની સર્વ સંભાળ કૃપાથી કેવી મુજ લે છે !

મદદ જે જે સમય યોગ્ય હરિ પ્રત્યક્ષ કરી દે છે.
કશુંયે કોઈ વાતે પણ નહિ તે ઓછું પડવા દે.

બધી સગવડ, ભલે અગવડ વિશે મુકાયેલો છોને !
-છતાં કેવી કરી દે છે, કૃપા એવી શી મુજ પર છે !

હરિ, તારો હૃદયપ્રેમ શું અઢળક નિત વરસતો છે !
હૃદયના પ્રેમ પર એવા જઉં છું વારી વારીયે.

હરિઃૐ

## કૃપા અદ્‌ભુત હરિની શી !

ભયંકર કારમી ભારે થતી શી વેદના વિશે !
હરિ મુજને જીવનમાં તો નર્યું બળ પ્રેરતો રહે છે !

શરીરકેરા અણુ અણુમાં બધે વ્યાપેલ ચેતન છે,
તહીં તે રૂપ ચેતન છે, બધા ગુણધર્મ એના છે.

બધું જે તે થતું રહે છે, છતાં તેમાં શું ચેતન તે
-ખરેખર સાક્ષીવત્ પોતે ! ભલે દર્દ ભયંકર છે.

કૃપાથી પીઠ ભૂમિકાની મળી એવી થકી તેથી,
અનુભવવા મળ્યું એ તો કૃપા અદ્‌ભુત હરિની શી !

હરિઃૐ

# હૃદયના પ્રેમના બળ પર

શરીરની દુર્દશા પૂરી અવ્યવસ્થિત શી થયેલી છે !
બધા બેહાલ સંપૂર્ણ શરીરના શા થયેલા છે !

શરીરનો દોષ ના તેમાં શરીર તાકાત જે કંઈ છે
-બધી તેની જ મર્યાદા, શું ઓળંગી જવાઈ છે !

ઉપરના હાલ જુદા છે, વટાવી હદ, શી બેહદ જે !
પરસ્પરની પરત્વેનો સ્વભાવ પણ અલગ શો છે !

બધા ગુણધર્મ જે જે-ના પ્રમાણે તેમ વર્તે તે,
ટકોરબંધ અકબંધ રહી સાક્ષી નિહાળે છે.

ભૂમિકા જે પ્રમાણેનું થતું જે જે બધું તે તે,
પરંતુ માંહ્યલો તેથી ખરેખર પ્રેમ ન્યારો છે !

હૃદયના પ્રેમના બળ પર જતું જિવાયા જીવન છે !
શું રસ અમૃતનો લહાવો હવે જીવનમાં આવ્યો છે !

હરિઃૐ

# જીવનરસ પ્રેમ અમૃતને

સકળ આ જિંદગાનીનો બધો હિસાબ હરિપદ છે,
હવાલો એક્કે એક જ-નો પૂરો સોંપી દીધેલો છે.

હવે બસ પ્રેમની મહોબત હૃદયથી મહાલવાની છે,
જીવનરસ પ્રેમ અમૃતને સતત પીવાની લિજ્જત છે.

ભૂમિકા સર્વનો રસ જે અલગથી અલગ જુદો શો છે !
અલાયદો બધા રસથી શું અંતર રસ નિરાળો છે !

બધા રસ સ્વાદ ચાખે છે, છતાં નિજ રસ મહાલે તે,
બધા રસથી જ સંપૂર્ણ સ્વતંત્ર જ શો જીવન રસ છે !

હરિઃૐ

## અનુભવ થતાં

બધું જેવું હતું તેવું અને સૌ તેવું તે તે છે,
છતાં અનુભવ થતાં તેમાં નવીન અદ્‌ભુત રસ ઊછળે.

નૂતન વૃત્તિ, વલણ નૂતન, નવી દૃષ્ટિ પ્રવર્તે છે,
બધો જેનો અને તેનો અભિગમ મર્મ ન્યારો છે !

બધુંયે ચાલવું, વદવું હતું જે તેવું તેવું છે,
છતાં તેમાં વિલક્ષણ પણ ચમત્કારિક અસર શી છે !

બધા હોવા છતાં ગુણ સૌ ન આધાર કશો તેનો
-જીવન વ્યવહારમાં તેને, શું ચેતનથી પ્રવર્તે શો !

હરિઃૐ

# હૃદય ઊઘડી ગયેલું છે

બધો આહાર તેવો ને હતો તેવો જ તેને છે,
છતાં આહાર તેનો તો અલૌકિક જ પ્રકારે છે.

રહે તેવો શું સંસારે બધા સંસારીની રીતે !
છતાં સંસારમાં તેની કળા વર્તનની ન્યારી છે.

જીવનની રીત રસમ તેની બધા સંસારી જેવી છે,
છતાં તેમાંય તો હેતુ અનુભવીનો નિરાળો છે.

હૃદય ઊઘડી ગયેલું છે, અને સંપૂર્ણ ખીલ્યું છે,
જીવન વ્યવહાર તેવાનો હૃદય તેવાથી ચાલે છે.

હરિઃૐ

# જીવનનો દોરી સંચાર

હૃદયની પ્રેમની મૌલિક બલિહારી નિરાળી છે,
જીવનના યોગ્ય કર્તવ્યે ચઢિયાતો કુશળ શો તે !

બધું દાક્ષિણ્ય એનામાં જીવન ઊગી જતું મેળે,
બધો વ્યવહાર એવાનો થતો છે, ભાવનાત્મક જે.

જીવનનો દોરી સંચાર થતો ચેતનથી એનો છે,
વિના ચેતન કશું પણ કંઈ ન એનામાં ઊગી શકશે.

ગુણે-વિસ્તાર-સર્જનમાં હરિ સમ સમર્થ નિમિત્તો,
હરિ તોલે છતાં કોઈ અનુભવી આવી ના શકશે.

હરિઃૐ

## હરિ વહાલો જીવનમાં શો !

હરિ વહાલો જીવનમાં શો અમારો જે બનેલો છે !
ચઢાવી કોઈને ચાવી અમારું કર્મ ચલવે છે.

અમે તુચ્છ પૂરેપૂરા, સમર્થ તે છતાં શો તે !
ધણી ધીંગો અમારો છે, બધી રીતે જ જબરો તે !

જીવનમાં તો અમે ઊજળા જીવનનું આડું અવળુંયે
-નભાવી શો હરિ લે છે ! બધુંયે સાચવી લઈને.

હરિ આગળ ઉઘાડા તો પૂરેપૂરા અમે છીએ,
હરિને માત્ર દિલ દિલથી ચહી, જીવતા થયેલા જે.

હૃદય વહાલો પૂરો માત્ર હરિ કેવો અમોને છે !
કદીક ખોળો છતાં એનો બગાડી મૂકીએ શુંયે !

હરિઃૐ

# હરિપદ ઠાલવેલી છે

અમારે તો હરિ જેવો જહીં બેલી મળેલો છે,
અમે દિલની બધી પરવા હરિપદ ઠાલવેલી છે.

બધી ચિંતા, ફિકર, બોજ હરિ ચરણે મૂકેલાં છે,
શી અમર્યાદ મસ્તીથી અમે તો કફની પહેરી છે !

શું આખાબોલો ને તીખો સ્વભાવ જે અમારો છે,
બગડી તેથી જતું જે કંઈ હરિ શું તે સુધારી લે !

કદીક કેવું બગાડી દઉં પૂરો અક્કલ વિનાનો જે,
હરિપદ સંઘરાયેલને હરિ નિભાવી લેતો છે !

હરિઃૐ

# ઝુકાવી શિર દેવાનું

ગૂંચો, આફત, દુઃખો, વિઘ્નો, મુસીબત દેખીતી જે જે
-જીવનની હાડમારીઓ અને મુશ્કેલીઓ વચ્ચે

-ખમીર, ખુમારી જીવનમાં વળી મર્દાનગી જબ્બર
-ફૂટી કેવાં નીકળતાં છે ! શું મર્યાદા અતીત જોમ !

કરી સિદ્ધ બતાવે છે જીવનમાં વર્તતાં ત્યારે,
જીવન સર્વોપરીપણું નિજનું બધાં તે તે ઉપર જે છે.

ઝુકાવી શિર દેવાનું કદી ના પ્રેમ સમજે છે,
રહે અણનમ ખડક જેમ ટટારીથી ઊભો રહે છે.

હરિઃૐ

## ‘અમોને ચાહવા આવો’

હૃદયનો પ્રેમ તો કેવા ઊંડા પોકાર પાડે છે !
‘હૃદયથી ને હૃદયમાં કો અમોને ચાહવા આવો !’

સતત ચાહ્યા જવાકેરો જીવનમાં યજ્ઞ ચાલે છે,
અવર ચાહે, ન ચાહે, કંઈ અપેક્ષા દિલ ન એવી છે.

હૃદયપ્રેમ તપશ્ચર્યા કર્યા કરતો રહે મેળે,
હૃદય ઐક્ય થવા કાજે સતત જેનો પ્રયત્ન જ છે.

હૃદય હોવા છતાં પૂર્ણ, ન કોઈ ઓળખે જેને,
છૂપો, ગૂઢ, સૂક્ષ્મ એવો છે હૃદયનો પ્રેમ અવિભક્ત.

હરિઃૐ

## જીવનનો પ્રેમ પ્રત્યક્ષ

જીવનમાં કોઈક ને કોઈક મને સંભાળનારું જે,
કૃપાથી મોકલી આપી નિરાંત જ શી વળાવે છે !

અસર જાદુઈ ગૂઢ, સૂક્ષ્મ, ચમત્કારિક, અદ્ભુત જે
-હૃદય પ્રેરાઈને, પ્રાણ અને શક્તિ શું બક્ષે છે !

ન ખાલી ખાલી અમથો તે પડી પોતે રહેતો છે,
ખરેખર પ્રેમ નિષ્ક્રિય અને સક્રિય પળ પળ છે.

જીવનને પ્રેરનારો તે, જીવનને સાંધનારો તે,
જીવનને સાધનારો તે જીવનને તારનારો છે.

જીવનનો પ્રેમ પ્રત્યક્ષ શું સચરાચરપણે તે છે !
અરે ! બ્રહ્માંડની પાર ખરેખર પ્રેમ વ્યાપ્ત જ છે.

હરિઃૐ

## જીવનમાં પ્રેમનું સગપણ

જીવનમાં ભાવ સંબંધ હૃદયથી કેળવી લઈને,
જીવનમાં પ્રેમનું સગપણ હૃદય ચેતાવી દેવું છે.

હૃદયથી ઊછળી ઊછળીને શો ન્યોછાવર થઈ જઈને,
હૃદયથી હૃદય મિલાવીને હૃદયમાં ઐક્ય ધરવું છે.

હૃદયથી ચાહવાકેરી શી નિસ્બત એકલી બસ જે,
જીવંતી ચેતનાત્મક તે અમારે દિલ વસેલી છે.

જીવનમાં ચાહવાકેરો જીવનધંધો સ્વીકારીને,
જીવનનૌકા હરિચરણે કૃપાથી જોડી દીધી છે.

હરિઃૐ

## જુદા જુદા બધા વેશ

જુદા જુદા બધા વેશ જીવનમાં પ્રેમ ભજવે છે,
અવતરે જે વિશે તેનું સ્વરૂપ પ્રત્યક્ષ લેતો છે.

અવતરે જે વિશે તેના બધા ગુણધર્મ આચરતો,
ખરેખર તે ભૂમિકામાં થઈ તાદાત્મ્ય વર્તતો.

જીવનનો હેતુ અવતરતાં કરવવા ઊર્ધ્વ આરોહણ
-જીવનમાં સાધવા તેને અનેક જ શાં ધર્યાં રૂપ !

જીવન અસ્તિત્વ જે જે છે બધું તે તે ખરેખર છે
-અસલનાં મૂળમાં પ્રેમ પ્રતિષ્ઠિત વ્યક્ત પ્રત્યક્ષે.

હરિઃૐ

# ભિખારીની મૂડી તે છે

અમારી જિંદગાનીનું હવે કર્તવ્ય એક જ છે,
મરીને જીવવું પળપળ ખરું જીવન અમારું તે !

હૃદયનો પ્રેમ જીવનની થયેલી ભસ્મમાંથી જે
-કૃપાથી ઉદ્ભવેલો છે, ભિખારીની મૂડી તે છે.

હૃદયના પ્રેમને કોઈ જીવનમાં બહુ જ થોડાક
-અનુભવી તે શકેલા છે, ખરેખર વ્યક્ત તે મૌલિક.

હરિએ તો હંમેશાંને અખંડ જ ખેલ રચિયો છે !
અમે તે ખેલમાં રમવા જીવન સ્વીકાર કીધો છે.

હરિઃૐ

# જીવનમાં ચાહવાકેરો

જીવનમાં ચાહવાકેરો અમે ધંધો સ્વીકાર્યો છે,
હૃદય ઊતરી ગયેલું તે, હવે ના લક્ષ્ય બીજું છે.

પ્રથમ દૃષ્ટિ, વલણ, વૃત્તિ પૂરાં અંતર વિશે વાળી,
કરેલું ચાહવું નિજને, સ્વધર્મ તે સ્વીકાર્યો છે.

હૃદય એકાગ્ર કેંદ્રિત થતાં એકલક્ષી તે પ્રત્યે
-કરી યાહોમ ઝુકાવી, સમર્પણ દિલ કરેલું છે.

જતાં ખોવાઈ સંપૂર્ણ કૃપાથી તો જડેલું છે,
હવે વિસ્તારમાં એનો બધો ઉપયોગ લીધો છે.

હરિઃૐ

# જીવન ચરણે સમર્પ્યું છે

હૃદયથી ચાહી ચાહીને ખતમ જીવન કરી દઈને
-હૃદયના પ્રેમના ભાવે, સમાઈને જ જીવવું છે.

કમાણી માત્ર જીવનની ખરેખર હોય જો કંઈકે,
જીવન યાહોમ કરી દઈને ચરણ સંતોષ દેવો જે.

હૃદયના પ્રેમમાં જીવવું, સતત દિલ પ્રેમમાં ઠરવું,
હૃદયમાં एक દિલ દિલથી થઈ, દિલને વિરમવાનું !

હૃદય મળતાં, મળ્યું સઘળું, જીવનનું સર્વ કંઈ પણ જે,
હૃદય તે પ્રાપ્તિને અર્થે જીવન ચરણે સમર્પ્યું છે.

હરિઃૐ

## હૃદય મળતાં, મળ્યું સઘળું

જીવન સુધારવાનું તો ન કોઈનું સ્વીકાર્યું છે,
અમારું કર્મ તે ના છે, હૃદય ચાહવાનું જાણ્યું છે.

અપાપી પાપી કે એવું ન જોવાનું અમારે છે,
ગમે તેવી ભલે વ્યક્તિ હૃદય સંઘરવી જાણી છે.

અમારે વ્યક્તિના કરતાં જરૂરી વ્યક્તિનું દિલ છે,
હૃદય મળતાં, મળ્યું સઘળું ખરેખર દિલ પ્રમાણ્યું છે.

'હૃદયના ચાહવાથી શું પરિણામ નીપજતું છે !'
-ન પરવા તે વિશે દિલને, હરિપદ સર્વ સોંપ્યું છે.

હરિઃૐ

# હૃદયથી ચાહવાનું છે

ગમે તેવાં ભલે છો હો, ન કંઈ ચારિત્ર સારું છે,
છતાં તેને અમારે તો હૃદયથી ચાહવાનું છે !

જીવનમાં મૂળના ઘરનો ખરો ધંધો જ મૂળથી જે
-હૃદયથી રંગવાનો ને ખરેખર ચાહવાનો છે.

જીવનમાં રંગવાકેરું ન બનતું કર્મ મુજથી તે,
પરંતુ ચાહવાનું તો હૃદયથી, કર્મ મુજ કર છે.

જીવનનો લાડલો હરિ તો ન લાયક, યોગ્ય લાયક જે
-ભૂલેચૂકે ન જુએ છે, સતત ચાહ્યા કરે બસ તે.

હરિ:ૐ

## અમારે ચાહવાનું છે

હૃદયના ભાવથી પૂરા ભલે સંસારીને ચાહો,
છતાં સંસારી તો પાછો ન રીત તે દિલ ચાહવાનો !

નર્યો શો સ્વાર્થ સંસારે પૂરો એને જ ભરપૂર છે,
પછીથી ચાહવા એને હૃદય અવકાશ ક્યાંથી રહે ?

મળેલાંમાં, ભળેલાંમાં પૂરાં તન્મય ખરા દિલથી,
પછીથી અર્પવા હૈયું બીજું તે લાવવું ક્યાંથી ?

ભલે ચાહો ન ચાહો છો, અમારે ચાહવાનું છે !
જીવનમાંહી ચલવવાનો ગુજારો તો અમારે તે !

હરિઃૐ

# કૃપાથી આપતા રે'જો

અમારો રાહ જુદો છે, તમારો રાહ જુદો છે,
છતાં મેળ ઉભય વચ્ચે હૃદયથી ધારવાનો છે.

તમે સંસારની રીતે, ચહો અમને ચલવવાને,
અમારે ભાવની રીતે, કૃપાથી વર્તવાનું છે.

મનન ચિંતવન હરિકેરા વિશે પરોવાઈ જીવવું છે,
હરિની પ્રેરણાથી તો, અમારે નાચવાનું છે.

અમારી રીત વર્તતાં, હૃદયનો સાથ, સહકાર
-કૃપાથી આપતા રે'જો, કદી કરશો ન પ્રતિકાર.

હરિ:ૐ

## જીવન પાનાં અમારાં તો

જીવન પાનાં અમારાં તો સ્વજન સાથે પડેલાં છે,
હવે નિભાવી લેવાની તમારે હાથ ચાવી છે.

અમારું કોઈ ઠેકાણું કશું ક્યાંયે જરા ના છે,
તમારે સાચવી લેવાતણું તે કર્મ, તમ કર છે.

શું યદ્વાતદ્વા સંપૂર્ણ બધું જે તે અમારું છે !
લગાવાતાંય ત્યાં ગોથાં પડે સમજણ ન તેવું છે.

છતાં જ્યારે પનારે જ્યાં કૃપાથી, તમ પડેલા તે
-હવે સંભાળી, સંભાળી શું લેવાના તમારે છે !

હરિઃૐ

# રસ એ જ જીવન છે

જીવન આનંદ અમૃતનો તમારી સાથ લહાવો તે
-હૃદય ભોગવવો રસથી છે, રસે તરબોળ જીવવું છે.

વિના રસ જીવવું મિથ્યા, અને રસ એ જ જીવન છે,
ખરેખર રસ પૂરો જ્યાં ત્યાં બધે પ્રસરાયેલો શો છે !

વિના રસ કોઈ પણ વિશ્વે જીવન જીવી શકે છે ના,
જીવન જીવવાના પાયામાં મૂળે સિંચાયલો રસ ત્યાં.

બધે જેમાં અને તેમાં નર્યો રસ, રસ શું નરદમ છે !
છલોછલ રસથી છલકાઈ રસામૃતથી જ જીવવું છે.

હરિઃૐ

# નિમિત્તે જે મળેલાં છે

નિમિત્તો જે મળેલાં છે સ્વજન તે સાથ જીવનને
-કૃપાથી જોડી દેવાનું સહજ ને સરળ થયેલું છે.

પરસ્પરમાં પરસ્પરથી ઊછળતા ભાવથી હૃદયે
-જીવન સંબંધમાં જીવતાં રહીએ ચેતનાત્મક તે.

હૃદયના ભાવ ઉમળકે સતત વર્ષાવી વર્ષાને
-પરસ્પરને ભીંજાવીને હૃદય મળવાનું ઝંખીએ.

જીવન આનંદ અમૃતનો ખરેખર દિવ્ય લહાવો છે,
જીવન રસહેલીમાં રસબસ થઈને મસ્ત શા જીવીએ !

હરિઃૐ

# જીવન સંબંધ કાયમ છે

તમારે ને અમારે તો જીવન સંબંધ કાયમ છે,
કદીક વત્તો, કદીક ઓછો, થતો ક્યારેક લાગે છે.

કંઈક તે કાળનો એવો જીવનક્રમ ચાલતો આવે,
પરંતુ સ્પષ્ટ સમજણ ના કશી એની પડેલી છે !

'કઈ રીતે જીવન સાથે હૃદય જોડાયેલાં છીએ'
-ન સમજણ, તે છતાં સાથે વણાયેલાં જીવનમાં તે.

જીવનમાં સંકળાયેલાં પરસ્પરનાં જ લટિયાં છે,
હૃદય સંબંધ જીવંતો ટક્યા કરજો કૃપાથી તે.

હરિઃૐ

# કૃપાથી જે મળેલાં છે

અમારે કોઈના જીવને ન નરસું, સારું કૈં જોવા
-વલણ, વૃત્તિ અને દૃષ્ટિ નથી હોતાં જ અમ તેવાં.

કૃપાથી જે મળેલાં છે હૃદયના પ્રેમ ઉમળકે
-હૃદયથી વારી વારીને અમારે ચાહવાનાં છે.

'મળેલાંએ બહુ વેળા જીવનનાં ખૂન કીધાં છે',
ન અમથું માની લીધું તે, અમે પ્રત્યક્ષ જોયું છે.

'હૃદયથી ચાહવું તેને જીવનનો ધર્મ જાણ્યો છે',
હૃદયના પ્રેમનો મર્મ હૃદય એવો જ પ્રીછ્યો છે.

હરિઃૐ

# અમારે તો સ્વજન સાથે

તમે તમને પૂરેપૂરાં ન સમજી જો શકો છો તો
-પછી ક્યાંથી સમજવાનાં અવરને તે કઈ રીત તો ?

તમારાયે જીવનમાં તો કંઈક કરતૂક એવાં છે
-શરમથી માથું ત્યાં કેવું નમાવી દેવું પડતું છે.

અમારે તો સ્વજન સાથે જીવનમાં તો બધી રીતે
-હળી મળીને, ભળી ગળીને સમાઈ ત્યાં જવા દિલ છે.

પરંતુ ઢૂંકડે પાસે ન અમને આવવા દે છે,
અરે ! ઊલટાં જ હડસેલી સ્વજન કેવાં મૂકે અમને ?

હરિઃૐ

# વિરલ કોઈક મરજીવા

શું ખાલી મશ્કરી ઠઠ્ઠા સમું જીવનને ગણતા છો ?
નકામું વેડફી મારો જીવનને હેતુ વિના તો.

મળેલી લક્ષ્મીને અમથી નિરર્થક ખર્ચી ના કો દે,
જીવન તો લક્ષ્મીથીયે છે અધિક કંઈ મૂલ્યવાળું જે.

મહામોઘામૂલું જીવન કશી ગણના જ કોઈ સાથે
-કદી પણ થઈ ન શકતી છે, મહત સદ્‌ભાગ્ય મળિયું તે.

જીવનમાં કેટલાં કેવાં છુપાયાં રત્ન મોઘાં છે !
વિરલ કોઈક મરજીવા કૃપાથી રત્ન પામે તે.

હરિઃૐ

# ખંડ - ૧૧

# હરિદર્શન

હૃદયમાં ચેન પડવાનું હૃદયનું મુક્ત સાધન જે,
હૃદયમાંહી બિરાજીને હૃદય અમૃત પીવું તે.

હરિઃૐ

# હૃદયનો પ્રેમ ખીલ્યો છે

હૃદયનો પ્રેમ પાંગરવા હરિપદ ભક્તિ સાધન છે.
સ્મરણમાં દિલ ઝુકાવીને ચરણ મન ઝંપલાવ્યું છે.

અખંડિત સ્મરણ ઝરણું જહીં વહેતું થયેલું છે,
હરિપદ ભાવના ભક્તિ સ્વયંમેળે ખીલેલી છે.

ચરણની ભક્તિથી ભાવ સકળ આધાર સ્ફુર્યો છે,
સ્ફુર્યા કરતા સતત ભાવે હૃદયનો પ્રેમ ખીલ્યો છે.

હૃદયનો પ્રેમ પાંગરીને અનંતાનંત વ્યાપે છે,
સકલ બ્રહ્માંડ એકત્વ હરિરસ જે પમાડે છે.

હરિઃૐ

## રસીલી ભવ્ય તે કથની !

સતત બસ એકની એક જ લગનની ચોટ લાગી છે,
મનાદિ મસ્ત રમમાણ, હૃદય તલ્લીન તે વિશે.

હૃદય એકાગ્રતા પળ પણ તૂટી કેમે જતી ના છે !
હરિપદ ખેલવું, કૂદવું સતત નિજ કર્મ 'રમવું' તે.

થતાં ઝાંખી, સ્મૃતિ એની નસેનસ રગરગે પ્રગટે,
અનોખો દિવ્ય આનંદ ફુવારા જેમ શો ઊછળે !

પળેપળની હૃદય મસ્તી ઊછળી ઊછળી ચઢે ભરતી,
ન જેની ઓટ ક્યાંયે છે, રસીલી ભવ્ય તે કથની !

હરિઃૐ

## हरिनी યાદગીરીમાં

હરિની યાદગીરીમાં જીવન આખું વિતાવ્યું છે,
હરિના સ્મરણનો રંગ બધા દિલ પર લગાડ્યો છે.

થતાં ઘેરો સ્મરણ રંગ મનાદિમાં ચઢેલો છે,
જીવન રંગાઈ જઈ પૂરું ભભકદાર શું ચમકે છે !

જીવનની સર્વ રોનક શી બધી બદલાઈ ગયેલી છે !
હવે રોનકનો ચમકારો નસેનસ મસ્ત ધબકે છે.

જીવનમાં માત્ર ઝળહળતો હવે હરિભાવ ઝળકે છે,
જીવનનો તેવો ઝબકારો શી વ્યાખ્યા પ્રેમની છે તે !

હરિઃૐ

# જીવન જીવવાતણો લહાવો

અભિમુખતા હરિભાવ પરત્વેની થવાકેરું
-હૃદયના પ્રેમનું કેવું ખરેખર કર્મ તે સાચું.

હૃદયના પ્રેમનો ભાવ અખંડિત ને અબાધિત છે,
જીવન ધ્યેય નિરંતરના અસ્ખલિત ભાવમાં તે છે.

જીવનમાં જ્યાં નિરંતરનો હૃદય ભાવ વહેતો છે,
હરિભાવ જીવંતો શો બને સાકાર પ્રત્યક્ષે !

જીવન આનંદ પ્રેમામૃત થકી ભરપૂર છલોછલ છે,
જીવન જીવવાતણો લહાવો ખરે ! અદ્ભુત કેવો તે !

હૃદય તે સ્થૂળ હૃદય ના તે, હૃદય ના સૂક્ષ્મ પણ તે છે,
હૃદય તો કારણાતીત, નિરાકાર સ્વરૂપનું તે.

હરિઃ ૐ

## કૃપા લીલા હરિની છે

બધે જેમાં અને તેમાં હરિરસ માત્ર ચાખે છે.
-પનોતો ભક્ત જીવનનો વિરલ કોઈક એવો છે.

વિપદ, મુશ્કેલી, આપત્તિ, દુઃખો, અડચણ, ગૂંચો, પ્રશ્નો
-હૃદયના પ્રેમવાળાને જીવનમાં આવી પડતા છો,

પરંતુ ભાવવાળાનું સતત મન ભાવમાં રહે છે,
હૃદય તે ભાવને લીધે મહત્ત્વ ના કશાનું છે.

હૃદય જો ભાવ ઝળહળતો જીવંતો ચેતનાત્મક છે,
ઉકેલાતું જતું સઘળું જીવન એવાનું કંઈ જે તે.

જરૂર સુતરું, સરળ, યોગ્ય જીવનમાં સર્વ લાગે છે,
જીવનની એવી બલિહારી કૃપા લીલા હરિની છે.

હરિઃૐ

## શું પગલાં પ્રેમનાં છે ત્યાં !

હૃદય તો પ્રેમ અમૃતનો સતત ઊછળતો દરિયો છે,
કરોડોમાંથી કોઈક તહીં ડૂબકી લગાવે છે.

ડૂબ્યાં જે તે વિશે અંતર હરિપદ રસ વિશે ડૂલ્યાં,
જીવનની આરપાર જ તે જીવનમાં મસ્ત શા મહાલ્યા !

જીવન પ્રસરાયેલું જ્યાં ત્યાં જીવન અસ્તિત્વ જ્યાં ત્યાં છે,
અનંતાનંત જીવનની બધી સરહદ મહાલ્યો છે.

જીવનનાં સર્વ પાસાંમાં, જીવનનાં સર્વ ક્ષેત્રોમાં,
જીવનની સર્વ દિશામાં, શું પગલાં પ્રેમનાં છે ત્યાં !

હરિ:ૐ

## સતત તે મસ્ત ચેતનમાં

જીવનનો ભંગ જોયો છે, જીવનને તંગ નીરખ્યું છે,
જીવનનો જંગ ખેલ્યો છે, જીવનનો રંગ મહાલ્યો છે.

જીવનના રંગની મસ્તીતણી લહેજત અનોખી જે,
રસીલો કો'ક બડભાગી હરિનો લાડલો મહાલે.

મહાસાગર ઊછળતો જે જીવનરસનો ખરેખર છે !
ચરણનો જે પરમ ભક્ત પ્રસાદી માત્ર પામે તે.

હૃદયનો પ્રેમ એવાનો જતો ઓળંગી મર્યાદા,
જીવનમાં ને જીવન પાર, સતત તે મસ્ત ચેતનમાં.

હરિઃૐ

## ભરતી-હેલી ચઢેલી છે !

હૃદયના પ્રેમની મસ્તી અવધની પાર જ્યાં પહોંચે,
મહોબતનો જ મહેરામણ જીવનમાં મસ્ત ઊછળે છે.

બધે જેમાં અને તેમાં ભર્યું ભરપૂર લાગે છે,
જીવનમાં શો મદોન્મત્ત નર્યો આનંદ ઊછળે છે !

લહર પર શી લહરિઓની ભરતી-હેલી ચઢેલી છે !
વટાવીને કિનારાને ક્યહીં ને કહીં જ સ્પર્શે છે !

હૃદય જેનું અતિશય જે જબરજસ્ત શું તરસ્યું છે !
હૃદયનો પ્રેમ તે વાતે ચહી ઝાંખી હૃદય દે છે.

હરિઃૐ

# મહોબતનો જ મહેરામણ

કશું પણ દિલ ન જાણ્યું કે 'નયન તુજ ગૂઢ અણસારે
-હૃદય આકર્ષીને ભારે બનાવ્યો ગાંડોતૂર જ છે.'

સતત બસ નીરખ્યા કરવું વળી વળીને, ચહી ચહીને,
ફરી ફરીને હૃદય ધંધો, હવે બસ એકલો શો તે !

તલપ ચાહવાતણી શી દિલ ! તલપ લાગેલ જાણે તે,
તલપની ન્યારી મતલબનાં નશો, ખુમારી જબ્બર તે.

જીવનમાં ઊછળી ઊછળીને હૃદયને તરબતર કરી દે,
મહોબતનો જ મહેરામણ ઊછળતો ઑર શો રહે છે !

હરિઃૐ

## હરિ શો વહાલ કરતો છે !

હરિ નજદીકમાં નજદીક છતાં હોવા, ન બોલાવે !
મહા અચરજ સમું એના બીજું કોઈ શું જીવન છે ?

જીવનમાં જ્યાં હરિ નિજનો કૃપાથી જો થયેલો છે,
પછીથી દિલ ઉમળકાથી, કરો કાં વહાલ ના એને ?

હરિ જ્યાં વળગતો આવે, હરિ દિલ ભેટવા આવે,
ઉછાળા મારી મારી જે, હરિ શો વહાલ કરતો છે !

હરિના વહાલની એવા કદર કો' જીવને ના છે,
છતાં કેવો હરિ પોતે ન ચાહવાનું જ ચૂકે છે !

હરિઃૐ

# હૃદય સગપણ હરિથી તો

પળેપળ દિલ હરિ જેને ખરેખર યાદ પ્રગટે છે,
હરિની યાદમાં જેને જીવન પોતાનું લાગે છે.

હરિને દિલ સર્વસ્વ સમર્પી દઈ જીવે છે જે,
હરિ તેને ગણી નિજનો કદીક અગ્નિમાં મૂકે છે.

શહૂર, હામ, ખમીર, ધીરજ ગુણો જીવંત કેવા તે !
પ્રસંગોથી જીવનની ત્યાં સ્થિતિ કેવી જણાયે છે !

પ્રસંગો આરસીરૂપ છે, હોઈએ જેમ તે રીતે
-બતાવી તેમ આપે તે, પ્રસંગો શા પ્રસાદી છે !

હરિની બોલબાલા છે, હરિનો જય બધે શો છે !
હરિના નામથી જીવન કૃપાથી તો મળેલું છે.

હૃદય સગપણ હરિથી તો થયું તેથી જીવન આ છે,
હવે કદી કાળ ભૂંસાયું ભૂંસાવાનું ન દિલથી તે !

હરિઃૐ

## હરિમાં દિલ લગાડીને

હરિ પાસે જ હોવા તે છતાં ના દિલમાં એને
-ઊંડા ઊંડા હૃદયભાવે કદી પણ ઝંખતા કો છે !

હરિ પર લાડ ને કોડ ઉમળકો જો ન જાગે છે,
વછૂટે હેત હરિ પર ના, કહેવું શું પછી તમને ?

હરિ સમ કોઈ જાદુગર બીજે જોવાય ના મળશે,
હરિને દિલ ભરી ભરીને કરી લ્યો વહાલ ઊછળતે.

હરિમાં દિલ લગાડીને, હરિમાં ભાવ પ્રેરીને,
હરિનાં દિલથી ઘેલાં થઈ, હરિમાં દિલ મહાલોને !

હરિઃૐ

## અમારો દમ શું કાઢે છે

હરિ રળિયામણો સુંદર ન જેનો ક્યાંય જોટો છે,
છટા કેવી અનોખી છે ! નયન, મુખચંદ્રની શી તે !
ખરેખર મસ્ત લટકાળો, હૃદય મન સૌ ભરી દે છે,
કરાવી મુગ્ધ દઈ દિલથી પદે ચોંટાડી રાખે છે.
પછી આકર્ષણે એના પરોવાવે મનાદિને
-હૃદયમાં લહે લગાડીને, પછી ભાગી જતો શાને ?
વખા કેવા પડાવે છે ! તમાશો વેગળો રહીને
-કરે નીરખ્યા, હસી હસીને અમારો દમ શું કાઢે છે !
અમારે કોની પાસે જઈ પછી ફરિયાદ કરવાની !
હરિને પ્રાર્થના માત્ર 'હૃદય સંતોષ તું દેજે.'
તલસતો, જે તલપતો, દિલ કહીં સુધી હૃદય અમને
-અતૃપ્ત જ રાખશે દિલમાં ! રહમ કરજે, નિગાહ કરજે.

હરિઃૐ

# થવાનું શૂન્ય તો રહે છે

હૃદય મનનો બધો દોર હરિનાં તે ચરણકમળે
-લગાડીને જ વળગાડી ફરો પછીથી જ નિશ્ચિંતે.
મધુરા માત્ર હરિના તે સ્મરણની કેવી તાકાત !
વિના અનુભવ કદી પણ જે ન આવે ખ્યાલમાં સહેજે.
લઈ લઈને સ્મરણ હરિનું કંઈ પાપી તરેલા છે,
થયેલા જે હરિભક્ત કશી ના આંચ એને છે.
હરિને સોડમાં લેવો ન હાંસીખેલ વાતો છે,
શું ખંડાવું પડે રજરજ ! થવાનું શૂન્ય તો રહે છે.
તમારા જ્યાં તમે ભાવે પૂરેપૂરા મટી જાતાં,
વળ્યા સંપૂર્ણ છો પદ જ્યાં થયા છો ત્યાં જ શા હરિના !
હરિને યાદ કરી કરીને, હરિને ચાહી ચાહીને,
સ્મરી સ્મરીને હરિ દિલથી હરિનું તત્ત્વ જાણ્યું છે.

હરિઃૐ

# हरि રાજી કરી દ્યોને

हरिने ભેટી ભેટીને હૃદયથી ભીંસી ભીંસીને,
થઈ ઓતપ્રોત દિલથી તે, हरिरसमां ભીંજાઓને !

हरिरस ના પડ્યો રેઢો, તપશ્ચર્યા, તપ, ત્યાગ
-થતાં ભક્તિ બહુ જન્મે મળે, ત્યારે हरिपाद.

हरिने ચાહી ચાહીને, हरि પર મોહી મોહીને,
हरिमां एक થઈ જઈને વ્યસન हरिनुं લગાડોને !

हरि પર વારી વારીને મનાદિને પલાળીને.
हरिने દિલ અર્પીને हरि રાજી કરી દ્યોને !

હરિઃૐ

# હરિનું સૌ મધુરું છે

હરિની ગેલ મસ્તીને નિહાળીને, નિહાળીને,
લીલા હરિના શિશુજીવનતણી શી યાદ આવે છે !

જશોદાને હરિ કેવો ઊંચાંનીચાં કરી દે છે !
હરિને બાંધી ખાંડણિયે હરિને પાઠ શીખવે છે.

હરિની બાળલીલાનો મધુરરસ તો હરિનો, જે
-હૃદયથી ભક્ત સાચાં છે, પીવા આતુર કેવાં તે !

હરિનું સૌ મધુરું છે, મધુરથીયે મધુર તે છે,
હરિની વક્રતા મધુરી શું સુંદર દિલ લાગે છે !

હરિઃૐ

## જીવન સૌરભ ખીલંતું છે

હરિની યાદગીરીથી જીવન સૌરભ ખીલંતું છે,
હરિની યાદગીરીથી જીવન ગૌરવ બઢંતું છે.

હરિની યાદગીરીથી જીવન રોનક બદલતું છે.
હરિની યાદગીરીથી જીવન મૌલિક બનતું છે.

હરિની યાદગીરીથી વલણ, વૃત્તિ અને દૃષ્ટિ
-જીવનમાં ફેરવાતાં રહે, ખૂબી શી યાદગીરીની !

હરિની યાદગીરીનો નિરંતરનો હૃદય ભાવ
-બઢંતાંમાં ખરેખર શો ઊછળતો છે હૃદયપ્રેમ !

ઊછળતા ધોધના જેવો, નદીનાં પૂરના જેવો,
હૃદયના પ્રેમનો ભાવ વહેતો રહે જીવનમાં શો !

હરિઃૐ

# ગગનને આંબી દેવું છે

ગગનને આંબી દેવું છે હરિનો છેડો પકડી શો !
હરિ વિના જીવન લૂલું પૂરેપૂરું શું લાગે છે !

ટટારી દિલ ખબરદારી હરિથી કેવી અમને છે !
હૃદય ઝાંખી દઈ પાછો શું સંતાઈ જતો તે છે !

શી દોટાદોટ તે અમને જ્યહીં ત્યહીં શું કરાવે છે !
હરિ હોવા છતાં પાસે ન જડતો કોઈ રીતે તે.

બધી મહેનત કરાવે છે હરિને દિલ સમજવાને,
સમર્થોમાં સમર્થ જ છે, હરિ જેવો ન બળિયો કો !

હરિઃૐ

# બધું ભરપૂર રસથી છે

થતાં દર્શન રસાળાં દિલ શું એકાકાર તલ્લીન છે !
વિના રસ કંઈ જ અસ્તિત્વ કશાનું દિલ ન કૈં રહે છે.

બધું ભરપૂર રસથી છે, રગેરગ રસ ભરેલો છે,
તદાકાર જ પૂરેપૂરો રસામૃત પાનથી શો તે !

જીવન સાથે વણાયેલી બધી મૂળ પ્રકૃતિ શી જે !
હૃદયનો પ્રેમ શો એને નૂતન દર્શન કરાવે છે !

હૃદયનો પ્રેમ જબ્બર શો અનંતાનંત પોતે છે !
બધાં સાથે છતાં પાછો શું એકાકી જ પોતે છે !

હરિ:ૐ

## હૃદયનો પ્રેમ મેળવતાં

બહુ મથતાં, પૂરો નાકે શું દમ આવી ગયેલો છે !
હૃદયનો પ્રેમ મેળવતાં ગગન નીચે ઉતાર્યું છે.

કદી આકાશના વિના ન બેસણું ક્યાંય એનું છે,
છતાં આકાશમાંયે તે સમાઈ ના રહેતો છે.

ખુમારી, સુરખી, ખુશબો અતુલનાત્મક રગેરગ છે,
જીવનના પ્રેમની મસ્તી અમીરી બાદશાહી છે.
(સુવાસિત ને પ્રકાશિત સૌ બનાવી પ્રેમ શો દે છે !)

રસે મઘમઘનું સંપૂર્ણ જીવનને તરબતર કેવું
-ચમત્કારિક, અદ્‌ભુત બનાવી પ્રેમ શો દે છે !

અગોચર કલ્પનાતીત, અગમ્ય, અતીત વાણીથી,
શકે ઊતરી અનુભવમાં છતાં શો પ્રેમ ભક્તિથી !

હરિઃૐ

# हरि મૂળ મોભ ઘરનો છે

हरि શો સાવ નજદીક છે ! છતાં એને ન કો નીરખે,
हरिનો પ્રેમ સહુની પર, છતાં हरिને ન કો ચાહે.

બધાંમાં શો हरि છૂપો પ્રવર્તેલો રહેલો છે !
બધું જે તે જ શક્તિથી ખરેખર એની ચાલે છે !

हरि આધાર સૌનો છે, हरि મૂળ મોભ ઘરનો છે,
છતાં એવા हरिને તો ન કંઈ ગણકારતું કો છે.

हरि વિનાનું જીવન સૌ નકામું વ્યર્થ સઘળું છે,
हरि વિનાની પળ એક જીવન જીવવું, જીવન ના તે.

હરિ:ૐ

# પરસ્પરના મિલનમાં શી

સખાનાં દિલ, હૃદય પ્રાણતણો મેળો જીવનમાં છે,
હૃદય સંબોધવામાં શો હૃદયનો પ્રાણ મલકે છે !

હૃદય જ્યારે શરૂ શરૂમાં થયું મળવાનું એને જ્યાં !
-કઈ રીતે પરસ્પરથી શું આકર્ષાઈ ગયેલા ત્યાં !

પરસ્પરના મિલનમાં શી કથા રોમાંચકારી તે !
જીવન અંતરમાં જોડાવી કરાવ્યા એક છે તેણે.

પરસ્પરના મિલન ઐક્યે સહજ આનંદ પ્રગટે જે,
સમગ્ર સર્વ જીવનને કરી કૃતકૃત્ય દે છે તે !

હરિઃૐ

# શું પળ દર્શન થતાં

મરીને જીવવું પળપળ, નૂતન અવતાર પળપળ છે,
છબી એની સહજમેળે શી બદલાતી પળેપળ છે !

ન એને કોઈ ચશ્માં છે, ન એને રીત રસમ કંઈ છે,
સ્વતંત્ર, મોજીલો, રસિયો, સ્વભાવે શો સહજ તે છે !

ઘડીક પળમાં શું સંતાઈ છુપાઈ જાય છે શો તે !
નયનમાં પ્રગટી પ્રત્યક્ષ છતો થાય નયન વળી તે !

શી પળવારતણી એની નજર રસમય કરી દે છે,
શું પળ દર્શન થતાં ! પાછાં થતાં શું બંધ પળમાં તે !

હરિઃૐ

## સતત તરતું રહે છે જે

મનન એક જ, હૃદય ચિંતવન ખરેખર તેય એક જ છે !
સતત દિલની શી લગનીમાં હૃદય રસબસ થયેલું છે !

લગનીનાં તાણ ને ખેંચે હૃદય આહ્‌લાદકારી છે,
હૃદય તલસાટની મસ્તી ખરી ભરતીની છોળે છે.

કશું પણ મોખરે ના છે, લગની બસ એકધારી છે,
નસેનસ રોમરોમે ને વળી શી પાર તેની છે !

હવે એથીય જે આગળ બધું જે તે થતું રહે છે,
છતાં તે તે નજર સામે સતત તરતું રહે છે જે.

હરિઃૐ

# હૃદય પ્રેમે નવાજે છે

શું માત્ર એકલો એક હરિ આધાર જીવનમાં,
બધું ઘનઘોર અંધારું હરિ વિના જ જીવનમાં.

હરિ એક એકલો શો જે જીવે છે ને જિવાડે છે !
બધાંનું બળ હરિમાં છે મદદગાર બધાંનો તે.

હરિના એકલામાં જો જીવન જીવવાનું દિલ જેને,
હરિ તેને હૃદયમાંથી હૃદય પ્રેમે નવાજે છે.

હરિની પર પૂરેપૂરો ભરોંસો દિલ જેને છે,
હરિ તેને જ પોતાનો કરી લઈ દિલ બક્ષે છે.

હરિઃૐ

## જીવનની ધન્યતા દિવ્ય !

જીવનનું કર્મ જુદું છે, જીવનનો ધર્મ જુદો છે,
જીવનનો મર્મ જુદો છે, જીવનનું જ્ઞાન જુદું છે.

હૃદયના પ્રેમની આગળ જીવનમાં કર્મ ને ધર્મ
-કશાં વિસાતનાં ના છે, જીવનનાં જ્ઞાન ને મર્મ.

જીવનવિકાસની સીડીતણું છેલ્લું પગથિયું જે,
હૃદયના પ્રેમકેરું તે, અનુભવથી પિછાણ્યું છે.

હૃદયનો પ્રેમ અનુભવતાં ઇતિકર્તવ્ય લાગે છે,
જીવનની ધન્યતા દિવ્ય, પછી અનુભવ શો પ્રગટે છે !

હરિ:ૐ

# હૃદયના પ્રેમની વાચા

વિના અભિમાન, આડંબર, કશા શણગાર વિનાના,
ખરે નિર્વસ્ત્ર શબ્દોનું અજબ સૌંદર્ય અદ્‌ભુત છે !

હૃદયના પ્રેમના ભાવતણી વાચા નિરાળી છે,
કદીક ત્યાં શબ્દનું કેવું ચમત્કારિક જાદુ છે !

કથેલા શબ્દની શક્તિ પૂરી પુરવાર થઈ છે જે,
કંઈક નિર્માણ જીવનનાં થયેલાં શબ્દથી શાં છે !

હૃદયના પ્રેમની વાચાતણા શબ્દો વિશે શી છે,
-અગોચર ભાવના દિવ્ય ! રસીલું કોક જાણે છે.

હરિઃૐ

## અમૃત

હ્રદયમાં ચેન પડવાનું હ્રદયનું મુક્ત સાધન જે,
હ્રદયમાંહી બિરાજીને હ્રદય અમૃત પીવું તે !

બધા આધારમાં કેવું હ્રદયકેરું અનુપમ જે
-અનોખું, મુક્ત, નોધારું અલૌકિક સ્થાન મૌલિક છે !

હ્રદયમાંહી હ્રદય પોતે હ્રદયથી ઓતપ્રોત જ જે,
જરીક અળગું થતાં કેવું હ્રદયમાં શૂળ ઊપજે છે !

હ્રદય તે તો હ્રદયમાંનો પ્રસાદ જ જે હ્રદયનો છે,
હ્રદયના પ્રેમનો લહાવો શું જીવવું એ જ અમૃત છે !

॥હરિઃ ૐ ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ

થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

## વદવું તેવું નિરર્થક છે

કહે કેટલાંક તો 'મોટા ! તમોને દિલ આપ્યું છે',
પરંતુ વાત તે સાચી ખરેખર લાગતી ના છે.

તમે જો દિલ 'મોટા'ને પૂરેપૂરું જ આપ્યું છે,
બિરાજેલો પછી મોટો તમારે દિલ ન કાં તે છે ?

અમથું અમથું નકામું તે વદવું તેવું નિરર્થક છે,
હૃદયના ભાવ વિનાનું જીવનમાં કંઈ ન ખપનું છે.

ઊછળતો ભાવ હૈયાનો નદીનાં પૂરના જેવો
-થતાં સૌ કર્મમાં જો ના, બધાં તે કર્મ ફોગટ છે.

- શ્રીમોટા

*'પ્રેમ', બીજી આ., પૃ. ૨૨૮*

કિંમત : રૂ. ૨૫/-